# શ્રાવક જૈન તો તેને કહીએ

પ.પૂ.આ. શ્રી જયઘોષસૂરિ મ.સા.



શ્રી આદિનાથ શ્વે. મુ. પૂ. જૈન સંઘ
સંચાલિત- જ્ઞાનભંડાર
કાનજીવાડી. નવસારી

પ્રસ્તુત પુસ્તક જ્ઞાનખાતાની રકમમાંથી
પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો તથા
જ્ઞાનભંડારોને અર્પણ કરવામાં આવે છે.

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

શ્રી પ્રેમ-ભુંવનભાનુસૂરીશ્વરેભ્યો નમઃ

# શ્રાવકજન તો તેને કહીએ


લેખક

પ.પૂ.વર્ધમાન તપોનિધિ સુવિશાલ ગચ્છાધિપતિ
આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજીના
પટ્ટાલંકાર ગચ્છાધિપતિ

પ.પૂ. આ.શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી

સંપાદક

મુનિરાજશ્રી સત્યકાંતવિજયજી



પ્રકાશક

દિવ્યદર્શન ટ્રસ્ટ
૩૯, કલિકુંડ સોસાયટી, મફલીપુર ચાર રસ્તા
ધોળકા - ૩૮૭૮૧૦

પ્રથમ આવૃત્તિ : પ્રકાશન : ૨૦૫૧

કિંમત
રૂ. ૧૨-૦૦

## સૌજન્ય

પ.પૂ. તપસ્વીરત્ન-પંન્યાસપ્રવરશ્રી
જયસોમ વિ. ગણિવરની પ્રેરણાથી
મફતભાઈ ભવનલાલ (વાલકેશ્વર)
રમણિકલાલ મોતીલાલ (બોરીવલી)

## પ્રાપ્તિ સ્થાન

દિવ્યદર્શન ટ્રસ્ટ
૩૬, કલિકુંડ સોસાયટી,
મફલીપુર ચાર રસ્તા,
ધોળકા - ૩૮૭૮૧૦

રસિકલાલ રતિલાલ
એલ.કે.ટ્રસ્ટ બિલ્ડીંગ,
પાંચકૂવા
અમદાવાદ - ૩૮૦૦૦૨

અરવિંદભાઈ જે. શાહ
૮૯ શેખમેમણ સ્ટ્રીટ,
૨જે માળે,
મુંબઈ - ૪૦૦૦૦૨

મુદ્રક : જીતુશાહ (અરિહંત) ૬૮૭/૧, છીપાપોળ, કાલુપુર, અમદાવાદ

# વાંચો - આગળ વધો

અનંતાનંત જીવોથી ખીચોખીચ ભરેલા સંસારમાં પૂર્વની કોઈ પ્રચંડ પુણ્યાઈએ સાંપડેલા મનુષ્યત્વની મોટાઈનાં ગુણગાન કવિઓએ - શાસ્ત્રકારોએ અરે ખુદ તીર્થંકર પરમાત્માએ પણ સ્વમુખે કર્યા છે. સઘળી ય મહાન પદવીઓ - સઘળા ય સદ્‌ગુણો અને યાવત્ સિદ્ધિગતિ સુધી પહોંચાડનારો મનુષ્યભવ મળ્યા પછી ય મોટામાં મોટી કમનસીબી એ છે કે આપણો જન્મારો એળે જાય છે - સાર્થક બનવાને બદલે વ્યર્થ જાય છે. એનું કારણ એક જ છે કે જીવનમાં વર્ષો ઉમેરાય છે જેની કોઈ કિંમત નથી. સફળતા તો ત્યારે મનાય જ્યારે વર્ષોમાં જીવન ઉમેરાતુ હોય. અર્થાત્ મનુષ્ય જેમ-જેમ મોટો થતો જાય તેમ તેમ જીવવાની કળા શીખતો જાય. તેનું જીવન પોતાને કે બીજાને ત્રાસરૂપ ન હોય, બોજારૂપ ન હોય, ગુણોથી સમૃદ્ધ નંદનવન હોય. ચિત્રગુપ્તના દરબારમાં પણ જ્યારે તેને પૂછવામાં આવે ત્યારે તેના મુખમાંથી ખુમારીમય શબ્દો નીકળે છે....

**ક્યા પૂછતે હો જિંદગી મેરી કૈસી ગુજરી।**
**સોચો ઈસ બાત પર કીતની અચ્છી ગુજરી।**
**મરા તો મેરે કો ઈસ તરહ ઊઠાયા ગયા।**
**એક શહનશાહ કી માનો સવારી ગુજરી॥**

જેમ ચાંદ વિનાની પૂનમ નકામી,
મીઠા વિનાનું ભોજન વ્યર્થ,
પ્રેમ વિનાનો સંબંધ ફોગટ,
ભાવ વિનાની ભક્તિ લૂખી,
તેમ ગુણો વિનાનું જીવન પણ જાણે પાનખર.

દુર્ગુણોના ઢેરનાં ઢેર આત્મા પર લદાયા છે. ભવોભવ તેમાં જ વૃદ્ધિ કરી છે. જ્યાં સુધી ગુણો પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ધર્મ પામવાને પણ અયોગ્ય છીએ તેથી જ ધર્મરત્ન પ્રકરણકારે શરૂઆતમાં (૨૧) ગુણો ધર્મપ્રાપ્તિની યોગ્યતાનાં બતાવ્યા. આ અક્ષુદ્રાદિ ગુણો આવે પછી ભાવશ્રાવકપણું લાવવા માટે મુખ્ય ૬ ગુણો (દરેકના અવાંતર ૪-૪) બતાવી મહાન ઉપકાર કર્યો છે.

પ્રસ્તુત પુસ્તકમા આલેખક પૂજ્યપાદ ગચ્છાધિપતિ - દાદાગુરૂદેવ આ **શ્રી જયઘોષ સૂ.મહારાજાએ** અક્ષુદ્રાદિ ૨૧ ગુણોની સુંદર છણાવટ **ચિત્તસોંદર્ય** નામના પુસ્તકમાં કરી છે ત્યાર બાદ ભાવશ્રાવકના ૬ ગુણોનું દ્રષ્ટાંતો સાથે અનુપમ વિશ્લેષણ આ પુસ્તકમાં કર્યું છે. ગુરૂદેવશ્રીની આ એક ખૂબી તો પૂજ્યશ્રીનાં ચાહકવર્ગને સુપેરે જણાઈ ગઈ હશે કે તેઓશ્રી જે વિષય હાથમાં લે છે તેના ઉંડાણમાં ગયા વગર તેના મર્મ સુધી પહોંચ્યા વિના તેઓશ્રીની કલમ અટકતી જ નથી.

આપણા સહુના પરમાર્થ માટે ચિંતનધારાને છૂટે હાથે વરસાવનારા પૂજ્યશ્રીનો ઉપકાર અસીમ છે. સાથોસાથ પૂજ્યશ્રીની ગહન લેખિનીને આપણા માટે સુવાચ્ય બનાવનાર મુનિરાજશ્રી **મહાબોધિવિજયજી** તથા પુસ્તકનું સમગ્રમેટરનું લખાણ કરી આપનાર મુનિરાજશ્રી **ઉદયદર્શન વિજયજી** પણ અભિનંદનના અધિકારી છે.

પ્રાન્તે જીવનરાહ ચિંધનાર - શ્રાવકપણાને લાવનાર પ્રસ્તુત પુસ્તકના વારંવાર વાંચનથી જીવન ગુણપુષ્પોથી મધમધતું બને.

*મુ.સત્યકાંત વિ.*

# શ્રાવકજન તો તેને કહીએ

અનંતકાળથી સંસારમાં રખડતા જીવની વર્તણુંક અને વિચારસરણી બન્ને સંસાર અનુલક્ષી હોય છે. તે જ્યારે સદ્‌આચાર અને સદ્‌વિચારના બળથી બદલાય છે ત્યારે તે આચાર અને વિચાર એ પ્રાથમિક ગુણરૂપ હોય છે, જેમ ચિત્ર દોરવા માટે જમીનની શુદ્ધિ એ પ્રાથમિક જરૂરિયાત છે તેમ ક્ષુદ્રતા વગેરે સામે અક્ષુદ્રતાના આચારો અને વિચારો તે પ્રાથમિક જરૂરિયાત છે. આવા ૨૧ ગુણો જે ભૂમિકારૂપે છે તે પ્રથમ બતાવાયા છે.

જેને આ ગુણો આવે, જે આ ગુણોમાં પ્રયત્ન અને રુચિ ધરાવે તે પછીના ૪-૫ ગુણસ્થાનકના ભાવશ્રાવકપણાને યોગ્ય બને.

અર્થાત્ આ ૨૧ ગુણો જેના વર્તન અને વિચારમાં નથી તેવા જીવો વ્યવહાર ધર્મ પામેલા હોવા છતાં સારી રીતે-સાચી રીતે-નિરતિચાર રીતે આરાધના કરી શક્તા નથી. ૨૧ ગુણોના પ્રયત્નવાળા, રુચિ અને આંશિક પ્રાપ્તિવાળા જીવો ઉપરના ગુણને યોગ્ય બને છે. આ ૨૧ ગુણો પણ ભૂમિકા ભેદથી ક્ષયોપશમભાવના તરતમભેદથી અનેક પ્રકારે છે તે અમુક પ્રમાણમાં પ્રગટ થાય ત્યારે ભાવશ્રાવકના ક્રિયાગત છ ગુણો અને ભાવગત ૧૭ ગુણો આવવા યોગ્ય બને છે અને એના દ્વારા આત્મા શ્રાવકધર્મને વિશિષ્ટ રીતે સ્પર્શે છે, આરાધે છે અને બીજાને ધર્મ પમાડે છે, પ્રવચન-જૈનશાસન હૃદયમાં અસ્થિમજ્જાભૂત કરે છે, શાસન પ્રભાવના કરે છે. પ્રભુ શાસન પામવા માટે અક્ષુદ્રતાદિ ગુણો જોઈએ

છે અને પ્રભુશાસન આરાધવા માટે આ ક્રિયાગત છ ગુણો અને એ દરેકના અનેક અવાંતર ભેદો પામવા પડે છે, જે વિસ્તારથી અત્રે સમજાવેલ છે.

હૃદયમાં જિનશાસન પ્રત્યે અવિહડ રાગ અને જિનશાસન પ્રત્યેની પ્રધાનતાથી અક્ષુદ્રતા વગેરે ગુણો વિકસિત થાય, તેના હૃદયમાં વસે.

જેના હૃદયમાં ભાવશ્રાવકના ક્રિયાગત ગુણો બતાવ્યા છે તે હોય તો શ્રાવક યોગ્ય આચાર સંગોપાંગ વ્યવસ્થિત આવવો-ટકવો શક્ય બને, નહિતર સ્વાર્થ અને મતલબ પૂરતું આચરે પછી ઊંચું મૂકી દે, જેમ બહુરૂપી નટનો સ્થાયી વેશ નટના ભજવાતા અનેક પાત્રોમાંના એકે પાત્રરૂપે નથી, તેમ ધર્મની સમજણ અને રુચિ વગરનાની સ્થાયી પ્રવૃત્તિ એકેય ધર્મની લાગણી અને ધર્મની પ્રવૃત્તિરૂપ નથી હોતી, માટે સમજદાર અને ધર્મરુચિવાળા જીવની ક્રિયા-આચારોનો આમાં સમાવેશ થાય છે. આ આચારોવાળા ધર્મની રુચિવાળા અને માર્મિક સમજણવાળા હોય છે. માર્મિક સમજણવાળા અને રુચિવાળા જે હોય તેના જીવનમાં આ આચારો આવે છે. બહુધા સહજ હોય છે.

આ પુસ્તકમાં લખેલ વાતો જે સમજે, અને યાદ રાખીને પાળે તે સમ્યક્ત્વ પણ પામે અને સાચા ભાવશ્રાવક પણ બને, માટે જેમને સમક્તિ મેળવવાની ઇચ્છા હોય અને મળેલાને ટકાવવાની અને નિર્મલ કરવાની ઉત્કંઠા હોય અને સાચા-સારા શ્રાવક બનવા આગળ વધવું હોય તેમણે અહીં બતાવેલા છ ગુણો અને

અવાંતર ભેદોને જીવનમાં અને મનમાં એકમેક કરવા પ્રયત્ન કરવો.

**કયવયકમ્મો તહ સીલવં ચ ગુણવં ચ ઉજ્જુવવહારી।**
**ગુરુસુસ્સુસો પવયણકુસલો ખલુ સાવગો ભાવે॥**
**(ધર્મરત્ન પ્રકરણ - ગાથા ૩૩)**

ભાવ શ્રાવકના મુખ્ય છ(૬) લક્ષણો છે :

(૧) કૃતવ્રતકર્મ (૨) શીલવાન (૩) ગુણવાન(૪) ઋજુવ્યવહારી (૫) ગુરુની સેવા કરનાર અને (૬) પ્રવચનકુશલ.

## કૃતવ્રતકર્મ

જે વ્રત અને વ્રતાનુસાર ક્રિયા કરતો હોય અથવા વ્રત એજ કર્મ -ક્રિયા, તેને કરતો હોય તે ભાવશ્રાવક કહેવાય. ભાવશ્રાવક વ્રતોના પાલનમાં સૂક્ષ્મ રીતે પ્રવીણ-હોંશિયાર હોય, એટલે કે વ્રતમાં લાગતા અતિચારોને ટાળીને સૂક્ષ્મભેદો સહિત વ્રતોને આચરતો હોય.

આ ગુણને પ્રાપ્ત કરવા માટે નીચેના ચાર (૪) પ્રકારોનો ક્રમિક અમલ કરવો પડે.

(i) વ્રતોને સાંભળવા જોઈએ.

(ii) વ્રતોને જાણવા જોઈએ.

(iii) વ્રતોને સ્વીકારવા જોઈએ

(iv) આચરવા જોઈએ.

(i) સાંભળવું : (અ) ગીતાર્થ - અનુભવી ગુરુભગવંતનો સમાગમ કરવો (બ) એમના આદર-બહુમાન-ભક્તિ-વિનય કરવા. (ક) વ્રતોનું પાલન કરવાની તીવ્ર ઇચ્છા કરવી, અને (ડ) વિનયપૂર્વક નીચેની વાતો એમની પાસે સાંભળવી.

(A) વ્રતોના કાર્યનું સ્વરૂપ અને તેના પ્રકારો સાંભળવા.

(B) વ્રતોના કારણનું સ્વરૂપ અને તેના પ્રકારો સાંભળવા.

(C) વ્રતોના કાર્યના નાશ કરનારા/અટકાવનારા અને વિક્ષેપ કરનારા કારણો તથા તેના ભેદ-પ્રભેદો સાંભળવા.

(D) વ્રતોના કાર્યનાશનું સ્વરૂપ તથા તેના પણ પ્રકારો સાંભળવા.

(E) વ્રતોના કાર્યનું સામાન્ય તાત્કાલિક ફળ અને પારંપરિક ફળ સાંભળવું.

(F) વ્રતોના કાર્યના નાશથી તેમજ અતિચારોથી થતા નુકસાનો-અપાયોને સાંભળવા.

(G) કાર્ય (વ્રત) સ્થિરતાના-દૃઢતાના ઉપાયો સાંભળવા, અને

(H) અવસરે લેવાતા આગાર-અપવાદ (છૂટ) અને એની જયણાઓ સાંભળવી.

એકવાર ચરમતીર્થપતિ ભગવાન મહાવીરસ્વામી પૃથ્વીતલને પાવન કરતાં રાજગૃહીનગરીના બહારના ઉદ્યાનમાં પધાર્યા. પરંતુ અર્જુનમાળીના ભયને લીધે કોઇ

નગરમાંથી બહાર નીકળતું નથી. એવા સમયે જિનપ્રવચનના શ્રવણની રૂચિવાળો સુદર્શન શ્રેષ્ઠિ માતાપિતાને નમીને પ્રભુના વચનામૃતનું પાન કરવા જવાની અનુજ્ઞા માંગે છે.

''હે પુત્ર ! તારી ઈચ્છા ઘણી ઉંચી છે, પરંતુ તું જાણે છે કે અર્જુનમાળી છ પુરુષો અને એક સ્ત્રીને જ્યાં સુધી હણતો નથી, ત્યાં સુધી તેનો ક્રોધ શાંત પડતો નથી. આજે હજુ સાત જણને હણ્યાનાં સમાચાર મળ્યા નથી. માટે તું અહીં બેઠા બેઠા જ ભાવથી વંદન કર અને પૂર્વે જે ભગવંતની વાણી સાંભળી છે તેને યાદ કર.

''હે પૂજ્ય માત-પિતા ! ત્રિલોકનાથ જ્યારે સ્વયં અહીં પધાર્યા હોય ત્યારે તેમને વંદન કર્યા વિના-તેમના દેશનામૃતનું પાન કર્યા વગર ભોજન શી રીતે કરી શકાય ? જે થવું હોય તે થશે.'' આ પ્રમાણે કહીને માતપિતાને સમજાવીને ઘરમાંથી નીકળ્યો.

જ્યાં નગરના દરવાજાની બહાર નીકળ્યાં ત્યાંજ કિકિયારી કરતો અને ગદાને ઉછાળતો ઉછાળતો અર્જુનમાળી તેની સામે ધસી આવ્યો.

સુદર્શન પણ ભૂમિનું પ્રમાર્જન કરી વ્રતનું ઉચ્ચારણ કરે છે. ચાર શરણ સ્વીકારી-પોતાના દુષ્કૃતની ગર્હા કરી-સુકૃતની અનુમોદના કરી - સર્વ જીવોને ખમાવી સાગાર પચ્ચક્ખાણ સ્વીકારે છે. જો આ ઉપસર્ગમાંથી છૂટીશ તો કાયોત્સર્ગ પારીશ. આ પ્રમાણે વિચાર કરીને કાયોત્સર્ગ કરે છે.

ગદાને ઉછાળતો ઉછાળતો યક્ષ સુદર્શન પર આક્રમણ ન કરી શકવાથી તેની સામે જ આકાશમાં અધ્ધર ઊભો રહ્યો. ક્ષણવારમાં જ તેના તેજને સહન ન કરી શકવાથી ગદાને લઈને યક્ષ પોતાના સ્થાને ચાલ્યો ગયો, અને અર્જુનમાળી ફડાક્ કરીને જમીન પર પડ્યો.

ઉપસર્ગ દૂર થયેલ જાણીને સુદર્શને કાઉસગ્ગ પાર્યો. થોડી ક્ષણો પછી મૂર્ચ્છા ઉતરી એટલે અર્જુનમાળીએ સુદર્શનને કહ્યું કે ભાઈ ! તું કોણ છે ? ક્યાં જવા નીકળ્યો છે ?

''હું શ્રાવક છું અને ગામની બહાર પ્રભુ મહાવીર પધાર્યા છે, તેમને નમસ્કાર કરવા અને તેમની ધર્મદેશના સાંભળવા જાઉં છું.'' સુદર્શને જવાબ વાળ્યો.

''હે શ્રેષ્ઠિ ! હું પણ તમારી સાથે જિનેશ્વરને વંદન કરવા અને દેશના સાંભળવા આવું છું.'' અર્જુને પણ આનંદમાં આવીને કહ્યું. પછી બન્ને જણા પ્રભુની દેશના સાંભળવા ગયા.

નિર્વેદને કરનારી પ્રભુની દેશના સાંભળી, પોતાને કૃતકૃત્ય માનતો શ્રેષ્ઠિ ઘરે આવ્યો અને વૈરાગ્યવાસિત અર્જુનમાળીએ ભગવંત પાસે દીક્ષા ગ્રહણ કરી. છઠ, અઠમ વિગેરે ઉત્કૃષ્ટ તપ કરીને-લોકોના આક્રોશ-તાડન વિગેરેને સહન કરતાં કરતાં છ મહિના વ્રતનું સુંદર પાલન કરી, અંતે ૧૫ દિવસનું અનશન સ્વીકારી કર્મો ખપાવીને મોક્ષમાં ગયો. સુદર્શન શ્રેષ્ઠિ પણ ઘણા વર્ષો સુધી શાસનની પ્રભાવના કરીને સુખનું ભાજન થયો.

આમ જિનવાણીનું શ્રવણ આત્મામાં પડેલા ગાઢ કર્મોને ખતમ કરી સુંદર ક્ષયોપશમ જાગ્રત કરે છે.

**(ii) જાણવું :** જાણવું એટલે યાદ રાખવું. (અ) પૂર્વાપર = આગળ-પાછળના સંબંધપૂર્વક વિચારવું (બ) પોતાનું સામર્થ્ય- ધૈર્ય-શારીરિક સંયોગ-બાહ્ય સંયોગ યાદ રાખીને વિચારવું. (ગ્રહણશિક્ષા) (ક) બીજાનામાં જોઈને-સાંભળીને વિચારવું (આસેવનશિક્ષા) (ડ) કયા દ્રવ્ય-ક્ષેત્રાદિમાં તે કાર્ય કઈ રીતે કરવું તે જાણવું. (ઇ) વ્રતોના અનેક પ્રકારો 'દ્વિવિધ- ત્રિવિધ વગેરે ઓળખવા, તથા તેના અતિચારોને (ભંગસ્થાનોને) જાણવા.

**(iii) સ્વીકારવું :** જાણકાર-અનુભવી સદ્ગુરુ પાસે કાર્ય કરવાનું નક્કી કરવું. પાંચની સાક્ષીએ યથાશક્તિ સ્વીકાર કરવો. વિધિપૂર્વક સ્વીકારવાથી- આજ્ઞાબહુમાનપૂર્વકની પ્રવૃત્તિથી સુંદર ક્ષયોપશમ થાય છે.

પાંચની સાક્ષી એટલે અરિહંત, સિદ્ધ, સાધુ, દેવ અને આત્માની સાક્ષી.

અરિહંત અને સિદ્ધની સાક્ષીથી (અ) વચ્ચે આવતા વિઘ્નોનો નાશ થાય છે (બ) વિઘ્નોનો પાર પામી જવાય છે. ૯ક) તેમના આશિર્વાદ (અનુગ્રહ)ની પ્રાપ્તિ થાય છે. (ડ) સત્ત્વની વૃદ્ધિ થાય છે. (ઇ) આજ્ઞાપારતંત્ર્ય અને સાધ્યનું લક્ષ્ય કેળવાતા આવે છે.

સાધુ અને દેવની સાક્ષીથી તેઓ આપણા સહાયક/રક્ષક બને છે.

આત્માની સાક્ષીથી આત્મા ભાવાનુષ્ઠાનનું કારણ બને છે.)

વ્રતોને સ્વીકારવા માટે આટલું અનિવાર્ય છે : (A) વ્રતરહિત ઉપર તથા સાતિચાર વ્રતોનું પાલન કરનારા ઉપર અનુકંપાભાવ જોઈએ. (B) વ્રતસંપન્ન ઉપર પ્રીતિ-ભક્તિનો ભાવ જોઈએ. (C) જેઓ વ્રતમાં સ્થિર હોય-દૃઢ હોય તેમના પર પ્રમોદભાવ- ભક્તિભાવ જોઈએ. (D) વ્રતોનો સ્વીકાર શુભ દ્રવ્યસહિત-શુભસ્થાને-શુભકાળે-શુભશુકનપૂર્વક કરવો.

પ્રભુ મહાવીરના આનંદાદિ શ્રાવકોએ પ્રભુની દેશના સાંભળી જે રીતે શ્રાવકધર્મોને-સૂક્ષ્મ રીતે વ્રતોને ગ્રહણ કર્યા તે રીતે યથાશક્તિ બીજાએ પણ સ્વીકારવા જોઈએ.

૧૨ વ્રતોની અંદર ૭માં ભોગોપભોગવિરમણ-વ્રતમાં તે શ્રાવકોએ સૂક્ષ્મ રીતે એક એક વસ્તુમાં કેવા કેવા નિયમો ગ્રહણ કર્યા છે, તે એકવાર તો સહુ કોઈએ વાંચી જવા જેવું છે.

**(iv) આચરવું :** આચરવું એટલે પાલન કરવું. વ્રતોનું નિરતિચાર પાલન કરવા.....

(A) સૂક્ષ્મ-સ્થૂલ અતિચારો તથા તેના કારણોનો ત્યાગ કરવો. (B) ગુરુને-કલ્યાણમિત્રને જીવન સમર્પિત કરવું અને તેમનાથી કોઈ વાત છૂપાવવી નહિ. (C) અતિચારોની નિંદા-ગર્હા-આલોચના કરવી અને પ્રાયશ્ચિતને વહન કરવું. (D) અનાભોગ અને વિસ્મૃતિનો ત્યાગ કરવો. (E) અનાદર અને

યોગદુષ્પ્રણિધાનને (મન-વચન-કાયાના અશુભ યોગો) વર્જવા. (F) વારંવાર વ્રતોનું-તેની વાડોનું, તેના અતિચારોનું- ભંગસ્થાનોનું સ્મરણ કરવું અને જીવનમાં તેને તપાસતા રહેવું. (G) જિનેશ્વર ભગવંત તથા સાધુ પ્રત્યે ભક્તિભાવ-આદરભાવ રાખવો. (H) સ્વાધ્યાયમગ્ન બનવું, (I) નિરર્થક-બાધક- પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો. (J) ઉપસર્ગો (ભારે વિઘ્નો) આવે તો પણ વ્રતમાં નિશ્ચલ મનથી અડગ રહેવું.

ઉજ્જૈની નગરીની અંદર દેવગુપ્ત નામનો બ્રાહ્મણ રહેતો હતો. નંદા નામની તેની પત્ની હતી. જન્મથી અનેક રોગોથી પીડાતો એક પુત્ર હતો. તેનું નામ પાડે તે પહેલાં જ ''રોગી''એ નામથી લોકોમાં પ્રસિદ્ધ થયો. માત-પિતાએ ઘણા ઉપચારો કરાવ્યા છતાં થોડો પણ ફરક પડ્યો નહિ.

એકવાર એક મુનિ તેના ઘરે ભિક્ષા લેવા પધાર્યા. ભક્તિપૂર્વક ભક્ત-પાન વહોરાવ્યા પછી પુત્રને મુનિના ચરણકમલમાં નમસ્કાર કરાવીને હાથ જોડીને દેવગુપ્ત બોલ્યો કે હે જ્ઞાની પુરૂષ ! મારી પર કરૂણા કરીને આ બાળકના રોગો શાંત થાય તેવો ઉપાય બતાવો.

આ બધું જાણતા હોવા છતાં મુનિએ ''કોઇને બતાવવું-કહેવું નહિ એવી અમારા જિનેશ્વરોની આજ્ઞા છે.'' આટલું કહીને મુનિ ચાલ્યા ગયા, પરંતુ બ્રાહ્મણને વિશ્વાસ બેસી ગયો કે હવે ઉપાય મળશે તો આમની પાસેથી જ પ્રાપ્ત થશે. તે વિશ્વાસના આધારે પુત્રને સાથે લઇને મુનિ જે ઉદ્યાનમાં ઉતર્યા હતાં ત્યાં પહોંચ્યો.

નમસ્કાર કરીને ફરીથી રોગની શાંતિનો ઉપાય પૂછ્યો. કરૂણાસાગર મુનિ બોલ્યા, ''હે બ્રાહ્મણ ! જીવને જે કોઇ રોગ- દુઃખ આવે છે તે તેના પૂર્વજન્મના અશુભ પાપકર્મોના ઉદયે આવે છે. તે પાપકર્મોને તોડવાનો એક જ ઉપાય છે કે ધર્મ કરો. અગ્નિથી બળતા ઘરને શાંત કરવા પાણીનો પ્રવાહ જ કામ લાગે છે. સારી રીતે આરાધાયેલ ધર્મથી સકલ દુઃખોનો નાશ થાય છે, અને પરભવમાં પણ તે દુઃખો આવતાં નથી.'' મુનિના આ ઉપદેશને સાંભળી બોધ પામેલ પિતા-પુત્ર બન્ને જણાએ ગૃહસ્થ ધર્મને ગ્રહણ કર્યો.

ધર્મને સ્વીકાર્યા બાદ બ્રાહ્મણપુત્ર ઉત્તરોત્તર ધર્મમાં વિશેષ પ્રકારે દૃઢ થયો. સમતા રાખીનો રોગોને સહન કરે છે. મનથી પણ સાવદ્ય ચિકિત્સાને ઇચ્છતો નથી.

એકવાર ઇન્દ્રે પોતાની સભામાં દૃઢધર્મી એવા બ્રાહ્મણપુત્રની પ્રશંસા કરી. બધા દેવ-દેવીઓએ વાતને સહર્ષ સ્વીકારી લીધી અને તેની પ્રશંસા કરવા લાગ્યા.

પરંતુ ઇન્દ્રની વાતને સાચી ન માનતાં બે દેવો વિદ્યાધરનું રૂપ કરીને તેના ઘરે આવીને તેના સ્વજનોની આગળ બોલ્યા કે અમે આ બાળકના રોગોને નાબૂદ કરી, સાજો કરી દઈએ.

તેના સ્વજનોએ જ્યારે ઔષધ વિષે પૂછ્યું ત્યારે તેમણે કહ્યું કે પ્રથમ પ્રહરમાં મધનો અવલેહ-છેલ્લા પહોરમાં જૂના દારૂનું પાન કરવું તથા રાત્રે માંસ જોડે માખણયુક્ત ભાત ખાવા.

ત્યારે વ્રતભંગભીરૂ બ્રાહ્મણપુત્ર બોલ્યો કે એમાંથી એકેય વસ્તુ હું કરીશ નહિ. શાસ્ત્રમાં કહ્યું છે કે, 'મધ-માંસ- દારૂ તથા છાશમાંથી કાઢેલ માખણની અંદર તેના જેવા જ વર્ણવાળા સૂક્ષ્મ જંતુઓ ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. માટે મરણાંતે પણ આ વસ્તુઓનું સેવન કરીશ નહિ.

વૈદ્યો તે બાળકને સમજાવતાં બોલ્યા કે હે ભદ્ર ! આ શરીર ધર્મનું સાધન છે. તેથી તેનું રક્ષણ પ્રથમ કરવું જોઈએ. કોઈપણ પ્રકારે તેને સારૂં-સાજું કરીને જે પ્રાયશ્ચિત આવે તે પાછળથી લઈ લેવું. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે સર્વત્ર સંયમનું રક્ષણ કરવું જોઈએ. પરંતુ સંયમમાં બાધ આવતો હોય અને આત્મબાધા પણ થતી હોય તેમાં તો આત્માનું જ રક્ષણ કરવું અને પાછળથી પ્રાયશ્ચિત ગ્રહણ કરવાથી શુદ્ધિ થઈ જાય છે.

ત્યારે તે બાળકે કહ્યું કે વિશુદ્ધિ જો પાછળથી પણ કરવાની હોય તો જે વિશુદ્ધિ છે તેને એક વાર બગાડીને ફરી વાર કરવા બેસવું એટલે હાથને કાદવમાં ખરડીને પછી ધોવા બેસવા જેવું છે. તેવું કયો બુદ્ધિમાન માણસ કરે ?

ત્યારબાદ તેના સ્વજનોએ યાવત રાજાએ પણ તેને ઔષધ લેવા ઘણું સમજાવ્યો પરંતુ તે જ્યારે જરા પણ ઢીલો ન પડ્યો ત્યારે દેવોએ પોતાનું સાચું રૂપ પ્રગટ કર્યું અને ઈન્દ્રે કરેલી પ્રશંસા જણાવીને તેને નિરોગી કરીને પોતાના સ્થાને ચાલ્યા ગયા. ત્યારથી તેનું 'આરોગ્યદ્વિજ' નામ લોકોમાં પ્રસિદ્ધ થયું. આ રીતે ઘણા

વર્ષો સુધી નિરતિચાર વ્રતોનું પાલન કરીને તે સુખનું ભાજન થયો.

આ બ્રાહ્મણની જેમ મરણાંત કષ્ટમાં પણ અડગ રીતે વ્રતનું પાલન સ્વ-પર ઉભયને ઉપકારક બને છે.

## શીલવાન :

શીલ એટલે સદાચાર/બ્રહ્મચર્યવ્રત. આ ગુણને મેળવવા નીચેની ૬ (છ) શરતોનો અમલ કરવો જોઈએ.

(i) આયતન-સંયમપોષક સ્થાનમાં રહેવું. (અનાયતન સ્થાનનો ત્યાગ કરવો.

(ii) વિના કારણે બીજાના ઘરે ન જવું.

(iii) ઉદ્‌ભટવેષનો કાયમ માટે ત્યાગ કરવો.

(iv) વિકારયુક્ત વચનો ન બોલવા.

(v) બાળક્રીડાનો ત્યાગ કરવો.

(vi) મધુર વ્યવહારથી કાર્ય કરવું.

**(i) આયતનસ્થાનમાં રહેવું :** આયતનસ્થાન એટલે તે તે ગુણોને પ્રાપ્ત કરવા માટે/વધારવા માટે/સ્થિર કરવા માટે જરૂરી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ વગેરે સામગ્રીઓ મેળવી તેમાં રહેવું અને તેનો ગુણવૃદ્ધિ માટે ઉપયોગ કરવો. આથી વિરુદ્ધ અનાયત સ્થાનોને છોડી દેવા.

**અપવાદ :** આયતનસ્થાન ન પ્રાપ્ત થાય ત્યારે આત્મવીર્ય અને વિવેકથી ગુણોનો અભ્યાસ કરવો. અનાયતન સ્થાન ન છૂટે તેવા વિષમ સંજોગોમાં ઉદાસીન રહેવું. કર્મની પરાધીનતા વિચારવી. આત્મબળથી ગુણોને કેળવવા.

આયતન ૪ પ્રકારના છે. (અ) સ્થાન આયતન (બ) રૂપ આયતન (ક) ભાષા આયતન અને (ડ) સંસર્ગ આયતન.

(અ) **સ્થાન આયતન :** (A) સમાન કે અધિક ગુણોવાળા પુણ્યાત્માઓના સ્થાનમાં રહેવું. (B) એક આસન પર વિજાતીય સાથે ન બેસવું. (C) વિજાતીયથી ૩॥ હાથ દૂર રહેવું, સજાતીયથી ૦॥ થી ૧ હાથ દૂર રહેવું. (શરીરની ઉષ્ણતા ચિત્તવિકૃત્તિમાં કારણ છે.) (D) બને ત્યાં સુધી એક પુસ્તક રાખીને બે જણે સાથે બેસીને અભ્યાસ ન કરવો. વાતચીત માટે પણ અતિનજીક ન બેસવું. (E) જે સ્થાનમાં જે ગુણના આરાધકો હોય તેઓએ તે ગુણથી વિપરીત આચરનારાઓ જોડે, એક રૂમમાં ન રહેવું, એક મકાનમાં ન રહેવું, અને એક કમ્પાઉન્ડમાં પણ ન રહેવું.

(બ) **રૂપ આયતન :** જેને જ્યાં જે ગુણ આચરવાનો છે તેની દ્રષ્ટિમાં તે ગુણ આચરનારા સતત રહ્યા કરે તે રૂપ આયતન કહેવાય. તેથી વિપરીત આચરણ દેખાય તો પરિણામહ્રાસ થાય, તેથી તે રૂપ અનાયતન કહેવાય.

આપણા સહવર્તીની ચર્યાને/મિત્રની ચર્યાને સામાન્યથી જોવી, ઝીણવટથી જોવી અને વારંવાર જોવી. જો એ રૂપ આયતન હશે તો ગુણરૂપ બનશે. અનાયતન હશે તો દોષરૂપ બનશે.

(ક) **ભાષા આયતન :** ભાષા=શબ્દ, આભૂષણના શબ્દ સામાન્યથી ગુણબાધક છે. વાજિંત્રના અવાજ સાધુ

માટે સામાન્યથી બાધક છે. તે સિવાય સદ્ભાવજનક અને અસદ્ભાવજનક બીજા પણ એવા જ બાધક છે.

જે શબ્દ-જે વ્યક્તિનો પરિચય શબ્દ દ્વારા આપણા ગુણના ભાવને વધારે, સ્થિર કરે, ન હોય તો ઉત્પન્ન કરે, ઉપબૃંહણ કરે તેવા ધર્મદેશના- સ્વાધ્યાય- પ્રેરણા-આત્મગર્હા વગેરે આયતન છે. આથી વિપરીત જે આપણા ગુણના ભાવો ઘટાડે-નાશ કરે- રાગદ્વેષ મોહના ભાવો જગાડે-પોષે તે વ્યક્તિ અને તેના શબ્દો વગેરે અનાયતન કહેવાય.

(ડ) **સંસર્ગઆયતન :** ઉપરોક્ત ત્રણે પ્રકારના આયતનોનો સંબંધ જેનામાં હોય તેવા સાધુ- સજ્જન- સદાચારીનો સંસર્ગ તે આયતન બને. દુર્જન-અસદાચારી-દંભીનો સંસર્ગ અનાયતન બને. માટે સાધુના મકાનમાં મુમુક્ષુ સિવાય ગૃહસ્થપુરુષો પણ ન રહે, કારણ કે તેઓ પણ અનાયતન છે. તો સ્ત્રી તો સુતરાં અનાયતન છે.

બ્રહ્મચર્યની વાડોનું પાલન કરવા માટે આ આયતનોનું સેવન અતિજરૂરી છે.

(A) સ્ત્રીની વસતીમાં ન રહેવું તે સ્થાન/રૂપ/શબ્દ આયતન છે.

(B) સ્ત્રીની કથા કે સ્ત્રી સાથે વાતોચીતો ન કરવી તે શબ્દ આયતન છે.

(C) સ્ત્રી બેઠી હોય ત્યાં ન બેસવું તે સ્થાન આયતન છે.

(D) સ્ત્રીની ઈન્દ્રિયો/અંગોપાંગનું અવલોકન ન કરવું તે રૂપ આયતન છે.

(E) ભીંતના આંતરે ઉભા રહીને સ્ત્રીની વાતો ન સાંભળવી તે સ્થાન/શબ્દ આયતન છે.

(F) પૂર્વે કરેલી ક્રીડાઓને યાદ ન કરવી તે સ્થાન/રૂપ/શબ્દ આયતન છે.

(G) લચબચ ભાવતાં ભોજન તથા

(H) અતિમાત્રાએ ભોજન

આ બે સ્થાન/રૂપ/શબ્દ અનાયતનની પૂર્વભૂમિકા છે, ચત્ત વિપ્લવનું કારણ છે, માટે તેનો ત્યાગ કરવો.

(I) વિભૂષાનો ત્યાગ કરવો તે સ્થાન/રૂપ/શબ્દ આયતન છે.

(J) માન/પૂજાની ઇચ્છા ન કરવી તે રૂપ/શબ્દ આયતન છે.

તે તે વ્રતના પરિણામમાં જે જે ચિત્તવિપ્લવના કારણો હોય તેનો ત્યાગ કરવો જેમ કે ક્ષમાગુણના પરિણામ ટકાવી રાખવા હોય તો (A) કટુક શબ્દો ન બોલવા. (B) અસભ્ય વ્યવહાર ન કરવો. (C) વિચાર્યા વગર ન બોલવું. (D) સામાના વિપરીત શબ્દોથી વિચાર્યા વગર ઉશ્કેરાટમાં ન આવવું. (E) અવિચારી/ઉતાવળીયા/ અસભ્ય વર્તનવાળા દંભી/માની વગેરે જોડે સમજ્યા વગર વ્યવહાર ન કરવો/ન વધારવો. (F) સામી વ્યક્તિની સ્થિતિ/પરિવાર/ સ્વભાવને બરાબર જાણવો. (G) બીજા માટે અતિઆગ્રહ/ અતિઅપેક્ષા/ અતિસ્નેહ/ અતિમોહનો ત્યાગ કરવો. ક્યારેક બીજા સાથે જો વાંકુ પડે તો આ ચાર ક્રોધના કારણ બને છે. (H) ક્રોધથી થતા ઉભયલોકના નુકસાનોથી ભાવિત બનવું. (I) ક્ષમાથી

થતા લાભોની વિચારણાથી ભાવિત બનવું. (J) ક્ષમા અને ક્રોધનિગ્રહનું પ્રણિધાન કરવું, વારંવાર પ્રણિધાન કરવું. (K) ક્ષમા અને ક્રોધના વિપાકને વારંવાર વિચારવા.

આ બધા આયતન સ્થાનો છે, તેને આચરવા અને આથી વિપરીત અનાયતન સ્થાનોનો ત્યાગ કરવો. જ્યાં સુધી અસંગ અવસ્થા અને જિનકલ્પીપણું ન આવે ત્યાં સુધી બધાએ તે તે ગુણો માટે તે ગુણો માટે તેના આયતન સ્થાનોનું સેવન ચાલુ જ રાખવું.

કુબેર વડે રચાયેલી દ્વારિકા નગરીની બહાર ઉદ્યાનમાં ભવ્યજીવો પર ઉપકાર કરતાં કરતાં પ્રભુ નેમનાથ ભગવાન પધાર્યા. કૃષ્ણ વાસુદેવ સહિત બધા જ નગરના લોકો પ્રભુને વંદન કરવા ચાલ્યા.

તે વખતે બાલ્યકાળમાં જ થાવચ્ચા નામના જેના પિતા પરલોક સિધાવ્યા છે અને શોકથી ગ્રસ્ત માતાએ જેનું નામ ન પાડવાથી થાવચ્ચાપુત્ર તરીકે જે લોકોમાં પ્રસિદ્ધિને પામેલ છે તે કુમાર પોતાના પ્રતિહારીને લોકોનું ગામ બહાર જવાનું કારણ પૂછે છે.

"હે કુમાર ! નગરીની બહાર ત્રિલોકનાથ પરમાત્મા નેમિનાથ પધાર્યા છે તેમને નમસ્કાર કરવા માટે લોકો જાય છે." પ્રતિહારીએ જવાબ આપ્યો.

થાવચ્ચાપુત્ર પણ રથમાં બેસીને ભગવાન પાસે જઇને ભગવંતને વંદન કરી ધર્મદિશનાનું શ્રવણ કરવા બેઠો. સંવેગકારિણી દેશનાને અંતે થાવચ્ચાપુત્રે ઉઠીને-હાથજોડી પ્રભુને વિનંતી કરી કે હે ભગવાન !

માતાને પૂછીને તમારી પાસે સંયમ ગ્રહણ કરવાને હું ઇચ્છું છું.

ત્યારબાદ ઘરે જઇને માતાને સમજાવી તેની પાસેથી અનુજ્ઞા મેળવી.

માતા કૃષ્ણ પાસે જઇને દીક્ષા મહોત્સવ માટે સાજ વિગેરે માંગે છે. ત્યારે કૃષ્ણ આનંદિત થઇને પોતે જ તેનો મહોત્સવ કરવા તૈયાર થાય છે.

થાવચ્ચાને ઘરે આવીને કૃષ્ણે પુત્રની બધી રીતે પરીક્ષા કરી. તેનો નિર્ણય પાકો જાણીને આખી નગરીમાં ઘોષણા કરાવી કે ' જેને થાવચ્ચાપુત્રની સાથે દીક્ષા ગ્રહણ કરવાની ભાવના હોય તેનાં કુટુંબના ભરણ-પોષણની જવાબદારી રાજા લેશે.''

થાવચ્ચાપુત્રે મોટા ઉત્સવપૂર્વક ૧૦૦૦ની સાથે પરમાત્મા પાસે દિક્ષા અંગીકાર કરી. ક્રમે કરીને ચૌદપૂર્વને ધારણ કરનાર થયા. પ્રભુએ ૧૦૦૦ જણા તેના પરિવાર તરીકે આપ્યા. તે બધા સાધુઓની સાથે મહિમંડલ ઉપર ભવ્યજીવોને જિનધર્મમાં સ્થાપન કરતાં કરતાં શેલકનગરની અંદર પાંચસો મંત્રી સહિત શેલક રાજાને શ્રાવકધર્મી કર્યો.

ત્યાર પછી ગ્રામાનુગ્રામ વિચરતાં એકવાર સૌગંધિક નગરીની અંદર પધાર્યા.

તે નગરમાં સાંખ્યતત્ત્વને જાણનાર શુકપરિવ્રાજકનો ભક્ત શ્રેષ્ઠિ સુદર્શન રહેતો હતો. તે પણ લોકોની સાથે કુતુહલથી થાવચ્ચાપુત્રને વંદન કરવા ગયો.

"હે ભવ્યજીવો ! ભવ્યપદને જો તમે ઇચ્છતા હો તો સદા આયતનનું સેવન કરો. તેના સેવનથી ગુણો વધે છે અને દોષોનો નાશ થાય છે. પંચાચારથી યુક્ત એવા સાધુ ભગવંતો આયતન છે."

"હે ભગવંત ! આપના ધર્મનું મૂળ શું છે ?" સુદર્શને દેશના વચ્ચે પ્રશ્ન કર્યો.

"સુદર્શન શ્રેષ્ઠિ ! અમારો ધર્મ વિનય મૂલવાળો છે. તે અગારીવિનય અને સાધુવિનય એમ બે પ્રકારે છે. અગારીવિનયમાં બારવ્રતો અને સાધુવિનયમાં પાંચ મહાવ્રતો ભગવાને બતાવ્યા છે. સુદર્શન ! પ્રાણિહિંસાથીયુક્ત શૌચમૂલવાળો તમારો ધર્મ શી રીતે સ્વર્ગ-અપવર્ગને આપનાર થાય ? લોહીથી ખરડાયેલ વસ્ત્ર શું લોહીથી કોઈ દિવસ શુદ્ધ થાય ખરૂં ?

આ પ્રમાણે યુક્તિયુક્ત વચનો સાંભળીને સુદર્શન શ્રેષ્ઠિ બોધ પામ્યો અને થાવચ્ચાપુત્ર આચાર્ય પાસે સમ્યકત્વપૂર્વક બાર વ્રત ગ્રહણ કર્યા.

આ બાજુ શુકપરિવ્રાજકને ખબર પડવાથી તેને ફરીથી શૌચમૂલ ધર્મમાં સ્થાપન કરવા માટે તે સૌગંધિક નગરીમાં તેનાં ઘરે આવે છે.

સુદર્શન શ્રેષ્ઠિ આને અનાયતન જાણીને તેની સામે જોતો નથી, ઊભો પણ થતો નથી. ત્યારે શુકપરિવ્રાજક બોલ્યો કે હે ભક્ત ! તને આ બધું ખોટું ખોટું કોણે ભરમાવ્યું છે ? તે ધૂતારા પાસે મને લઈ જા, હું તેની પરીક્ષા કરીશ.

સુદર્શન શ્રેષ્ઠિ પરિવ્રાજકને થાવચ્ચાપુત્રાચાર્ય પાસે લઇ ગયો. ત્યાં બન્ને વચ્ચે ચર્ચાઓ થઇ. અંતે પરિવ્રાજક પ્રતિબોધ પામ્યો અને પોતાના ૧૦૦૦ શિષ્યો સાથે દિક્ષાને સ્વીકારી.

આ પ્રમાણે સુદર્શન શેઠ આયતન સેવા અને અનાયતન ત્યાગ કરવાથી માર્ગમાં સ્થિર થયા અને સ્વ-પર ઉપકારક બન્યા.

**(ii) વિના કારણે બીજાને ઘરે ન જવું :**

ખાસ મહત્ત્વના કાર્ય સિવાય તેમ જ કાળાન્તરે પણ જે થઇ શક્તા હોય તેવા કાર્ય માટે પરઘરમાં અકાળે ન જવું, એકલા ન જવું.

પોતાના રહેવાના સ્થાન સિવાયના બીજા સ્થાન એ જેમ વર્જ્ય છે તેમ જાહેરસ્થાનો સિવાયના એકાંત સ્થળો-હોટલ વગેરેમાં પણ ન જવાય, ઉપરાંત બીજા ઘરના વિજાતીય સ્ત્રી/છોકરીઓ સાથે હરવું-ફરવું તેમજ નાટક/સિનેમા જોવા, અનેકની સાથે જવું એ પણ વર્જ્ય સમજવું.

**અકાળે બીજાના ઘરે જવાથી**

(A) શીલનાશ થાય,

(B) અપયશ મળે,

(C) આળ ચડે,

(D) પોતાનો કે સામાનો ચિત્તવિક્ષોભ થાય.

આ જ રીતે પોતાના ઘરે કારણ વગર અકાળે/એકલા બીજાને પ્રવેશ આપવાથી ઉપરના દોષો થવાની

સંભાવના છે. બીજાનું ઘર જેમ અનાયતન છે, તેમ પોતાનું ઘર પણ અનાયતન થાય.

વિનયપુર નગરમાં વસુ નામનો શ્રેષ્ઠિ વસતો હતી. ભદ્રા નામની તેની પ્રિયતમા હતી. ધનમિત્ર નામનો પુત્ર થયો.

૮-૧૦ વર્ષની જ્યાં ઉંમર થઇ ત્યાં માતા-પિતા બન્ને પરલોક સિધાવ્યા. ધન પણ બધું નષ્ટ થઇ ગયું. ગમે તેમ કરીને બાલ્યકાળ-કિશોરાવસ્થા પાર કરીને યૌવનાવસ્થામાં આવીને ઊભો રહ્યો. પરંતુ નિર્ધન છે, એમ વિચારી કોઇ તેને કન્યા આપતું નથી.

ધન કમાવા નગરમાંથી નીકળ્યો. માર્ગમાં કેશુડાના ઝાડની છેક જમીનને અડતી એક ડાળીને જોઇને પૂર્વે ભણેલ ખનનવાદને યાદ કર્યો. તેના આધારે વૃક્ષની નીચે ઘણું ધન હોવાનો નિશ્ચય કરી - નમો ધનદાય - નમો ધનપાલાય બોલીને તે જમીનને ખોદી. પરંતુ અપુણ્યથી અંગારાથી ભરેલ કલશને જુએ છે. પરંતુ અનિર્વેદ-ઉત્સાહ એ ધનનું મૂળ છે, એમ વિચારી આગળ ઘણી પૃથ્વી ખોદી, છતાં એક કોડી પણ ન મળી.

ત્યાર પછી ધાતુવાદને શીખ્યો, તેમાં પણ કષ્ટ સિવાય કંઇ ન મળ્યું. ત્યાર પછી જલમાર્ગે વ્યાપાર, સ્થલમાર્ગે વ્યાપાર, રાજાદિની સેવા વગેરે બધી રીતે ભાગ્ય અજમાવી જોયું છતાં પરિશ્રમ વિના તેનાં ભાગ્યમાં કંઇ લખ્યું જ નહોતું.

આ પ્રમાણે વિવિધ પ્રકારનાં કાર્યો કરતો કરતો દેશ પરદેશ રખડે છે. એવામાં એકવાર ગુણસાગર કેવલીનો ભેટો થાય છે. વંદન કરીને સામે હાથ જોડીને બેસે છે.

કેવલી ભગવંત તેને યોગ્ય જાણીને દેશના આપે છે. ''હે મહાનુભાવ ! ધર્મથી ધનસમૃદ્ધિ પ્રાપ્ત થાય, ધર્મથી ઉત્તમ કુળમાં જન્મ મળે છે, ધર્મથી દીર્ઘ આયુષ્ય-આરોગ્ય- કીર્તિ પ્રાપ્ત થાય છે, માટે મનુષ્ય જન્મ પામીને ધર્મનું સુંદર આરાધન કરવું જોઇએ.''

''હે પ્રભુ ! આપ પોતાના જ્ઞાનમાં મારું બધું દુઃખ જાણો છો, તો કૃપા કરીને મને જણાવો કે આ દુઃખો મળવાનું કારણ શું ? મારા જીવે પૂર્વભવમાં એવું કયું પાપ કર્મ કર્યું હતું કે જેના કારણે એક પછી એક દુઃખો આવતાં જ જાય છે.''

''આ જ ભરતક્ષેત્રમાં વિજયપુરનગરમાં ગંગદત્ત નામનો કૌટુંબિક રહેતો હતો. મગધા નામની તેની પત્ની હતી. ધર્મનું નામ પણ તે જાણતો ન'તો. બીજો ધર્મ કરતો હોય તો તેને અનેક પ્રકારનાં વિઘ્નો કરે. કોઇનો ઉત્કર્ષ પણ સહન ન કરી શકે.

એક દિવસ સુંદર શ્રાવક તેને મુનિભગવંત પાસે લઇ ગયો. મુનિએ ધર્મદેશના આપી. ગંગદત્તે કેટલાક અભિગ્રહો ભાવથી ગ્રહણ કર્યા તો કેટલાક દાક્ષિણ્યથી લીધા. ઘરે આવીને તે અભિગ્રહોનું પાલન સારી રીતે કરવા લાગ્યો. પરંતુ કાલાંતરે પ્રમાદને પરવશ થઇ કેટલાક અભિગ્રહો ભાંગી નાખ્યા, તો કેટલાકને અતિચાર લગાડ્યા. માત્ર એક ચૈત્યવંદનના અભિગ્રહને

તેણે અતિચાર લગાડ્યો નહિ. ત્યાંથી કાળ કરીને તું અહીં જન્મ પામ્યો. પૂર્વે કરેલા દુષ્કર્મોથી આવી અવસ્થાને પામ્યો. પરંતુ જે ચૈત્યવંદનનો અભિગ્રહ પાળ્યો હતો, તેનાથી અમારૂં દર્શન થયું.''

કેવલી ભગવંતે વિસ્તૃત રીતે પૂર્વભવ કહી સંભળાવ્યો. પોતાનો પૂર્વભવ સાંભળીને પ્રતિબોધ પામેલ ધનમિત્રે શ્રાવક ધર્મને સ્વીકાર્યો.

ગુરુ ભગવંતને વંદન કરી ગામમાં જઇને કોઇ શ્રાવકના ઘરે આશ્રય લીધો. સૂર્યોદય વખતે ઉદ્યાનમાંથી તાજા- સુગંધી- ખીલેલા પુષ્પો લાવીને ગૃહમંદિરમાં રહેલ પ્રભુની પૂજા કરે છે. બીજા પ્રહરમાં નીતિથી વ્યાપાર કરે છે, જેનાથી ભોજન પુરતું તેને પ્રાપ્ત થઇ જાય છે.

આ પ્રમાણે જેમ જેમ ધર્મમાં સ્થિર થતો ગયો તેમ તેમ ધન વૃદ્ધિ પામ્યા લાગ્યું. પોતાનું અલગ ઘર લઇને રહ્યો. કોઇક શ્રેષ્ટિની કન્યા સાથે લગ્ન કર્યા. બન્ને જણા ધર્મમાં વિશેષ પ્રકારે દૃઢ-સ્થિર થયા.

એકદા તે ગોકુળની અંદર ગોળ-તલ વગેરેને વેચવા માટે ગયો. તે વખતે મેખર નામના ભરવાડને મોટા મોટા તામ્રકળશો બહાર ફેંકી દેતા જોયો.

''આ બધું તમે કેમ ફેંકી દો છો ?'' ધનમિત્રે પૂછ્યું.

''ફેંકી ન દે તો શું કરે ? આપણા ઘરમાં જે કલશો છે તેમાં સોનામહોરો પડી છે. જરૂર પડે તેનો ઉપયોગ કરેજો.'' આ પ્રમાણે અમારા પિતા કહેતા હતા. અત્યાર સુધી અમે વિશ્વાસમાં રહ્યા, પરંતુ હમણા જરૂર પડી ત્યારે ખોલીને જોયું તો અંદર કોલસા જોયા.'' મેખર બોલ્યો.

''હે ભદ્ર ! તમારા પિતાએ તમને ઠગ્યા નથી. આ સોનામહોરો જ છે.''

'તુ મત્ત થઈ ગયો લાગે છે કે ધતૂરો પીધો લાગે છે. આંખ સામે ચોખ્ખા કોલસા દેખાય છે ને અમને સોનામહોર કહે છે? અથવા જવા દે ચર્ચાને, તું મને આના બદલામાં ગોળ-તલ વગેરે આપીને આ લઈ જા.'' મેખરે કહ્યું.

પોતાના ગાડામાં નાંખીને શ્રેષ્ઠિ તે કલશને ઘરે લાવ્યો. ગણતરી કરી તો ત્રીસ હજાર સોનામહોરો થઈ. બીજું પણ નીતિથી ઘણું ધન મેળવ્યું.

એકવાર તે જ નગરમાં રહેતાં સુમિત્ર શ્રેષ્ઠિનાં ઘરે એકલો મળવા ગયો. તે વખતે શ્રેષ્ઠિ રત્નાવલી હાર તૈયાર કરતો હતો. કોઈ કામ યાદ આવવાથી શ્રેષ્ઠિ ઘરમાં અંદર ગયો. કાર્ય પતાવીને જ્યાં બહાર આવીને જુએ છે તો રત્નાવલી દેખાતી નથી. એટલે ધનમિત્રે જ ચોરી છે, એમ વિચારી તેને પૂછે છે કે તારા અને મારા સિવાય અહીં કોઇ હતું જ નહિ. માટે ગલ્લાતલ્લા કર્યા સિવાય મારો હાર આપી દે, નહીં તો હું રાજા પાસે જઇને ફરિયાદ કરું છું....

મેં હાર લીધો નથી, મને કાંઇ ખબર નથી. છતાં તારે જે કરવું હોય તે તું કરી શકે છે. એમ કહીને ઘર તરફ જતાં વિચારે છે કે આ કારણે જ પરમાત્માએ શ્રાવકને બીજાનાં ઘરે જવાની ના કહી છે. તેનાથી થતાં કલંક વગેરે દોષોનો હું અત્યારે સાક્ષાત અનુભવ કરી રહ્યો છું.

સુમિત્રે જઇને રાજાને વાત કરી. રાજાને પણ વાત માનવામાં નથી આવતી. છતાં ધનમિત્રને બોલાવીને સત્ય હકીકત પૂછે છે.

''હે દેવ ! મેં હારની ચોરી કરી નથી. કોણ લઇ ગયો તેની ખબર નથી. હું આ કલંકને–આળને સહન કરી શકતો નથી. આપ કહો તે દિવ્ય પરીક્ષા કરું'' ધનમિત્રે જવાબ આપ્યો.

રાજાએ તેને દિવસ આપ્યો. પરીક્ષાને દિવસે સવારે વહેલા ઉઠી, સ્નાન વગેરે કરી, પરમાત્માની અષ્ટપ્રકારી પૂજા કરી. સમ્યગ્દૃષ્ટિદેવોનો કાઉસ્સગ્ગ કરીને લોકોથી પરિવરેલો ધનમિત્ર દિવ્યસ્થાનમાં આવ્યો. જ્યાં તે ગરમ કરેલ સગડીને ગ્રહણ કરે છે તેટલામાં જ સુમિત્રના ખોળામાંથી રત્નાવલી હાર ઉછળીને પડે છે.

રાજા વગેરે બધા આશ્ચર્ય પામીને સુમિત્રને પૂછે છે, પરંતુ તે કંઇ જવાબ આપી શક્તો નથી. ત્યારે ધનમિત્રને નિર્દોષ જાહેર કરીને સન્માનપૂર્વક તેને ઘરે પહોંચાડ્યો.

આ બાજુ પૃથ્વીતલને પાવન કરતાં કરતાં ગુણસાગર કેવલી ત્યાં પધાર્યા. રાજા વગેરેએ જઇને ધર્મદેશના સાંભળી. દેશના પછી કેટલાય દિવસોથી ઘોળાતો પ્રશ્ન રાજાએ પૂછ્યો. તેના પ્રત્યુત્તરમાં કેવળી ભગવંતે પૂર્વભવનો સંદર્ભ આપતાં જણાવ્યું -

વિજયપુર નગરમાં ગંગદત્ત નામે કૌટુંબિક રહેતો હતો. તેને માયાવી મગધા નામની પત્ની હતી. એક વખત કોઇક શ્રેષ્ઠિની સંવાસિતા નામની સ્ત્રીના ઘરે જઇને તેણે લાખ રૂ.ના મૂલ્યવાળું રત્ન ચોર્યું.

જ્યારે સંવાસિતાએ માગ્યું ત્યારે આપવાને બદલે જેમતેમ બોલવા લાગી. ગંગદત્તે પણ પત્નીનો પક્ષ લઇ સંવાસિતાને કડવા વચનો કહ્યા.

રત્નના વિયોગથી સંવાસિતાએ તાપસવ્રત ગ્રહણ કર્યુ અને મરીને વ્યંતર થઇ.

મગધાનો જીવ પણ કાલાંતરે મરીને આ સુમિત્ર શ્રેષ્ઠિ થયો અને ગંગદત્ત તે તું પોતે.

અવધિજ્ઞાનથી પોતાનો પૂર્વભવ જોઇને ગુસ્સે થયેલ વ્યંતરે સુમિત્રના ત્રણ પુત્રોને મારી નાંખ્યા અને આળનું વેર લેવા તેણે જ રત્નાવલી હાર લીધો હતો.

પરંતુ સમ્યગ્દૃષ્ટિ દેવોએ તેની પાસેથી તે હાર લઇ સુમિત્રના ખોળામાં નાંખ્યો... કેવલી ભગવંતે વિસ્તૃત રીતે પૂર્વભવ કહી સંભળાવ્યો. હજુ પણ વ્યંતરનો જીવ સુમિત્રની બધી સંપત્તિ તથા આ હાર લઇ લેશે. સુમિત્ર પણ આર્ત-રૌદ્ર ધ્યાનમાં મરીને સંસારમાં રખડશે.

આ પ્રમાણે દેશના સાંભળી રાજા તથા ધનમિત્રે પોતાના મોટા પુત્રને ગૃહનો ભાર સોંપી દીક્ષા ગ્રહણ કરી, ચારિત્રનું સુંદર પાલન કરી, કર્મ ખપાવી સિદ્ધિ સુખને પ્રાપ્ત કર્યું.

આમ અકાળે બીજાના ગૃહે એકલા જવાથી ધનમિત્રને આળ ચડ્યું. માટે બીજાના ગૃહે એકલા ન જવું અને આપણા ઘરમાં બીજાને એકલા પ્રવેશ ન આપવો.

**(ii) ઉદ્ભટવેશનો ત્યાગ કરવો :**

(ઉદ્ભટવેશ શીલનાશક છે. તેમ જ સ્વ-પરને વિકાર ઉત્પન્ન કરનાર છે. માટે ઉદ્ભટ તેમજ અનુચિત વેશનો ત્યાગ કરવો જોઇએ.

(A) વૃદ્ધપુરુષ યુવાનના કપડા પહેરે, યુવાન બાળકના કપડા પહેરે તે વયને અનુચિત ગણાય.

(B) ઉનાળામાં શિયાળાના, શિયાળામાં ચોમાસાને યોગ્ય વસ્ત્ર પહેરે તે કાળ અનુચિત ગણાય.

(C) સામાન્ય પ્રસંગોમાં વિશિષ્ટ વસ્ત્રો, શુભ પ્રસંગોમાં શોકસૂચક વસ્ત્રો પહેરે તે અવસર અનુચિત ગણાય.

(D) આજુબાજુમાં દુઃખી-દરિદ્રી રહેતા હોય ત્યાં ભપકાથી રહે, લૂંટારું હોય ત્યાં આભૂષણો પહેરે તો તે ક્ષેત્ર અનુચિત ગણાય.

(E) અતિ ચુસ્ત કપડા પહેરવા, વાળ-નખને વધારવા, ખુલ્લા વાળ રાખવા, સ્ત્રીઓએ માથે ન ઓઢવું, મોટી ઉંમરે પણ ટુંકા કપડા પહેરવા, છોકરીઓએ ઢીંચણથી પણ ટુંકા કપડા પહેરવા, વગર કારણે ગોગલ્સ પહેરવા, દેશકાળને અનનુરૂપ પહેરવેશ પહેરવો તે ઉદ્ભટવેશ ગણાય.

આનાથી વિકારભાવ, બીજાને મશ્કરીનો અવસર, ગૌરવહાનિ, બીજાને કંજુસ-દરિદ્રપણાની બુદ્ધિ તથા ગંભીરતા આદિ ગુણોનો અભાવ વગેરે નુકસાનો થાય છે. વેશ પણ વિચારોના પરિવર્તનમાં કારણ બને છે, એ ન ભૂલવું જોઇએ.)

તામ્રલીપ્તિ નગરમાં રતિસાર નામે ધનાઢ્ય શ્રેષ્ઠિ રહેતો હતો. તેને રૂપ-લાવણ્ય ગુણોથી યુક્ત બંધુમતી નામની પુત્રી હતી. તે હંમેશા ઉદ્ભટ કપડા-અલંકાર વિગેરે પહેરીને ફર્યા કરતી.

એકવાર રતિસાર શ્રેષ્ઠિએ તેને બોલાવીને કહ્યું કે પુત્રી ! કુળ-દેશને વિરુદ્ધ વેષ જો રાજા પહેરે તો તેને પણ તે શોભા આપનાર થતો નથી. કહ્યું છે કે **અતિરાગ-અતિદ્વેષ-અતિહાસ્ય, દુર્જનો સાથે સંસર્ગ તથા ઉદ્ભટવેશ - આ પાંચે વસ્તુઓ મહાન વ્યક્તિને પણ લઘુતા અપાવે છે.** આવા બીજા ઘણા મીઠા વચનોથી તેને સમજાવી પરંતુ તેને કોઈ અસર ન થઇ.

કાલાંતરે ભરૂચનગરવાસી વિમલશ્રેષ્ટિનો પુત્ર બંધુદત્ત તામ્રલીપ્તિ નગરીમાં આવીને બંધુમતીને પરણ્યો. તેને ત્યાં જ મૂકીને ભાઈઓનીસાથે બંધુદત્ત સમુદ્ર માર્ગે ચાલ્યો. જ્યાં મધ્ય ભાગમાં આવ્યો ત્યાં જ અશુભ કર્મના ઉદયે પ્રતિકૂળ પવન લહેરાયો. થોડી જ ક્ષણોની અંદર ધન-ધાન્યથી પૂર્ણ તેનું વહાણ તૂટ્યું. કોઇ ભાગ્યયોગે તેનાં હાથમાં લાકડાનું પાટીયું આવ્યું. તેના સહારે સમુદ્રના કિનારે પહોંચ્યો. થોડો આગળ જઇને દિશાનું અવલોકન કરે છે ત્યારે પોતાના સસરાનું જ નગર દેખાયું. કોઈ માણસ મારફત પોતાના સસરાને સમાચાર કહેવડાવ્યા. પોતે માર્ગના શ્રમથી કોઇક જુના દેવકુલમાં સૂઇ ગયો.

આ બાજુ વિવિધ પ્રકાર કપડા-અલંકારયુક્ત બંધુમતીને લઇને શ્રેષ્ઠિ તેની પાસે જતાં હતાં ત્યાં રસ્તામાં જ કોઇ ચોરે આવીને રત્નના અલંકારોથી યુક્ત બંધુમતીના

બન્ને હાથ કાપીને લઈને ભાગ્યો. સૈનિકો પાછળ પડતાં કોટવાલનાં ભયથી જ્યાં બંધુદત્ત સૂતો હતો ત્યાં આવીને બન્ને હાથને મૂકી ભાગી છૂટ્યો.

આરક્ષકોએ આવીને આ જ ચોર છે તેમ જાણી તેને ફાંસીને માંચડે ચઢાવી દીધો.

પુત્રીના દુઃખથી ઘેરાયેલ રતિસાર શ્રેષ્ઠિ જ્યાં જમાઈ પાસે આવે છે ત્યાં તેને ફાંસીથી ભેદાયેલ જોઈ વધારે દુઃખી થયો. ઘરે આવી તેનું મરણકાર્ય કર્યું.

આમ ઉદ્ભટવેશે બે જણનો ભોગ લીધો. માટે તેનો ત્યાગ કરવો.

**(iv) વિકારયુક્ત વચનો ન બોલવા :**

જેનાથી મોહ જાગે, કામવાસના ભડકી ઉઠે, હાસ્યાદિ થાય, રાગ-દ્વેષ જન્મે, વ્યામોહ થાય, અવિવેક-અપ્રશાંતતા જન્મે, અવિનય, ક્રોધાન્ધતા, માન, માયાદિ થાય તેને વિકાર કહેવાય.

આવા વિકૃત ભાવપૂર્વક તેમજ બીજાને આવા વિકૃત ભાવો ઉત્પન્ન થાય તેવા વચનો ભાવશ્રાવક ન બોલે.

એ જ રીતે એવી ક્રિયાઓ/લખાણ/સંકેતો ન કરે - ન કરાવે કે જેથી પોતાને કે બીજાને આવા વિકૃત ભાવો ઉત્પન્ન થાય/તેમાં વૃદ્ધિ થાય અને તે ટકી રહે.

વિકૃત ભાષણ વગેરે કરવાથી -

(A) આત્માના સંવેગ, નિર્વેદ, વૈરાગ્ય, ક્ષમા, ગંભીરતા, સમતા, વિનય, વિવેક વ. ગુણોનો હ્રાસ થાય છે.

(B) દુર્ગુણો પોષાય છે.

(C) શુભ ભાવનું લક્ષ્ય મંદ થાય છે.

(D) દુર્ગુણોભર્યું વર્તન સહજ થાય છે. દુર્ગુણોમાં જ રસ પડે છે અને તેનું જ લક્ષ્ય બંધાય છે.

(E) અશુભ સંસ્કારો વધે છે અને શુભ સંસ્કારો નાશ પામે છે.

(F) ધર્મની હાનિ થાય છે, પાપનો બંધ થાય છે, સમ્યક્ત્વની અને વ્રતોની મલિનતા થાય છે.

(G) ધર્મીજનોમાં આપણે ગૌણ બનીએ છીએ.

(H) પાપી આત્માઓને આપણું વર્તન જોઇને કર્તવ્યબુદ્ધિ જાગે છે - સ્થિર થાય છે. અને અસદ્વર્તનમાં તેમની પ્રવૃત્તિ થાય છે.

વિકૃત ભાષણ છોડવાથી -

(A) આત્માને ગુણાભ્યાસનો સમય મળે છે.

(B) નવા નવા ગુણોની પ્રાપ્તિ થાય છે.

(C) પ્રાપ્ત ગુણો સ્થિર થાય છે, નિર્મળ થાય છે, સિદ્ધ થાય છે.

(D) ઉપરના ગુણોની યોગ્યતા ઊભી થાય છે.

(E) સંસાર તેમજ દોષોની અસારતાનું/નિર્ગુણપણાનું સંવેદન થાય છે.

(F) સંવેગ-વૈરાગ્ય-નિર્વેદની દૃઢતા થાય છે.

(G) ધર્મભાવની વૃદ્ધિ થાય છે.

(H) પોતે ધર્મમાં પ્રવર્તતો હોવાથી બીજાને પાપમાં પાપબુદ્ધિ જન્મે છે.

(I) શિષ્ટ પુરુષોમાં પોતાનું ગૌરવ થાય.

(J) પાપી આત્માઓ પણ ધર્મી તરીકે ગૌરવ કરે.

(K) પાપ જુગુપ્સા થાય, પાપબંધ અટકે, પાપસ્થાન અને પાપભાવનો ત્યાગ થાય.

(L) અશુભ સંસ્કાર ઘસાય-નાશ પામે.

(M) શુભ સંસ્કાર જન્મે, વધે, સ્થિર થાય.

(N) તેથી દેવલોક વગેરેમાં સમ્યકત્વ સહેલાઈથી પળાય.

**દેવનિર્મિત** અયોધ્યા નગરીમાં ધર્માનુરાગી જયચંદ્ર રાજા રાજ્ય કરતો હતો. પ્રિયદર્શના પ્રિયતમા સાથે વિષયસુખોને ભોગવતાં ચંદ્ર નામના પુણ્યશાળી પુત્રરત્નનો જન્મ થયો.

તે જ નગરમાં શ્યેન પુરોહિતનો કૂતુહલ- શ્રૃંગારપ્રિય મિત્રસેન નામનો પુત્ર હતો. બાલ્યકાળથી જ ચંદ્ર અને મિત્રસેન વચ્ચે ગાઢ મિત્રતા બંધાયેલી.

એક વાર નગરના ઉદ્યાનમાં યુગંધરાચાર્ય પધાર્યા. લોકોની સાથે રાજા-પુત્ર-મિત્ર પણ વંદન કરવા ગયા. વૈરાગ્યવાહિની દેશના સાંભળીને પ્રતિબુદ્ધ થયેલ જયચંદ્ર રાજાએ આચાર્ય-ભગવંત પાસે સંયમગ્રહણ કર્યું. રાજપુત્ર તથા મિત્રસેને પણ શ્રાવક ધર્મને અંગીકાર કર્યો.

આચાર્યભગવંતને વંદન કરી ચંદ્રરાજા મિત્રસહિત પોતાના સ્થાને ગયો. આચાર્યભગવંતે પણ અન્યત્ર વિહાર કર્યો.

એકવાર મિત્રસેન રાજાને એકાંતમાં બોલાવીને કહે છે, ''મિત્ર ! તને એક જાદુ બતાવું.'' આમ કહી તેણે જોરથી શિયાળનો અવાજ કર્યો, જેનાથી નગરીની બહાર

રહેલા શિયાળીયાઓએ પણ અવાજ ક્યો. પછી કુકડાનો અવાજ એવો કર્યો કે સવાર થઇ એમ સમજીને લોકો જાગી ગયા. તથા એવા એવા કામોત્તેજક વચનો બોલવા લાગ્યો કે દૃઢ શિયલવાળો પણ કામાભિલાષુક થઇ જાય.

"હે મિત્ર ! આવું કરીને પોતાના વ્રતમાં અતિચાર ન લગાડ. શીલવાન માણસોને આવા વિકારી વચનો બોલવા યોગ્ય નથી." રાજાએ કહેવા છતાં કૂતુહલપ્રિય હોવાથી જ્યારે તેણે આ આચરણ ન છોડ્યું એટલે રાજાએ તેની ઉપેક્ષા કરી.

એકદા જેના પતિ પરદેશ ગયા છે એવી સ્ત્રીઓની આગળ કામોત્તેજક વચનો બોલવા લાગ્યો ત્યારે તે સ્ત્રીના દિયરોએ આવીને તેને મજબૂત દોરડાથી બાંધી દીધો.

કોઇ માણસે જઇને રાજાને બધી વાત જણાવી. રાજાએ આવી તેને બંધનમાંથી છોડાવ્યો અને તેને કહ્યું કે 'મિત્ર ! હજુ તો તે વ્રતના અતિચારનું પુષ્પ મેળવ્યું છે. આનું ફળ તો તને પરભવમાં મળશે. હવે દેવ-ગુરુ-ધર્મને યાદ કર. પોતાના દુષ્કૃતોની ગર્હા કર.'

'બંધનોથી અત્યંત પીડિત થયેલ હમણાં હું કઇ કરી શકું એમ નથી. તું આનો ઉપચાર કરાવ.' આ પ્રમાણે બોલતો મિત્રસેન મરીને વિંધ્યાચલની અંદર હાથી થયો. પછી ઘણા ભવ રખડીને મોક્ષમાં જશે.

રાજાએ પણ વ્રતના અતિચારનું સાક્ષાત ફળ જોઇને વૈરાગ્યવાસિત થઇને ચારિત્ર લીધું અને મોક્ષમાં ગયો. માટે બોલનાર અને સાંભળનાર બન્નેમાં વિકાર ઉત્પન્ન કરનારા વિકારી વચનો કદાપિ બોલવા નહિ.

### (v) બાળક્રીડાનો ત્યાગ કરવો :

બાળક્રીડા એટલે નિરર્થક ચેષ્ટા. તેનો ત્યાગ કરવો.

(A) બાળકની જેમ હાથમાં જે વસ્તુ આવે તેનાથી રમ્યા કરવું, ફાવે તેમ વસ્તુને ખેંચવી, તોડવી, ફોડવી, ઘસડવી, ફેંકવી, વસ્તુને હાથમાં કે જમીન ઉપર ફેરવ્યા કરવી.

(B) બાળક જેમ કોઈપણ પ્રવૃત્તિમાં અત્યંત સ્થિર ન હોય તેમ કોઈપણ પ્રવૃત્તિમાં સ્થિર ન બનવું.

(C) નાદાન બાળકની જેમ તુચ્છ કાર્યોને મહત્ત્વ આપવું.

(D) ઠઠ્ઠા-મશ્કરી-ગમ્મત-ફિજુલવાતો-નિરર્થક મિત્રતા- ઘડીઘડીમાં હર્ષ-શોક-કરવા.

(E) બાળક જેમ નાની નાની વાતોમાં બીજાની સાથે ઝઘડે, મારામારી કરે, રડે, દીન બને, હસે તેમ નાના-નાના પ્રસંગોમાં આવા તુચ્છભાવો ધારણ કરે.

આ બધી બાળક્રીડા છે, જે તત્ત્વચિન્તન વગેરે પ્રવૃત્તિમાં બાધક છે. આવી બાળચેષ્ટા કરનારાઓને ગંભીરતા/ ઉદારતા/ સમતા - વિવેક વગેરે ગુણોની પ્રાપ્તિ થતી નથી. દુનિયામાં પણ આબરૂ- માન વગેરે મળતા નથી. સજ્જનોમાં તેઓનું ગૌરવ જળવાતું નથી તથા ગુણની યોગ્યતા અને અધિક અધિક ગુણોની તેઓને પ્રાપ્તિ થતી નથી. માટે બાળક્રીડાનો ત્યાગ કરવો જોઈએ.

રાજગૃહી નગરમાં ધનાઢ્ય ગૃપ્તિમતિ શ્રેષ્ઠિ રહેતો હતો. તેને ન્યાયી ધર્મપરાયણ ઋષભદત્ત નામનો જ્યેષ્ઠ

પુત્ર અને જુગારના વ્યસનવાળો જિનદાસ નામનો નાનો પુત્ર હતો. કાલાંતરે પિતા પરલોક સિધાવ્યા.

ઋષભદત્તે એકવાર નાનાભાઈને એકાંતમાં બોલાવીને કહ્યું, ''ભાઇ ! ઘણા ચીકણા કર્મોને બંધાવનાર-અનર્થદંડભૂત- કુળને કલંક લગાડનાર-ધનનો નાશ કરનાર-દુર્ગતિના પથ જેવા આ જુગારથી પાછો ફર. નકામો તારા આ ભવને અને પરલોકને શા માટે બગાડે છે ? આ ભવમાં પણ વધ-કારાવાસ વગેરે દુઃખોને પ્રાપ્ત કરીશ અને પરલોકમાં દુર્ગતિમાં રખડવાનું આવશે. માટે ડાહ્યો થઈને આ પાપકાર્ય બંધ કરી દે.''

આ પ્રમાણે બે-ચાર વાર સૌમ્ય વચનોથી તેને સમજાવ્યો, છતાં ન સમજ્યો ત્યારે ઋષભદત્તે સગા-સંબંધીઓની સમક્ષ તેની સાથેનો સંબંધ તોડી નાખ્યો. ઘરમાં પ્રવેશ કરવાનો પણ નિષેધ કરી દીધો .

જિનદાસને તો હવે રોક-ટોક કરનાર કોઈ રહ્યું નહિ. એટલે આખો દિવસ આ જ કામ. ક્યાંક ખાઇ લેવું-સૂઇ જવું અને જુગાર રમ્યા કરવો.

એકવાર જુગાર રમતાં રમતાં સામેના જુગારી સાથે ઝગડો થયો. શબ્દનો ઝગડો મારામારી સુધી પહોંચ્યો. બીજા જુગારીએ ગુસ્સામાં આવીને જિનદાસને છરી વડે હણ્યો અને ભાગી ગયો.

''જિનદાસ ભિખારીની જેમ જમીન પર આળોટવા લાગ્યો. કોઈ તેની સામું પણ જોતું નથી. ત્યારે સ્વજનોએ આવીને ઋષભદત્તને બધી હકીકત જણાવી.

''ગમે તેમ તોય મારો ભાઈ છે. આવા અવસરે મારે તેની સંભાળ લેવીં જોઈએ.'' આમ વિચારી તે જિનદાસ પાસે પહોંચ્યો.

''ભાઈ ! મારા આ અપરાધની ક્ષમા કર. ઔષધ-ઉપચાર કરવા રહેવા દે. હું ઘડી-બે ઘડીનો મહેમાન છું. મને પરલોકનું ભાથું આપ.'' જિનદાસ ગદગદ અવાજે બોલ્યો.

''વત્સ ! સર્વ જીવોને ખમાવ, કોઇના પ્રત્યે મનમાં દ્વેષ રાખતો નહિ. અરિહંતાદિનું શરણ સ્વીકાર. પોતાના પાપોની નિંદા કર. બધી જગ્યાએથી મનને ઉઠાવી નમસ્કાર મહાંત્રમાં તેને પરોવ. બધું જ વોસિરાવીને અનશન સ્વીકાર.''

આ રીતે ઋષભદત્તના કથન પ્રમાણે જિનદાસ સમાધિથી કાળ કરીને જંબુદ્વિપનો અધિપતિ અનાઢિક દેવ થયો.

આમ બાલિશજન યોગ્ય ક્રીડા કરવાથી જિનદાસે કુટુંબ ખોયું, ધન ખોયું, ધર્મ ખોયો અને છેવટે જાન પણ ખોયો. માટે અનર્થદંડભૂત એવી ક્રીડા ન કરવી.

**(vi) મધુર વ્યવહારથી કાર્ય કરવું :**

ભાવશ્રાવકે સર્વ કાર્યો ઔચિત્ય અને ન્યાયપૂર્વક કરવા. બીજાને લગતાં તમામ કાર્યો મીઠા સંબંધો જળવાઈ રહે એ રીતે અને યુક્તિપૂર્વક કરવા.

ન્યાય-નીતિથી જો યોગ્ય કાર્યો કરવામાં આવે તો તે વિશ્વાસ યોગ્ય-પ્રામાણિક બને. સૌમ્ય અને મધુર

વ્યવહારથી કામ કરવું એટલે સામ-દામથી બીજાને અનુકૂળ કરીને કામ કરવું.

મધુરનીતિથી કામ કરનારનું

(A) વચન આદેય (ગ્રાહ્ય) બને છે.

(B) લોકોમાં તેની પ્રશંસા થાય છે.

(C) કામમાં સહાય કરનારા તેમજ કામ કરનારાની પ્રસન્નતામાં નિમિત્ત બને છે.

(D) લોક પણ સાનુકૂળ બને છે.

**પ્રશ્ન :** શીલવાનમાં આ વાત કેમ આવી ?

**ઉત્તર :** શીલવાન - સદાચારી બની રહેવા માટે મીઠાશથી કામ કરવું જરૂરી છે. તેમ કરવાથી આવેશ, આવેશની પ્રવૃત્તિ, ગુસ્સાખોરીપણું, રૂઆબ વગેરે શીલવિરોધી અસદાચાર ન આવે. પોતાનો આશ્રિત વર્ગ પણ શીલવાન/આચારસંપન્ન બને તથા પોતાના શીલપાલન આચારમાં બીજાઓ સહાયક બને. (જ્યાં અનિવાર્ય કડકાઈની/કઠોરતાની જરૂર હોય ત્યાં આ વાત ન સમજવી.)

સામાન્યથી ભાવશ્રાવકના દરેક વ્યવહાર મધુરનીતિથી ઓતપ્રોત હોય. તેથી પોતે શાન્ત રહે, બીજાને શાન્ત રાખે, શાન્ત પાડે. આમ કરવાથી પોતાના કે બીજાના આવેશથી બગડતું કાર્ય અટકે. કદાગ્રહ કે અણસમજણની પકકડ ઉશ્કેરાટથી/ આવેશથી અટકતી નથી, પરન્તુ વધે છે. જ્યારે મીઠાશથી સમજાવવામાં આવે તો ઉકેલ પણ આવે. મધુરતાથી પોતાને અને

બીજાને ઉત્સાહથી કાર્ય કરવાનું મન થાય. જેથી કાર્ય સુંદર અને મજબુત થાય છે.

મીઠાશથી કામ કરાવવું એટલે જે કામ આપણે સામા પાસે કરાવવું છે તે એના હૃદયમાં વસે, એના લાભ એને સમજાય, પ્રેમથી પણ એ કામ કરવા તૈયાર થાય, રસપૂર્વક કામ કરે, કામમાં નિષ્ણાત બને, એ કામ એના માટે સાહજિક થઈ જાય એ માટે પ્રેમ અને વાત્સલ્યપૂર્વક એની પ્રતિકૂળતાને દૂર કરી તેને અનુકૂળ વાતાવરણ કરી આપવું. જો તે આળસુ કે બેદરકાર હોય તો તેની આળસ અને બેદરકારી કાઢવા માટે મીઠાશપૂર્વકના કડક ઉપાય લેવા. (ઠંડા ઉપાયથી ન ચાલે તો ગરમ નીતિ ક્યારેક ગુણ બને છે, અને ઠંડી નીતિ ક્યારેક દોષ બને છે.)

મધુરનીતિ એ ગુણ છે, અને તીખી નીતિ એ દોષ છે. શાસ્ત્રોમાં આચાર્યોને ભીમ તથા કાંત કહ્યા છે. ભીમ એટલે ગરમ નીતિ અને કાંત એટલે ઠંડી નીતિ.

રાજગૃહી નગરીમાં મહાશતક નામે ધનાઢ્ય શ્રેષ્ઠિ રહેતો હતો. એકદા ત્યાં પ્રભુ વીર ગુણશીલ ચૈત્યમાં પધાર્યા. લોકોની સાથે મહાશતક પણ વંદન કરવા ચાલ્યો.

ત્રિભુવન ગુરુને વંદન કરી પોતાને યોગ્ય સ્થાને બેસી પ્રભુદેશનાનું શ્રવણ કર્યું. દેશનાને અંતે ગૃહસ્થધર્મનો સ્વીકાર કરી ઘેર આવ્યો.

તેની પાપી પત્ની રેવતીએ વિષયમાં અતિલુબ્ધ થઈ પોતાની બાર શોક્યોમાંથી છને શસ્ત્રના પ્રયોગથી અને

છને વિષ આપીને મારી નાંખી. તેઓનું ધન વગેરે લઇને મદ્ય-માંસની અંદર ગૃદ્ધ થઇને રહી છે.

મહાશતકે ૧૪ વર્ષ સુધી વ્રતોનું સુંદર પાલન કર્યું. પોતાના મોટા પુત્રને ઘરનો કારભાર સોંપી પૌષધશાળામાં રહ્યો. ક્રમે કરીને ૧૧ પ્રતિમાઓને વહન કરી. મદ્યપાનથી મત્ત થઇને રેવતી પૌષધશાળામાં આવીને અનુકૂળ-પ્રતિકૂળ ઉપસર્ગ કરે છે. પરંતુ તે મહાત્મા સમતા રાખીને સહન કરે છે.

પોતાનો અંતિમ સમય નજીક જાણીને મહાશતકે અનશન સ્વીકાર્યું. એક દિવસ શુભધ્યાનમાં આગળ વધતા તેને લવણસમુદ્રમાં ઉત્તર દિશાને છોડીને હજાર-હજાર યોજનનું, ઉત્તર દિશામાં હિમવંત પર્વત સુધીનું, અધોલોકમાં રત્નપ્રભા પૃથ્વીમાં લોલુક નામના પાથડા સુધીનું અવધિજ્ઞાન ઉત્પન્ન થયું.

એક દિવસ મદ્યપાનથી મત્ત થઇને રેવતી ઉપસર્ગ કરવા લાગી ત્યારે મહાશતકે અવધિજ્ઞાનથી તેનું બધું જ નરકગામી વગેરે ચરિત્ર જાણ્યું. કંઇક ગુસ્સે થઇને બોલ્યો, ''હે પાપી ! નિર્લજ્જ ! ક્યાં સુધી પાપના પોટલાં બાંધ્યા કરીશ. સાત દિવસ પછી તારૂં મૃત્યુ છે. મરીને સીધી તું લોલુક નરકાવાસની અંદર ઉત્પન્ન થવાની છે.

મહાશતકને ગુસ્સે થયેલ જાણીને મરણથી ગભરાયેલ રેવતી ઘરમાં જતી રહી.

આ બાજુ તે વખતે રાજગૃહની બહાર ચરમતીર્થપતિ મહાવીરદેવ પધાર્યા. પ્રભુએ ગૌતમસ્વામીને બોલાવીને કહ્યું કે મારા વચનથી મહાશતકને જઇને કહે કે ''ઉત્તમ

ગુણવાળા શ્રાવકને બીજાને પીડા-ઉદ્વેગ થાય તેવા કર્કશ વચનો બોલવા યોગ્ય નથી.'' માટે આનું તું પ્રાયશ્ચિત ગ્રહણ કર.''

ગૌતમસ્વામીએ પણ તેનાં ઘરે આવી પ્રભુનો આદેશ કહ્યો. મહાશતકે પણ તેનું પ્રાયશ્ચિત ગ્રહણ કર્યું. ૨૯ ઉપવાસથી સમાધિથી કાળ કરીને સૌધર્મ દેવલોકમાં અરૂણાભ વિમાનમાં ચાર પલ્યોપમના આયુષ્યવાળો દેવ થયો. ત્યાંથી ચ્યવી મહાવિદેહમાં જન્મ લઇ ચારિત્ર ગ્રહણ કરી કર્મોનો નાશ કરી, મોક્ષને પ્રાપ્ત કરશે.

સત્ય પણ કડવું ન બોલાય. સામાના હૃદયને આઘાત પહોંચે, તેનું જીવન ઝેર કરી નાખે તેવી વાણી સત્ય હોવા છતાં અસત્ય કરતાં વધુ ભયાનક છે. માટે ઉગ્રતાના કાળમાં મૌન રહેવું, પણ આક્રોશવાળું વચન કદાપિ ન બોલવું. આવું વચન ક્યારેક બીજાની હિંસામાં પણ પરિણમી શકે છે.

## ગુણવાન

ગુણો ઘણા છે. એ ગુણોને મેળવવા ભાવશ્રાવકે નીચેના પાંચ ગુણોને પહેલા પ્રાપ્ત કરવા જોઈએ.

(i) સ્વાધ્યાયમાં નિત્ય ઉદ્યમ

(ii) આચારમાં નિત્ય ઉદ્યમ

(iii) વિનયમાં નિત્ય ઉદ્યમ

(iv) સર્વત્ર અનભિનિવેશ

(v) જિનવચનમાં અત્યંત રુચિ.

વધુને વધુ ગુણો પ્રાપ્ત કરવા માટે આ પાંચ ગુણો પગથીયા જેવા છે. આ પાંચમાં જેટલા ઓછા ગુણો હાય અથવા આ ગુણો તીવ્ર ન હોય તો બીજા ગુણો તેટલા પ્રાપ્ત ન થાય; જે પ્રાપ્ત થયા હોય તે સ્થિરતાવાળા અને પ્રકર્ષવાળા ન થાય.

**(i) સ્વાધ્યાયમાં નિત્ય ઉદ્યમ :**

(A) સ્વાધ્યાયથી દ્રવ્ય-ગુણ-પર્યાય, હેય-જ્ઞેય-ઉપાદેય, કાર્યાકાર્ય, ભક્ષ્યાભક્ષ્ય, પ્રમાણ-નય-નિક્ષેપ, સ્યાદ્વાદ- સપ્તભંગી, ગુણો અને ગુણોના કારણો, દોષો તથા તેના કારણો, સંસાર અને મોક્ષનું સ્વરૂપ તથા તેના ઉપાયો વગેરેનું જ્ઞાન થાય છે.

(B) સ્વાધ્યાયમાં સદૈવ ઉદ્યમ કરવાથી આત્મા એનાથી ભાવિત થાય છે.

(C) સંવેગ/વૈરાગ્યની તીવ્રતા થાય છે.

(D) વિષય/કષાયાદિ દોષોની તીવ્રતાથી જીવ નિવૃત્ત થાય છે.

(E) ક્રમિક ગુણોની ઉપાસનાની ઇચ્છા અને પ્રવૃત્તિ જાગે છે.

(F) સ્વાધ્યાય વિના ગુણોનું મહત્ત્વ વગેરે તથા ગુણોના બાધક વગેરે સ્પષ્ટરૂપે ન જણાતા, તેમાં વિશેષ પ્રવૃત્તિ થતી નથી.

અનેક જિનમંદિરોથી શોભતી નગરીમાં શ્યેન શ્રેષ્ઠિ વસતો હતો. કુવલયમાલા નામે તેની પ્રિયતમા હતી. વિષય સુખોને ભોગવતાં તેને ત્રણ પુત્રરત્નોની પ્રાપ્તિ થઈ.

એકવાર શ્રેષ્ઠિ વગેરે સહુ ભોજન કરવા બેઠા હતાં ત્યારે માસક્ષમણના તપસ્વી મનઃપર્યવજ્ઞાનધારી મુનિવર ભિક્ષાર્થે પધાર્યા.

શ્રેષ્ઠિએ ઉભા થઇને સાથવાનો થાળ લઇને લાભ આપવા વિનંતી કરી.

''આ સાથવો સૂક્ષ્મજીવોથી સંસક્ત છે, તેથી અમને ન ખપે.'' મુનિવર બોલ્યા.

સાથવાના થાળને બાજુ પર મૂકી ત્રણ દિવસ પહેલાનું દહીં વહોરાવવા તૈયાર થયો, ત્યારે મુનિવર બોલ્યા, ''શ્રેષ્ઠિ ! આ પણ જીવથી સંસક્ત છે !''

''પ્રભુ ! બધું જ જીવ સંસક્ત કહો છો તો તેનો વિશ્વાસ કેમ બેસે''

''શ્રેષ્ઠિ ! આ દહીં પર અળતો લઇને છાંટ. દહીં અળતાના રંગને પકડી લેશે. જીવો તે રંગને નહિ પકડે.''

શ્રેષ્ઠિએ તે પ્રમાણે કર્યું. ઉપર ખદબદ ખદબદ થતાં જીવો દેખાયા.

તેને બાજુએ મૂકી વિશિષ્ટ દ્રવ્યોથી બનાવેલા સુંદર લાડવાઓનો થાળ લીધો.

''શ્યેન ! આ મોદકો પણ ઝેરથી મિશ્રિત છે. જો આની ઉપર જે માખી બેસે છે તે તરત જ મરી જાય છે.''

''પ્રભો ! મને આ વિષમોદકો આપીને મારી નાંખવાનું ષડ્યંત્ર કોણે રચ્યું ? અને આવું કરવાનું કારણ

શું બન્યું ? તે મને કૃપા કરી જણાવો.'' શ્રેષ્ઠિએ ભય અને આશ્ચર્યથી એક જ શ્વાસે પૂછી લીધું...

''ગઈ કાલે જે તારા ઘરની નોકરાણી મૃત્યુ પામી, તેના થોડા દિવસો પહેલાં કોઇ અપરાધના કારણે તારા ઘરના બધાએ ઘણો ઠપકો આપ્યો હતો. તેના કારણે તેને બધા ઉપર અતિગુસ્સો થયો અને મારી નાંખવા માટે વિષમોદકો અને પોતાને ખાવા માટે બે લાડવા અલગ બનાવ્યા. પરંતુ એ દિવસે ઘરમાં ઘણું કામ આવી પડવાથી જલ્દીથી આવી બે લાડવા અલગ હતાં તેને બદલે ઝેરમિશ્રિત જ લાડવા ખાઇ લીધા, અને મૃત્યુ પામી. તમે પણ જો ખાધા હોત તો બધા જ મૃત્યુને શરણ થાત.'' મુનિવરે જ્ઞાનથી દેખેલું ભાખ્યું.

મુનિવરના કથનથી પ્રભાવિત થઇને શ્રેષ્ઠિ ધર્મ પૂછે છે.

''ગોચરી ગયેલ સાધુથી ધર્મકથા ન કહેવાય'' આમ કહીને મુનિવર ચાલ્યા ગયા.

મધ્યાન્હના સમયે પરિવાર સાથે શ્રેષ્ઠિ ઉપાશ્રયે ગયો. મુનિવરને વંદન કરીને ધર્મ સાંભળવા હાથ જોડીને સામે બેઠો.

''હાથીઓમાં જેમ ઐરાવણ હાથી ઉત્તમ છે, પર્વતોમાં જેમ મેરૂ શ્રેષ્ઠ છે, તેમ ધર્મોમાં દાનાદિ ચાર પ્રકારનો જિનધર્મ ઉત્તમ છે. તેમાં બાર પ્રકારનો તપધર્મ નિકાચિત કર્મોનો નાશ કરવામાં શક્તિશાળી છે. તેમાં પણ સ્વાધ્યાયથી વિશેષ પ્રકારે શીઘ્ર કર્મો ખપે છે.

સ્વાધ્યાય સમાન કોઇ તપ નથી. તેથી તેમાં વિશેષ યત્ન કરવો જોઇએ.''

દેશના સાંભળી શ્રેષ્ઠિએ શ્રાવકધર્મને ગ્રહણ કર્યો અને રોજ અમુક સમય સ્વાધ્યાય કરવાનો નિયમ લીધો. દિવસે દિવસે શ્રેષ્ઠિની ધર્મારાધના ઉત્તરોત્તર વધતી ગઈ.

પરંતુ આ બાજુ પુત્ર-પૌત્રાદિનો પરિવાર વધવાથી ભાઇ ભાઇઓના, વહુ-વહુઓના પરસ્પર ઝગડા થવાથી શ્રેષ્ઠિએ બધાને જુદા કર્યા. એક પુત્રના માંગવાથી મૂળ ઘર પણ આપી દેવું પડ્યું. પરંતુ શ્રેષ્ઠિના મનમાં જરાય દુર્ધ્યાન નથી.

પત્નીના કહેવાથી પોતાના મિત્ર મંત્રીના ઘરે જઇને એક રહેવા માટે ઘરની માંગણી કરે છે. મંત્રી એક ભૂતીયું ઘર બતાવે છે, અને ત્યાં જો કંઇ ન થાય તો રહેવાની છૂટ આપે છે.

શ્રેષ્ઠિ સારો દિવસ જોઇ, અનુજ્ઞા માંગી, નિસિહી કહી પ્રવેશ કરી સામાયિક લઇને સ્વાધ્યાય કરવા બેસે છે.

જ્યાં રાત્રીના બે પ્રહર પસાર થયા ત્યાં જ આંખ સામે એક આકૃતિ પ્રગટ થાય છે. અને મીઠા વચનોથી શ્રેષ્ઠિને કહે છે, ''મહાનુભાવ ! તારા સ્વાધ્યાયના શ્રવણથી મારો ક્રોધ શાંત થયો છે. ભવસમુદ્રમાં ડૂબતા તેં મને બચાવ્યો છે. હું આ ઘરનો માલિક હતો. મને બે પુત્રો હતાં. નાનો પુત્ર મને વધારે પ્રિય હતો તેથી તેને માલ-મિલકત બધું આપ્યું. મોટાને બીજું ઘર અને થોડો માલ-સામાન આપીને જુદો કર્યો.

તેણે રાજાને જઇને ફરિયાદ કરી અને મને મરાવ્યો, તથા નાના ભાઇને જેલમાં ધકેલી દીધો, અને ધન વગેરે બધું જ તેણે લઇ લીધું.

હું મરીને વ્યંતર થયો. અવધિજ્ઞાનથી પૂર્વભવનો વ્યતિકર જોઇને ગુસ્સે થયેલ મેં પરિવારસહિત મોટા પુત્રને મારી નાંખ્યો અને બીજો કોઇ માણસ રાત્રિમાં અહીં રહે તેને પણ મારી નાંખુ છું. પરંતુ અત્યારે મારો ક્રોધ શાંત થયો છે, તેથી નિધાનસહિત આ ઘર તને અર્પણ કરું છું. અહીં સુખેથી રહે અને આરાધના કર. આટલું કહીને વ્યંતર અદ્રશ્ય થયો.

સવારે શ્રેષ્ઠિએ જઇને રાજા-મંત્રી વગેરેને રાતનો સર્વ વૃતાંત કહ્યો. પછી શ્યેન શ્રેષ્ઠિએ લાંબા કાળ સુધી શ્રાવકધર્મનું પાલન કરી યોગ્ય સમયે પ્રવજ્યા લઇ સુંદર આરાધના દ્વારા કર્મોનો નાશ કરી શાશ્વત કાળ માટે મોક્ષનગરીમાં વાસ કર્યો.

આમ સ્વાધ્યાય દ્વારા પોતાનું રક્ષણ અને બીજાને પ્રતિબોધ થયો. માટે દરેકે યથાશક્તિ સ્વાધ્યાયમાં ઉદ્યમવંત થવું.

**(ii) આચારમાં નિત્ય ઉદ્યમ :** પોતાના આચારને પાંચ વિભાગમાં વહેંચી શકાય :

(અ) જે આચારો સહજ રીતે-સારી રીતે પળાય છે, જેનો ભાવ પણ સ્વભાવ જેવો થઇ ગયો છે, જેને વારંવાર યાદ ન કરીએ તો પણ પ્રબળ સંસ્કારના બળથી અને આચારની પ્રવૃત્તિના બળથી મજબૂત રહે તેવા આચારો. (દા.ત. માંસાહાર ત્યાગ)

(બ) જે આચાર પાળવામાં આપણને કશી અડચણ કે મુશ્કેલી નથી, પ્રમાદ કે આળસ પણ નથી છતાં યાદ ન રહેવાના કારણે, આપણા પ્રણિધાન અને ઈચ્છાની તીવ્રતાના અભાવને કારણે એ યાદ નથી આવતા; અને યાદ આવે છે તો તેની ઉપેક્ષા થાય છે તેવા આચારો. (ચૌદ નિયમો વગેરે) આવા આચારોની નોંધ કરી રોજ વારંવાર વાંચવી, યાદ કરવી, તેને આચરવાનું પ્રણિધાન કરવું, એની તીવ્ર રુચિ ઉભી કરવી જેથી એનો ક્ષયોપશમ થાય અને પ્રવૃત્તિ થાય તથા તે આચાર સાહજિક બને.

(ક) જે આચારો પાળવામાં આસક્તિ-પ્રમાદ નડતો હોય તેવા આચારો. (સામાયિક વગેરે) આવા આચારોની જુદી તારવણી કરવી. તેને આચરવા થોડો થોડો પ્રયત્ન કરવો. આગળ વધવાની ઈચ્છા કરવી. આવા આચારવાળાની પ્રશંસા/ ભક્તિ/ બહુમાન કરવું. આચારપાલનથી થતા લાભો અને આચારના અભાવમાં થતા નુકસાનોની વિચારણા કરવી. આમ કરવાથી જીવનમાં આચારો ધીરે ધીરે વધતા પરાકાષ્ઠાને પામે.

(ડ) શારીરિક શક્તિ, માનસિક ધીરજ વગેરેના અભાવને લીધે જે આચારોનું પાલન મુશ્કેલીથી થઈ શક્તું હોય, જે આચારોના પાલનમાં ખૂબ કઠિનાઈ નડતી હોય તેવા આચારો (તપસ્યા વગેરે) આવા આચારોની જુદી નોંધ કરી તેને થોડા થોડા સમયના આંતરે આચરીને સત્ત્વ વિકસાવવું.

(ઇ) જે આચારોનું પાલન અશક્ય જ હોય તેવા આચારો. આ આચારોને ફક્ત યાદ કરી તેનું પાલન કરવાની ભાવના રાખવી. (સંપૂર્ણ બ્રહ્મચર્ય વગેરે)

આમાં પ્રથમ પ્રકાર સ્વભાવગત છે. તે પછીના બે વારંવાર યાદ કરીને આચરવાના છે - પ્રણિધાન કરીને આચરવાના છે. ચોથા નંબરનાને અવારનવાર આચરવા. પાંચમા માટે શક્તિ-સામગ્રીની રાહ જોવી - ભાવના રાખવી.

આજ રીતે પાપની પ્રવૃત્તિ પણ ઉપરથી વિપરીત ક્રમે પાંચ પ્રકારે જાણવી.

(અ) જે છોડી શકાય તેમ ન હોય તેવી.

(બ) મહામુશ્કેલીથી છોડી શકાય તેવી.

(ક) થોડું સહન કરવાથી છોડી શકાય તેવી.

(ડ) ઉપયોગ રાખવાથી - પ્રમાદ નીકળવાથી છૂટે તેવી.

(ઇ) જીવનમાં સહજ રીતે ન હોય છતાં પ્રમાદ-ખરાબ મિત્રો - ખોટા નિમિત્તોથી જીવનમાં જે પાપ પ્રવેશ પામે તે.

આમાં પ્રથમ નંબરની પ્રવૃત્તિથી છૂટવા માટે -

(A) તે છોડવાની ઇચ્છા કરવી.

(B) તે માટે આત્માને બળ પ્રાપ્ત થાય - સંયોગ પ્રાપ્ત થાય તેની રાહ જોવી.

(C) એ પ્રવૃત્તિઓથી જે રહિત છે, તેમની ભક્તિ/બહુમાન અને પ્રશંસા કરવી.

(D) પોતાની પાપ પ્રવૃત્તિઓની નિંદા-જુગુપ્સા કરવી.

(E) પાપ પ્રવૃત્તિઓથી થતા નુકસાનોને વિચારી તેમાંથી છૂટવાના ઉપાયો જાણવા.

(F) પાપ પ્રવૃત્તિથી છૂટવાથી પ્રાપ્ત થતા લાભો દ્વારા આત્માને ભાવિત બનાવવો.

(G) પાપની પ્રવૃત્તિમાં વૃદ્ધિ ન થાય, પાપ પ્રવૃત્તિની પ્રશંસા ન થાય તેમજ બીજાને પાપપ્રવૃત્તિમાં સીધી કે આડકતરી રીતે સહાયક ન બનીએ, તે રીતે વર્તવું.

(H) પાપપ્રવૃત્તિમાંથી છૂટવા પ્રભુભક્તિ અને પ્રાર્થના કરવી.

**બીજા નંબરની પાપપ્રવૃત્તિઓને છોડવા માટે -**

(A) વચ્ચે વચ્ચે પ્રવૃત્તિઓ છોડતા જવી.

(B) બાહ્ય-અભ્યંતર રસ ઘટાડવો.

(C) તેની જુગુપ્સા-નિંદા અને તેનાથી થતા નુકશાનોને વિચારી તેના પરનું બહુમાન તોડવું.

(D) પાપપ્રવૃત્તિઓથી જે રહિત છે. તેમની ભક્તિ આદિ કરવા.

(E) પાપોને જેઓ છોડવા ઇચ્છે છે તથા પાપોને છોડવા જેઓ મથે છે, તેઓને પ્રેરણા કરવી તથા સહાય કરવી.

**ત્રીજા નંબરની પાપપ્રવૃત્તિઓને છોડવા માટે -**

(A) ખૂબ ઉત્સાહ વધારવો.

(B) કલ્યાણમિત્રનો સમાગમ કરવા તથા તેમની સહાય લેવી/પ્રેરણા લેવી.

(C) મનને મારીને અને થોડું સહન કરીને પણ એને દૂર કરવા પ્રયત્ન કરવો.

(D) અકલ્યાણમિત્રો સાથેનો તથા પાપપ્રવૃત્તિવાળાની સાથેનો વ્યવહાર ઘટાડવો.

(E) ક્યાં પ્રમાદ થાય છે તથા ક્યાં આત્મા જીતે છે, તેની વારંવાર તપાસ કરવી.

(F) આત્માને પ્રમાદ જે સંયોગો/વિચારો/વ્યક્તિ કે નિમિત્તોથી વધે તેને બળ કરીને છોડવા.

(G) અપ્રમત્ત આત્માઓના સાંનિધ્યમાં રહેવું તથા તેમના ભક્તિ-આદર કરવા.

જે પ્રવૃત્તિઓ અલ્પ પ્રયત્નથી છૂટે તેમ હોય તેવી પ્રવૃત્તિઓ ન છોડવાથી તે માટે કટિબદ્ધ ન થવાથી ધર્મશ્રદ્ધા-ધર્મભાવના મજબૂત થતી નથી. દૃઢધર્મતા આવતી નથી. કર્મનો ક્ષયોપશમ વધતો નથી પણ આવરાય છે. કર્મના ચોક્કસ અને મજબૂત ક્ષયોપશમ માટે આ ત્રણે પ્રકારની પ્રવૃત્તિઓ ખાસ વર્જવાનો પ્રયત્ન કરવો પડે. શાસ્ત્રમાં આ માટે આ ત્રણને **યતના** શબ્દથી જણાવેલ છે.

**ચોથા નંબરની પાપપ્રવૃત્તિ છોડવા-**

(A) અનુચિતનું આચરણ ન કરવું. (આ યોગની બીજી દ્રષ્ટિ છે)

(B) અનાચારનો પરિહાર કરવો. (આ યોગની ત્રીજી દ્રષ્ટિ છે)

(C) વારંવાર ઉપયોગપૂર્વક શક્ય/સુશક્ય પાપોનો ત્યાગ કરવો તથા ધર્મમાં પ્રવૃત્તિ કરવી.

ઉપયોગપૂર્વક ધર્મ કરવાથી ધર્મ આવે છે/વધે છે/ટકે છે. આગળના ધર્મોમાં પ્રવર્તન સહેલાઈથી થાય તેવું પુણ્ય/બળ/ઉલ્લાસ/સંયોગો મળે છે. અપ્રમાદ ધર્મનું મૂળ છે.

પાંચમા નંબરની પાપપ્રવૃત્તિ ન આવે તે માટે સાવધાની રાખવી. (આ યોગાવંચક છે.) આ સાવધાનીમાંથી પાપનિવૃત્તિનો યોગ જન્મે છે. નીચેના ઉપાયોનું પાલન કરવાથી ધર્મપ્રવૃત્તિ અને પાપનિવૃત્તિ સાહજિક બને છે.

(A) શાસ્ત્રમાં બતાવેલા ધર્મપ્રવૃત્તિમાં ઉપાયો, પાપપ્રવૃત્તિથી થતા નુકશાનો, આરાધના અને વિરાધનાના પ્રકારો તથા તેના ફળોનું વારંવાર ચિંતન કરવું.

(B) રોજ એક, બે કે ત્રણ વાર આખા દિવસની પોતાની જીવનચર્યા જોવી. એમાં -

(૧) કયું કર્તવ્ય કર્યું.

(૨) કયું કર્તવ્ય ન કર્યું.

(૩) કયું કર્તવ્ય ઉત્સાહ વગર, ઉપયોગ વગર, બેદરકારીથી કર્યું.

(૪) કયું અકર્તવ્ય કર્યું.

(૫) કયું અકર્તવ્ય ન કર્યું.

(૬) કયા અકર્તવ્યનો ત્યાગ આદરથી ન કર્યો.

આ છ ભેદથી પોતાના આચારોને વિચારી તેમાં જ્યાં જ્યાં દોષો લાગતા હોય તેને લક્ષમાં લેવા ત્યારબાદ -

(૧) તેનું જાતે મિચ્છામિ દુક્કડમ્ દેવું. (નાના-દોષોમાં)

(૨) બીજાની સાથેના વ્યવહારમાં તેની પાસે ક્ષમાપના માંગવી.

(૩) મોહ/મમતા/કામ વગેરેના નાના-મોટા દોષોમાં આલોચના માંગવી.

(૪) ફરી દોષ ન લાગે તેવી દૃઢ ભાવના/પ્રણિધાન કરવું, તેથી બીજીવાર અકાર્ય કરતા પૂર્વે જ યાદ આવે તો શક્ય હોય તો તે અકાર્ય છોડી દેવું.

આ ચાર વાતથી દોષહાનિ અને ગુણવૃદ્ધિ થશે.

ભરતક્ષેત્રના મધ્યખંડમાં મથુરા નગરીમાં પ્રકૃતિથી જ શાંત-ધનાઢ્ય નંદ નામે શ્રેષ્ઠિ હતો. વિષયોમાં ગૃદ્ધ-અતિક્રોધી નંદશ્રી નામની તેની પત્ની હતી. માતા-પિતાના ભક્ત-દયાળુ એવા તેમને ચાર પુત્રો થયા.

એકવાર નગરમાં અતિશય જ્ઞાની આચાર્યશ્રી સંગમસૂરીશ્વરજી પધાર્યા. લોકોની સાથે નંદ શ્રેષ્ઠિ પણ વંદના કરવા ગયો. આચાર્ય ભગવંતે મધુર ગંભીર અવાજે દેશના આપી.

નંદ શ્રેષ્ઠિ ગૃહસ્થધર્મનો સ્વીકાર કરી ઘરે પાછો ફર્યો. એકવાર નંદશ્રેષ્ઠિ ગુરુ ભગવંત પાસે જઈને પૂછે છે કે, 'પ્રભુ ! મારી પાસે અઢળક ધન છે. પરંતુ તેનાથી શું મારે દુર્ગતિમાં જવાનું ? આ ધન વડે કોઈ પુણ્ય-પરલોકનું ભાથું બાંધી શકાતું હોય તો કૃપા કરીને જણાવો.'

''ધન અનર્થનું મૂળ હોવા છતાં જો તેને જિન-ભવનાદિ સાતક્ષેત્રોમાં વાપરવામાં આવે તો તે ધન મારક

ન બને. પુણ્યનો બંધ કરાવી આપે.'' મુનીશ્વરે જવાબ વાળ્યો.

શ્રેષ્ઠિએ પોતાના દ્રવ્યથી એક સુંદર જિનમંદિર બંધાવ્યું, અને મોટા ઠાઠમાઠથી વીર પ્રભુની પ્રતિષ્ઠા કરાવી. જિનપૂજા ન થાય ત્યાં સુધી મોંમાં પાણી ન નાંખવાનો અભિગ્રહ લીધો.

આ રીતે સુંદર આરાધના કરતાં ઘણા વર્ષો પસાર થઈ ગયા. અને પુણ્યનું પાંદડું ખસ્યું. ધનાદિ બધું એકસાથે નષ્ટ થવા લાગ્યું. ધન હોય ત્યાં સુધી બધા પૂજે, આ વાતને જાણે સાચી ઠેરવતાં હોય તેમ સ્વજનો તો દૂર ખસી ગયા. પરંતુ ઘરના પુત્રો-પત્ની, વહુઓ પણ તર્જના કરવા લાગ્યા. જિનધર્મની નિંદા કરવા લાગ્યા. તથા શ્રેષ્ઠિને ઘરની એક નાની રૂમ રહેવા આપી દીધી, તેની સાથેનો વ્યવહાર બંધ જેવો કરી દીધો.

આટલું હોવા છતાં શ્રેષ્ઠિ પોતાનાં નિયમ ધર્મમાં સ્થિર છે. એક જ વિચારે છે, કે ''ધર્મથી જ સૌ સારા વાના થશે. આ લોકો અજ્ઞાનથી ફોગટ ધર્મની નિંદા કરીને પાપ બાંધે છે.'' રાત્રીના ચરમ પહોરમાં ઉઠીને સામાયિક લઈ સ્વાધ્યાય કરવો, દિવસના પહેલાં પહોરમાં નવા નવા શાસ્ત્રોનાં રહસ્યો વાંચવા, બીજા પહોરમાં બીજા ગામમાં જઈ મીઠું-મરચું તેલ વગેરે વેંચી એ દિવસનું ભોજન મળી રહે તેટલું કમાઈ પાછા ફરવું, ઘરે આવી સ્નાનાદિ કરીને પરમાત્માની શાંતચિત્તે પૂજાદિ કરવા પછી પોતાના હાથે રસોઈ તૈયાર કરી ભોજન કરી પચ્ચક્ખાણ લેવું, અને પાછા પોતાના સ્વાધ્યાયમાં લાગી જવું, સાંજે

પ્રતિક્રમણાદિ આવશ્યક ક્રિયાઓ કરી શયન કરવું. આ પ્રમાણે શ્રેષ્ઠિએ પોતાની દિનચર્યા બનાવી દીધી.

એકવાર પર્વના દિવસે પૂજા કરવા મંદિરમાં પ્રવેશતી વખતે માલણે હાર બતાવીને કહ્યું કે, શેઠ ! લઈ જાવ આ હાર. પ્રભુને ચઢાવજો.

''બહેન ! આની કિંમત શું છે ? દામ આપ્યા વિના હું ગ્રહણ ન કરું.'' શ્રેષ્ઠિએ કહ્યું.

''શેઠ ! તમારા પ્રસાદથી જ હું અત્યારે આટલી સુખી છું. આપે મને ઘણું આપ્યું છે. આ માળા હું તમને મફત જ આપવા માંગુ છું.''

જ્યારે શેઠે કિંમત ચૂકવ્યા વિના લેવાની ના પાડી ત્યારે આઠ આના લીધા.

આ બાજુ હાર લઈ શેઠ મંદિરમાં જઈ પૂજા વગેરે કરી, પ્રભુની સ્તવના કરવા બેઠા. પ્રભુ સાથે એકમેક થઈ ગયા. સમયનું પણ ભાન રહ્યું નહિ. તેમની ભક્તિથી સંતુષ્ટ થઈને બ્રહ્મયક્ષ હાજર થયા અને વરદાન માંગવા કહ્યું.

''દેવ ! મારે કાંઈ જ જોઈતું નથી. મારા મનમાં ધર્મકલ્પવૃક્ષ છે, ત્યાંસુધી મને કોઈ જ ચીજ-વસ્તુ-વાતની ઓછાશ નથી. પરંતુ તારે આપવું હોય તો આઠ આનાથી જે પુણ્ય મેળવ્યું છે, તેટલું ધન આપ.''

''શેઠ ! અબજો રૂપિયા કે દુનિયાની બધી સંપત્તિ આપી દઉં તો'ય આઠ આનાના પુણ્યની તોલે ન આવે, એવું પ્રકૃષ્ટ પુણ્ય તમે બાંધ્યું છે. છતાં દેવનું દર્શન નિષ્ફળ

ન જાય માટે તમારા ઘરનાં ચારે ખૂણામાં એકેક સોનાનો ચરૂ છે, તે ગ્રહણ કરજો.''

ઘરે આવીને શ્રેષ્ઠિ તો વિશેષ પ્રકારે ધર્મારાધનામાં લાગી ગયા. આ બાજુ પત્ની-પુત્રો આવીને તર્જના કરે છે. કડવા વચનો બોલે છે - ધર્મની નિંદા કરે છે.

''હે પુત્રો ! અનંત સંસાર શું કામ વધારો છો ? આપણે પૂર્વભવમાં એવા કર્મો કર્યા હશે, તેથી નિર્ધન થયા. ધર્મને માથે દોષનો ટોપલો કેમ નાંખો છો ? તેની નિંદા કરીને દરેક ભવમાં નિર્ધન થવાનું ભાગ્યમાં શા માટે લખાવો છો ? **ધર્મ કરશો તો પાપકર્મો નાશ પામશે અને ફરી પાછું ધનાદિ પ્રાપ્ત થશે.''**

''અમારે સ્વર્ગ-મોક્ષ જોઈતો નથી. અત્યારે તો ધનથી અમારે નિસ્બત છે. બધા પુત્રો એક સાથે બોલી ઉઠયા.''

''પુત્રો ! **તમારે ધન જોઈતું હોય તો પણ ધર્મ જ કરો. જીવોને ઇચ્છિત આપવા માટે ધર્મ કામધેનુ છે. તેનાથી સૌ સારૂ થશે.''**

''અમને ધન આપો, પછી અમે ધર્મ કરીએ.'' મોટા પુત્રે કહ્યું.

''થોડા જ દિવસમાં તમને જોઈએ તેટલું ધન આપીશ.''

પછી ધન મળવાની આશાથી પુત્રો શ્રેષ્ઠિ સાથે દર્શન-પૂજા કરવા જાય છે. સાધુ ભગવંતો પાસે જાય છે. ધર્મ સાંભળે છે.

થોડા દિવસ બાદ પુત્રોએ જ્યાં ધન માટે પૂછ્યું એટલે શ્રેષ્ઠિએ ઘરના ચારે ખૂણા ખોદાવ્યા અને કલશો કાઢીને ધન બતાવ્યું.

ધર્મનો આટલો પ્રભાવ જોઈને સૌ ધર્મમાં સ્થિર થયા. શ્રેષ્ઠિએ યોગ્ય સમયે દીક્ષા લઈ કર્મોનો નાશ કરી પરમપદને પ્રાપ્ત કર્યું. અશુભ કર્મોનો ક્ષય માત્ર ધર્મ જ કરી શકે છે. માટે આપત્તિકાળમાં પણ આરાધના એ જ આલંબન બની શકે છે.

**(iii) વિનયમાં નિત્ય ઉદ્યમ**

**પ્રશ્ન : વિનય એટલે શું ?**

ઉત્તર : નય એટલે જવું, પ્રાપ્ત કરાવવું. વિશેષ રૂપે સામા જીવના સ્થાનાદિ જોઈ તેમની સાથે આપણી ઉચિત પ્રવૃત્તિનો સમ્બન્ધ જોડવો તથા વિશેષરૂપે તે પ્રવૃત્તિમાં આત્માને લઈ જવો તેને વિનય કહેવાય. વિનય સર્વગુણનું મૂળ છે. તેથી ગુણવાનમાં આ ભેદ બતાવ્યો છે.

વિનય એ સર્વ કાર્યોની સિદ્ધિ કરવા માટેનો શ્રેષ્ઠ ઉપાય છે. વિનયથી વિઘ્નો તથા કર્મો દૂર થાય છે. વિનય એટલે બાહ્ય પ્રતિપત્તિ, સેવા, ભક્તિ, ઔચિત્ય વગેરે. ધર્મરત્નની પ્રાપ્તિ માટેના ૨૧ ગુણોમાં પણ વિનય ગુણ બતાવ્યો છે.

વિષયભેદથી વિનય ચાર પ્રકારનો છે.

(અ) ગુણ (બ) ગુણી (ક) ગુણના સાધન (ડ) ગુણના આચાર.

દરેક ગુણોનો વિનય આ ચાર પ્રકારે થાય. દા. ત. જ્ઞાન. તેના જ્ઞાન-જ્ઞાની-જ્ઞાનના સાધન અને જ્ઞાનાચારનું પાલન એમ ચાર પ્રકાર થાય.

સામાન્યથી સર્વગુણોના જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ એમ ચાર ભેદ પડે. વીર્યને જુદુ ન પાડતા આ ચારેમાં તેનો સમાવેશ કરી લેવો. પછી જ્ઞાનાદિ ગુણોના ગુણ-ગુણી વગેરે ચાર ભેદ પાડવા.

**(અ) ગુણ વિનય :**

(A) ગુણોના સ્વરૂપને જાણવું.

(B) ગુણોને મેળવવાના ઉપાયો તથા નહિ મેળવવાથી થતા નુકસાનોને જાણવા.

(C) ગુણો ઉપર શ્રદ્ધા કરવી.

(D) ગુણોનું પાલન કરવાની તીવ્ર રુચિ ઉભી કરવી.

(E) એ માટે સહન કરવાની/ભોગ આપવાની તૈયારી રાખવી.

**(બ) ગુણીવિનય :** આપણે જે ગુણો મેળવવા છે, તે ગુણોનો જે ધારક છે તેની-

(A) ભક્તિ કરવી સેવા કરવી.

(B) તેના પ્રત્યે હૈયામાં પ્રીતિ ધારણ કરવી.

(C) તેમનું ઔચિત્ય જાળવવું.

(D) અવસરે તેમને સહાય કરવી.

**(ક) ગુણના સાધનોનો વિનય :**

(A) જ્ઞાનના સાધનો પાટી-પોથી પુસ્તક વગેરે.

(B) દર્શનના સાધનો નવકારવાળી તથા દેરાસરની સામગ્રી વગેરે.

(C) ચારિત્રના સાધનો તરપણી/પાત્રા/ઓઘો વગેરે ઉપકરણો.

(D) તપના સાધનોમાં તપસ્વીને ઉપયોગી- ઉપયોગમાં આવતી ચીજો વગેરેની આશાતના ન કરવી.

(ક) ગુણના આચારોનો વિનય : ગુણ-ગુણી તથા ગુણના સાધનોને ઉદ્દેશીને જે જે આચારો આચરવાના હોય તે આચરવા/પાળવા. છોડવા યોગ્ય છોડવા. દા. ત. ગુણની ઉપબૃંહણા (પ્રશંસા) કરવી. સ્થિરીકરણ કરવું વગેરે. જ્ઞાનાદિ ચારે આચારોના આચારો પાળવા અને અનાચારો છોડવા તે આચારવિનય છે.

ગુણને મુખ્ય કર્યા વગર બીજા સાથે ભક્તિ/ પ્રેમ/વાત્સલ્ય જે ઉચિત વ્યવહાર રખાય તે ઔપચારિક વિનય કહેવાય.

વડિલ આવે ત્યારે

(A) ઉભા થવું

(B) સામે જવું.

(C) પોતાના સ્થાને બેસાડવા

(D) પોતે હાથ જોડી ઉભા રહેવું.

(E) તેમની શાતા પૂછવી.

(F) તેમના ગુણોની પ્રશંસા કરવી.

(G) તેમનો આદર કરવો

(H) તેની શુશ્રુષા કરવી.

(I) તેમનું કાર્ય કરી આપવું.

**વડિલોની ભક્તિ કરવી તે વડિલોનો વિનય છે. સમાન પ્રત્યે સ્નેહ/પ્રીતિ રાખવી તે સમાનનો વિનય છે. નાના પ્રત્યે વાત્સલ્યભાવ રાખો તે નાનાનો વિનય છે.**

અવિનયીની ઉપેક્ષા કરવી તે એનો વિનય છે. નમ્રને શાંતિથી કહેવું તે એનો વિનય. ઉદ્ધતને તે સહી શકે તેટલી કડકાઈથી તેની સાથે વ્યવહાર કરવો તે એનો વિનય છે.

**બીજી વ્યક્તિ સાથે અનુકૂળ વ્યવહાર કરવો તે વિનય. પ્રતિકૂળ વ્યવહાર કરવો તે અવિનય.**

અનુકૂળ એટલે એને અનુકૂળ બનીને એ આપણને અનુકૂળ બને તેવો વ્યવહાર અથવા આપણને અને એને એમ બન્નેને લાભકારી થાય તેવો વ્યવહાર.

પ્રતિકૂળ એટલે એને પ્રતિકૂળ બનવાથી કે અયોગ્ય રીતે અનુકૂળ બનવાથી એ આપણને પ્રતિકૂળ બને. નુકશાન કરનારો બને.

પુદ્ગલ માટે પણ અનુકૂળ વર્તન એ વિનય. પ્રતિકૂળ વર્તન એ અવિનય. જોડા પગે પહેરવા તે એનો વિનય; કંઠી ગળે પહેરવી તે એનું ઔચિત્ય છે. વિનય છે.

અર્થ/કામ માટે પણ તેને અનુકૂળ આચારના કારણોમાં પ્રવર્તવું, વિપરીત કારણોથી પાછા ફરવું તેમાં ન પ્રવર્તવું - તે તેનો વિનય છે.

મગધદેશમાં ગોબર ગામમાં પુષ્પસાલ નામનો કોટુંબિક સુખ ચેનથી રહેતો હતો. ભદ્રા નામે તેની

પ્રિયપત્ની હતી અને પુષ્પસાલપુત્ર નામથી લોકોના મોઢે ગવાતો એક પુત્ર હતો.

પાઠશાળામાં ભણતાં ઉપાધ્યાયના મુખે એકદા સાંભળ્યું કે જે ઉત્તમ-પૂજ્ય લોકોનો વિનય કરે છે, તે ઉત્તમગુણો મેળવે છે, યાવત્ તે મોક્ષને પણ પ્રાપ્ત કરે છે.

પુષ્પસાલપુત્રના મનમાં વાત બેસી ગઈ. ઘેર આવીને પિતાનો બેનમૂન વિનય કરવા લાગી ગયો. પરમ ભક્ત થયો. કોઈ પણ કામ પૂછ્યા વિના કરવું નહિ, બન્ને સમય સેવા કરવી, આશીર્વાદ લેવા, શરીરની સંભાળ રાખવી, વગેરે બધી આમન્યા સાચવવા લાગ્યો.

એવામાં એકવાર પિતા ગામધણી પાસે કોઈક કાર્ય પ્રસંગે જતા હતા, એટલે તે પણ સાથે ચાલ્યો ત્યાં પિતાને ગામધણીને પ્રણામ વગેરે કરતા જોઈ, આ પિતાથી મોટા માણસ છે. તો હવે તેમની સેવા કરું, એમ વિચારી પિતાની આજ્ઞા લઈ ગામધણીની સેવા કરવા લાગ્યો.

થોડા દિવસ બાદ રાજગૃહીથી અભયકુમાર મંત્રીનો સંદેશો આવવાથી ગામધણી ત્યાં જવા તૈયાર થયા. પુષ્પસાલપુત્ર પણ સાથે જ ગયો. ગામધણીએ અભયકુમાર મંત્રીને નમસ્કાર કર્યા, પૂજ્ય તરીકેનો વ્યવહાર કર્યો, તે જોઈ આતો આમને પણ પૂજ્ય છે. એમ વિચારી અભયકુમારની સેવામાં રહ્યો.

સવારના ઉઠીને અભયકુમાર પિતાને પ્રણામ કરવા ગયો. તેથી રાજાને વધારે પૂજ્ય જાણી તેની સેવા માટે તૈયાર થયો. રાત-દિવસ ખડેપગે સેવા કરવા લાગ્યો

રાજાના ઈશારામાં બધું સમજી લેતો. રાજાને પણ આવો સેવક મળવાથી આનંદ થતો હતો.

એવામાં પૃથ્વીતલ ઉપર ભવ્ય જીવોરૂપી કમલોને વિકસાવતા વિકસાવતા પ્રભુ વીર એકદા રાજગૃહીના બહારના ઉદ્યાનમાં પધાર્યા. સમવસરણની રચના થઈ. વનપાલકે આવીને રાજાને વધારણી આપી. રાજાએ નગરમાં ઘોષણા કરાવી.

પોતાનાં બધા રસાલા સાથે રાજાને ક્યાંક જતા જોઈને પુષ્પસાલે પૂછ્યું કે શું આપનાથી પણ વધારે પૂજ્ય કોઈ છે કે જેના કારણે લોકો તમને છોડીને બહાર જાય છે ?

''ગાંડા ! મારી સેવામાં તો તારા જેવા સામાન્ય માણસો છે, જ્યારે ગામની બહાર જે આવ્યા છે તેમની સેવા કરનારા તો મારા જેવા કેટલાય રાજાઓ અને દેવલોકના ઇન્દ્ર અને કરોડો દેવતાઓ છે. ત્રણે લોકમાં એજ સૌથી મોટા-ઉત્તમ-પૂજ્ય પુરુષ છે.'' રાજાએ કહ્યું. તે જ મહાન વ્યક્તિની સેવા કરવી એમ મનમાં નક્કી કરી રાજા સાથે સમવસણમાં આવ્યો.'

ભગવાનની બાજુમાં જઈ તલવાર કાઢી સેવા કરવા માટે રજા માંગે છે. ''અમારી સેવા આ તલવાર લઈને ન થાય તેને બદલે ઓઘો અને મુહપત્તિ જોઈએ.'' પ્રભુ મધુરવાણીમાં પ્રકાશ્યા.

પ્રભુની આજ્ઞા સ્વીકારી, તલવાર મૂકી, દિક્ષાગ્રહણ કરી, આત્મકલ્યાણ કર્યું. આમ એક નાનકડા વિનય ગુણે તેને ઠેઠ પરમાત્મા સુધી પહોંચાડયો. પૂજ્ય પુરુષોના કરેલ વિનય-સેવા ક્યારેક નિષ્ફળ જતાં નથી.

### (iv) સર્વત્ર અનભિનિવેશ

અભિનિવેશ = કદાગ્રહ = પક્કડ. ભાવશ્રાવક સ્યાદ્વાદ વડે નય/પ્રમાણ આદિનો જાણકાર હોવાથી દ્રવ્ય/ક્ષેત્ર/કાળ/ ભાવને આશ્રિને ક્યારેક ઉપાદેય પણ હેય બની જાય અને હેય પણ ઉપાદેય બની શકે તેવું માને છે. આથી કોઈ વાતમાં તે એકાંતવાદને ન પકડે, કદાગ્રહી ન બને. આનો અર્થ દરેક વાતમાં નિર્ણયરહિત કે પકડરહિત એવો ન લેવો, પણ વસ્તુ/ સંયોગોને બધા જ એંગલથી વિચારીને કોઈ એક અંશ સંબંધી પકડ ન બાંધવી. આવો આત્મા સર્વક્ષેત્રમાં પ્રજ્ઞાપનીય- સમજાવી શકાય તેવો બને છે. તેથી આજે કલ્પ્ય વસ્તુ કાલે અકલ્પ્ય બને તો આજે કલ્પ્ય તરીકે અને કાલે અકલ્પ્ય તરીકે તેને સમજાવી શકાય. જે અભિનિવેશવાળો હોય તેને આજે કલ્પ્ય સમજાવો તો પછી પાછળથી તેને ક્યારેક અકલ્પ્ય કહીએ તો ય ન સમજે અને અકલ્પ્ય સમજાવો તો પછી તેને કલ્પ્ય ન માને.

વ્યવહારથી પણ સમજી શકાય તેવી આ વાત છે. કોઈ પૂછે, ઝાડા રોકવા તે હેય કે ઉપાદેય ? તો આનો જવાબ એ જ હોય કે જો ઘણા થતા હોય તો રોકવા એ ઉપાદેય અને એકજ વાર થતો હોય તો તેને રોકવો તે હેય. આ રીતે બધે જ ઉચિત રીતે સમજવું. અભિનિવેશનો ત્યાગ એ સર્વગુણોનું કારણ છે. આ ન હોય તો ગુણોને પણ ક્યારેક હેય માની બેસે. સાધુને દોષિત વહોરાવાય જ નહિ આવો એકાંત પકડી લેનાર બિમાર/ગ્લાન સાધુને પણ દોષિત ઔષધ/ગોચરી પાણી વહોરાવવામાં પાપ માની

લે, તે અયોગ્ય કહેવાય. અભિનિવેશ ક્યાંક પણ રાખવો ન જોઈએ.

**(V) જિનવચનમાં અત્યંત રુચિ :**

જિનવચનની રુચિ આત્માને જિનવચનશ્રવણમાં પ્રવૃત્ત કરે છે. જિનવચન સાંભળવાથી સૂક્ષ્મનો ક્ષયોપશમ વધે છે, અને તે મુજબ આત્મા વર્તન કરે છે. પોતાના દરેક વર્તન/ વાણી/ વિચારને શુદ્ધ કરવા માટેનું શોધકતત્ત્વ જિનવાણી છે. આથી તેના ઉપર જો રુચિ થાય તો દોષ સુધારવા માટે જીવ પ્રવર્તે. વિષય/કષાયાદિ દોષોની રુચિ મંદ પડે/ઘસાય ત્યારે જિનવચનની અત્યંત રુચિ ઉભી થાય.

ભયંકર અટવીમાં ભૂલા પડયા હોઈએ ત્યારે કોઈ ભોમીયો મળી જાય અને આપણને સાચા માર્ગે ચડાવી દે, તો તેના ઉપર જેમ આદરભાવ થાય છે તેમ દોષો, દોષથી થતા નુકસાનો અને દોષને દૂર કરવાનાં માર્ગો આદિ બતાવનાર શ્રી જિનવાણી ઉપર આદરભાવ થવો જોઈએ. **સંસારનો અત્યંત નિર્વેદ અને મોક્ષની તીવ્ર ઝંખનાનું કારણ જિનવાણી છે.** માટે જિનવાણીને સાંભળીને તે મુજબ વર્તવા માટે પ્રયત્નશીલ બનવું જોઈએ. વળી આ એક ગુણ બીજા અનેક ગુણોનું અસાધારણ કારણ પણ છે.

આજથી ૭૦ વર્ષ પહેલાની આ વાત છે.

અમદાવાદમાં માકુભાઈ નામના ધનાઢય શ્રેષ્ઠિ વસતા હતા. ધમધોકાર ધંધો, બહોળો કારભાર, ધનની સાથે ધર્મની પેઢી પણ એટલી જ સદ્ધર.

બધી આરાધનાઓમાં તેમની વ્યાખ્યાન શ્રવણની તીવ્ર તાલાવેલી અજોડ હતી. લાખોના સોદાને પણ બાજુમાં મૂકી વ્યાખ્યાન સાંભળવા પહેલાં જતાં. વ્યાખ્યાનની શરૂઆત પહેલાં પાંચ-દસ મિનિટ વહેલા જ આવતા. રખેને થોડું જિનવચન સાંભળવાનું રહી જાય.

એવામાં એકવાર વ્યાખ્યાન માટે રસ્તા પરથી પસાર થતા હતા તેવામાં પોતાની આંગળીમાં રહેલ એ જમાનાની ત્રીસ હજારની કિંમતવાળી રત્નજડિત વીંટી સરકી પડી. આજુબાજુ તપાસ કરી, પરંતુ મળી નહિ.

'ત્રીસ હજારની કિંમતવાળી વીંટી માટે લાખ રૂપિયાનું વ્યાખ્યાન શા માટે ચૂકું ? વીંટી તો બીજી લઇ લેવાશે, જિનવચન સાંભળવાનું ક્યાં મળશે ?' આમ વિચાર કરીને શેઠે સડસડાટ ચાલવા માંડ્યું.

વ્યાખ્યાન સાંભળવામાં એટલા મગ્ન-તલ્લીન થઇ ગયા કે જાણે કોઇ પ્રસંગ બન્યો જ નથી. મનમાં વિચાર સુદ્ધાં આવતો નથી. વ્યાખ્યાન બાદ ઘરે પાછા વળતાં રસ્તામાં ભિખારીના છોકરાએ બૂમ મારી ઊભા રાખ્યા. નજીક આવીને કહ્યું, ''શેઠ ! તમારી કોઇ વસ્તુ ખોવાય છે ?''

''કેમ ભાઈ ! તારે શું કામ છે ?''

''મારે કંઇ કામ નથી. તમારું કંઇ ખોવાતું હોય તો કહો.'' છોકરાએ જવાબ વાળ્યો.

''હા, મારી એક વીંટી ખોવાય છે. તને મળી છે ?'' શેઠે પ્રશ્ન કર્યો.

હાથમાં રહેલ વીંટી શેઠને આપી છોકરો ચાલવા માંડ્યો. શેઠે તેને ઊભો રાખી બક્ષીસ આપી રવાના કર્યો.

કહેવાનો મુદ્દો એટલો જ છે કે આટલી કિંમતી ચીજ ખોવાઇ હોવા છતાં વ્યાખ્યાન છોડવા શેઠ તૈયાર નથી. કેટલી જિનવચનની તાલાવેલી !

આમ ગુણવાન થવા માટે ઉપરના પાંચ ગુણો અનિવાર્ય છે. જો પાંચ ગુણો આવે તો બીજા અનેક ગુણો સાનુબંધરૂપે આવતા જાય છે.

## ઋજુવ્યવહાર

ઋજુ = સરળ. બીજાની સાથે સરળતાથી વ્યવહાર કરવો. તે માટેની નીચેની ચાર (૪) વાતોને વ્યવહાર કરતી વખતે અપનાવવી.

(i) યથાર્થકથન

(iii) થતું નુકસાન બતાવવું

(ii) અવંચનક્રિયા

(iv) સદ્‌ભાવપૂર્વક મૈત્રીભાવ

**(i) યથાર્થકથન :** બીજાની સાથે વ્યવહાર કરતી વખતે

(A) સહુ પ્રથમ યથાર્થ પરિસ્થિતિ જાતે જાણી લેવી. બીજાના વચન પર ભરોસો ન રાખવો.

(B) સામાનો સ્વભાવ/પરિસ્થિતિ પણ જાણવા.

(C) સામાનો ખોટો ભય ન રાખવો. જે હોય તે કહી દેવું. ખોટા મસ્કાપોલીશ મારીને સામાને નુકસાનીમાં ન ઉતારવા.

(D) કહેતી વખતે પોતાના સ્વાર્થહાનિ, માનભ્રંશ, ખોટો ડર, ખોટું લાગશે વગેરેનો ભય ન રાખવો.

(E) યોગ્ય અવસરે-યોગ્ય રીતે-યોગ્ય શબ્દોથી કહેવું, આવેશ કે ગભરાટથી ન કહેવું.

(F) વડિલો સાથે નમ્રતા/વિનયપૂર્વક વાત કરવી.

(G) સમાનની સાથે પ્રેમ/સ્નેહપૂર્વક વાત કરવી.

(H) નાનાની સાથે વાત્સલ્ય/સહાનુભૂતિપૂર્વક વાત કરવી, ક્યારેક ભય/કડકાઇ પણ બતાવવા પડે.

(I) સામો માણસ લાભના કાર્યમાં/આરાધનામાં પ્રવર્તે તેવી વાત કરવી.

(J) કામ/ક્રોધ/મોહ/અજ્ઞાનાદિથી અટકે તેવી વાત કરવી.

(K) સામેવાળો આરાધનામાં ન પ્રવૃત્તિ કરી શક્તો હોય તો તેના કારણો જાણવા.

જો એ કારણો છૂટી શકે તેમ હોય તો તેનો માર્ગ બતાવવો અને ન છૂટી શકે તેમ હોય તો તેમાં રાખવાની સાવધાની બતાવવી.

જેને આપણા ઉપર મમતા/સ્નેહ હોય, જે આપણને ઉપકારી/સાચી સલાહ આપનાર, નુકસાનીથી બચાવનાર કલ્યાણમિત્ર તરીકે સમજતો હોય, અથવા કલ્યાણમિત્ર તરીકેની બુદ્ધિ ઉભી થાય તેમ હોય તો તેને યથાર્થકથન કહેતા સંકોચ રાખવો નહિ.

વિજયપુર નગર....

યશઃસાગર રાજા....

નગરશેઠ કમલ... ધર્મપત્ની કમલશ્રી... કુલકલંકી ધનલોભી પુત્ર વિમલ....

પિતાની અનિચ્છા છતાં બીજા મોટા વેપારીઓની સાથે યોગ્ય કરિયાણું લઈને મલયપુર નગરમાં ગયો. પોતાનો માલ વેચી, નવો માલ ખરીદી પોતાની જન્મભૂમિ તરફ પાછો ફરે છે ત્યાં રસ્તામાં વર્ષાઋતુનું આગમન થતાં માર્ગો કાદવકીચડવાળા થઈ ગયા, તેથી છાવણી નાંખીને ત્યાં જ રોકાઈ જાય છે.

તે જ વખતે વિજયપુરનો જ એક વેપારી 'સાગર' સમુદ્રમાર્ગે ત્યાં આવ્યો એટલે વિમલે તેને કહ્યું, ''ચાલ, આપણે સાથે જ સ્વસ્થાને જઈએ.''

''એમ કરીએ, પણ તું મારી છાવણીમાં ચાલ''

''ભલે..'' એમ કહી વિમલ તેની છાવણીમાં ગયો. પરસ્પર માલની લેવડદેવડ કરતાં હાથ- ચાલાકીથી વિમલે દશ હજાર સોનામહોરો લઈ લીધી.

ત્યારબાદ ઘોડા પર બેસી તેઓ પોતાના નગર તરફ ચાલ્યા. નગર નજીક આવતાં કમલશ્રેષ્ઠિ પોતાના પુત્રને સામે લેવા આવે છે. તેમને જોઈ બન્ને જણા ઘોડા પરથી ઉતરી જઈ નમી પડે છે.

ત્રણ જણા સાથે જ નગર તરફ જતાં હોય છે, તે સમયે સાગર વિમલને કહે છે, ''પ્રત્યક્ષથી ન જોવા છતાં આંખે દેખ્યા અહેવાલની જેમ તને એક વાત જણાવું. અહીંથી થોડે દૂર સુંદર મજાના આંબાથી ભરેલું ગાડું જઈ રહ્યું છે. તેને કોઢ રોગથી પીડાતો એક બ્રાહ્મણ ચલાવે છે. ગાડાના જમણે પડખે ગળિયો બળદ અને ડાબા પડખે

લંગડો બળદ જોડેલો છે. પગે ચાલતો ચાંડાલ ગાડાથી થોડે દૂર રહીને માર્ગ દેખાડે છે. કોઈકની રોષે ભરાયેલ પત્ની પોતાનું નિત્યકર્મ કરી પાછી ફરીને ગાડામાં બેસે છે, તેણી ગર્ભિણી છે, પુત્રને જન્મ આપનારી છે, કુંકુમથી શણગાર કર્યા છે, બકુલના પુષ્પોની માળાથી બનેલી વેણી પહેરી છે, લાલ રંગનું ઉત્તારીય વસ્ત્ર પહેર્યું છે અને શરીર પર ઘા પડેલા છે...''

''શું તું સર્વજ્ઞ થઈ ગયો છે કે પછી જીભ મળી એટલે જેમ તેમ બોલવાનો પરવાનો મળી ગયો છે? બાલિશોને જેમ તેમ બોલવું શોભે, તારા જેવા શાણા પુરુષને નહિ !!!'' વિમલ ઉકળી ઉઠ્યો.

''હાથ-કંકણને આરસીની શી જરૂર ? નજીકમાં જ ગાડું જઈ રહ્યું હશે, ત્યાં પહોંચીશું એટલે સત્યાસત્યનો નિર્ણય થઈ જશે.''

''અરે ! ધિઠ્ઠાઈની પણ હદ હોય છે. હજી પણ 'મારો ક્કો ખરો,' એમ પત્તાના મહેલ જેવી કાલ્પનિક વાતને પકડી રાખે છે ? જો આટલું બધું અભિમાન હોય તો લાગી શરત, જો તું સાચો ઠરે તો મારું સર્વસ્વ તારું, અને જો તું ખોટો પડ્યો તો તારું સર્વસ્વ મારું.'' સાગરની સંપત્તિ પર જેની નજર બગડી છે એવા વિમલે દાઢમાં હસીને કહ્યું.

ક્રોધિત થયેલા સાગર શ્રેષ્ઠિએ હાથ સાથે હાથ મિલાવી કમલ શેઠને સાક્ષીમાં રાખી શરત લગાવી. આગળ જતાં ગાડું મળ્યું પણ સ્ત્રીને ન જોતાં ખુશ થઈ વિમલે ગાડાખેડૂને પૂછ્યુ, ''પેલી સ્ત્રી કેમ નથી દેખાતી ?''

"તેણી ગર્ભવતી હોવાથી વનમાં ગઈ છે, અને આ જ શહેરમાં રહેતી તેની માતાને સમાચાર આપવા ચાંડાલને મોકલ્યો છે. હું બ્રાહ્મણ છું. આ વણિક પત્નીને એના પતિએ મારીને ઘર બહાર કાઢી મૂકી છે. પણ પાડોશીના નાતે હું એને છોડી શકતો નથી".....

એટલામાં જ પેલી સ્ત્રીની માતા તથા ચંડાલ ત્યાં આવ્યા અને પુત્રજન્મના સમાચાર બ્રાહ્મણને આપ્યા. આ બધું જોઈ પિતા-પુત્ર ત્યાંથી ચાલવા માંડયા એટલે સાગરે વિમલને કહ્યું, "તારો બધો માલ મારા ઘરે મોકલી આપજે."

"ભાઈ ! જેવી મશ્કરી કરવી હોય તેવી કર."

"કોણ હમણાં ઝગડો કરે" એમ વિચારી સાગરે પોતાના માણસો દ્વારા વિમલનો માલ પોતાના ઘરે પહોંચાડી દીધો. વિમલે પોતાના પિતા અને સાક્ષી એવા કમલને "આ તો મશ્કરી હતી' એમ સાગરને સમજાવવા કહ્યું, પણ સત્યપ્રતિજ્ઞાવાળા કમલે તે વાત ન સ્વીકારતાં વિમલને પોતાની પ્રતિજ્ઞામાં અડગ રહેવા જણાવ્યું. ગુસ્સે થયેલો વિમલ પિતાનો તિરસ્કાર કરી ભેટણું લઈ રાજાની સભામાં ગયો.

રાજાને ભેટણું ધરી સભામાં બેઠો. તે વખતે તેનું ઉતરી ગયેલું મુખ જોઈ રાજાએ પુછયું-. "શોકમગ્ન કેમ દેખાય છે ?

"સાગરે મારું બધું દ્રવ્ય લઈ લીધું છે તેથી..."

"તેણે કેમ લઈ લીધું ?"

"એ તો આપ તેને જ પૂછી લો"....

રાજાએ સાગરને બોલાવી પૂછતાં તેણે બધી હકીક્ત કહી. આશ્ચર્યચકિત થયેલા રાજાએ ''આ બધું કેવી રીતે જાણ્યું'' એમ પૂછતાં સાગરે કહ્યું,....

- ❑ આંબાની વાસથી વાસિત બનેલા તણખલાના કારણે આંબાના ફળ છે તેમ જાણ્યું.
- ❑ ગળિયો બળદ વારંવાર બેસી જાય, તેથી બેસવાના નિશાન પરથી બળદ ગળિયો છે તે જાણ્યું; પગલા પરથી ડાબી બાજુનો બળદ લંગડો છે તે જાણ્યું;
- ❑ વારંવાર છાંટેલા પાણીથી પવિત્રતાનો આગ્રહી, તેમજ બળદના પૂછડાના વાળ અને ખોસવાના પરોણાના ટુકડા દેખવાથી તે ક્રોધી દેખાવાથી બ્રાહ્મણ છે તેમ જાણ્યું, તથા તેના પગલામાં રસી પડી હોવાથી તથા માખી ચોંટી હોવાથી કોઢિયો છે તેમ નિશ્ચય કર્યો.
- ❑ પરોણાનો ટૂકડો તૂટીને જમીન પર પડે તો પાણી છાંટીને ગ્રહણ કરતો હોવાથી આગળ ચાલનાર વ્યક્તિ ચાંડાલ હશે એમ વિચાર્યું.
- ❑ વેલડામાંથી ઉતરેલી સ્ત્રી મળશુદ્ધિ માટે વનમાં ગઈ ત્યારે ઉઠતી વખતે જમણો પગ જમીન પર ટેકવ્યો તેથી આવનારું બાળક પુત્ર હશે તેમ જાણ્યું.
- ❑ શુદ્ધિનું પાણી લાલવર્ણનું હોવાથી કુંકુમથી શોભા કરી હશે તેમ જાણ્યું.
- ❑ બોરડીના કાંટામાં ભરાયેલા વસ્ત્રના રેષાથી લાલવસ્ત્ર પહેર્યાનું અનુમાન કર્યું.

❒ પગલા પાછળથી દબાયેલા હોઈ વારેવાર પાછળ જોતી હશે, તેથી રિસાયેલી સ્ત્રીનું અનુમાન કર્યું.

❒ વાળના અંબોડામાંથી ખરેલી ફુલપાંદડીઓથી બકુલની વેણીનો નિશ્ચિય કર્યો.

❒ પગલામાં પાટાના ચિહ્નથી ઘા લાગ્યા હશે તેમ જાણ્યું.....

આમ આખોય પ્રસંગ સૂક્ષ્મ નિરીક્ષણ અને અનુમાન દ્વારા મેં કહી આપ્યો''

''સાગર ! તમારા બન્નેની શરતમાં સાક્ષી કોણ ?''

''રાજન્ ! કમલ શેઠ''

''તો તો પછી આ બધું ધન તેમનું જ થઈ જવાનું....''

''ના, ના દેવ ! આ ધાર્મિકશિરોમણી તો નીતિમાન છે. સદા સત્યને જ પોતાનો પ્રાણ માનનારો છે. મારે તો તેનું કથન જ પ્રમાણ છે.''

સાગરનો આટલો વિશ્વાસ જાણી રાજાએ કમલશેઠને બોલાવી સાચી હકીક્ત જણાવવા કહ્યું, ત્યારે 'પુત્ર, પત્ની, સ્વજનાદિ ગુસ્સે થશે, લોકો નિંદા કરશે, ઘણું ધન ગુમાવવું પડશે,' આવો કોઈ પણ જાતનો ભય રાખ્યા વગર ''સાગર જે કહે છે, તે સાચું છે,'' એમ કહ્યું.

ખુશ થયેલા રાજાએ પોતાના ગળાનો હાર તેને પહેરાવી બહુમાનનો મુકુટ પહેરાવી, બહુમાન કર્યું. વિમલને ઠપકો આપી છોડી મૂક્યો અને સાગરને તીક્ષ્ણ બુદ્ધિના કારણે મહામાત્ય બનાવ્યો.

સાગરે ખુશ થઈ વિમલનો બધો માલ કમલને આપ્યો.

આમ સત્યના કારણે અગણિત ધન, અમાપ કીર્તિ અને અનેક લોકોનો પ્રેમ મેળવી છેલ્લે દીક્ષા લઈ, કેવળજ્ઞાન પામી કમલશ્રેષ્ઠિ પરમપદને પામ્યા.

સત્યવચન જીવનમાં શાંતિ-સમાધિને નિશ્ચિત બનાવે છે, લોકપ્રિયતા અપાવે છે અને બીજાને ધર્મમાર્ગમાં સ્થિર કરે છે, માટે સત્યભાષી બનવું.

**(ii) અવંચનક્રિયા :**

વંચન = ઠગવું; અવંચન = સરળભાવ. રોજીંદા વ્યવહારમાં તમામ પ્રવૃત્તિઓ સરળ હૃદયથી, સરળ વ્યવહારથી કરવી. સાચું અને સ્પષ્ટ કહેવા પૂર્વક બીજાની જોડે વ્યવહાર કરવો. નિખાલસ અને સ્વચ્છ વ્યવહારથી સામાના હૃદયમાં સરળતાની મહત્તા વધે, પોતાના ઉપર વિશ્વાસ વધે, એનો પણ આપણી તરફ સરળ વ્યવહાર થાય, હૃદય નિર્મળ રહે, માયાના સંસ્કારો નાશ પામે, સરળતા સ્વાભાવિક બની જાય, અને અનુપયોગ અવસ્થામાં પણ સરળતા જ રહે, માયા ન આવે.

મન, વચન, કાયાથી, પોતાના સ્વાર્થ, મોહ અને અજ્ઞાનથી બીજાને ઠગવાની પ્રવૃત્તિ ન કરવી, તેવા વચનો ન બોલવા. બીજાને ખોટી રીતે ખુશ કરવા માટે પણ અસત્ય બોલવું નહિ. બીજાની વસ્તુ લેવા/આપવામાં પણ ઠગવિદ્યા ન અજમાવવી. હૃદયના સરળભાવથી - અવંચનના પરિણામથી

(A) બધું જ અનુકૂળ થાય છે.

(B) બુદ્ધિનો ક્ષયોપશમ તીવ્ર થાય છે.

(C) દરેક શુભક્ષેત્રમાં આગળ આવીએ તેવો ક્ષયોપશમ મળે છે, તેવું પુન્ય બંધાય છે.

(D) સદ્‌ગતિની પરંપરા મળે છે.

સરળભાવપૂર્વકની ક્રિયા કરવાથી પાપપ્રવૃત્તિ, પાપવાસના, સ્વાર્થાંધતા, અતિલોભ, અભિમાન વગેરે દોષો આપોઆપ ઘટે છે.

જ્યારે બીજાને ઠગવાથી, ઠગવાનો વિચાર કરવાથી-

(A) આત્મા સ્વભાવથી વક્ર બને છે.

(B) બીજાને તેના પર વિશ્વાસ બેસતો નથી.

(C) વાતવાતમાં વિના·કારણે માયા કરે.

(D) અશુભકર્મ અને મહામોહ બંધાય.

(E) જ્ઞાનાદિ શક્તિઓ નાશ પામે.

(F) ભવાંતરમાં બુદ્ધિહીન અને અવિવેકી થાય.

(G) દુર્ગતિની પરંપરા મળે.

(H) ધર્મને માટે અયોગ્ય બને.

ઉજ્જૈની નગરીમાં હરિનંદી શ્રેષ્ઠિ વસતો હતો. બાજુના ગામમાંથી એકવાર એક ભરવાડણ ઘી-દહીં લઈને તેને ત્યાં વેચવા આવી.

શ્રેષ્ઠિ ઘી વગેરે લઈ તેને મીઠુ-તેલ વગેરે જે જોઈતું હતું તે આપ્યું પછી ભરવાડણે કહ્યું કે, ''શેઠ ! બે રૂપિયાનું રૂ આપોને....''

શ્રેષ્ઠિએ થોડું થોડું બે વાર જોખીને તેને આપ્યું ભરવાડણને ખબર ન પડી અને શેઠે એક જ રૂપિયાનુ રૂ આપી તેને ઠગી.

ભરવાડણ તો રૂ લઈને ચાલી ગઈ. શેઠ એક રૂપિયો મફતમાં મળવાથી મનમાં મલકાય છે. તેવામાં શેઠાણી ઘરજરૂરિયાતની સામગ્રી લેવા દુકાને આવ્યા. તેમને જોઈને શેઠે ઘી-ખાંડ-લોટ વગેરે આપીને આજે ભોજનમાં ઘેબર બનાવવા કહ્યું. શેઠ ઘેબરના ધ્યાનમાં દુકાન બંધ કરી, સ્નાન કરવા માટે નદી પર ગયા.

આ બાજુ શેઠાણીએ ઘરે જઈને ઘેબર બનાવીને મૂકયા ત્યાંજ બાજુમાંથી મિત્ર સાથે જમાઈ આવ્યા. બપોરનો સમય હોવાથી શેઠાણીએ જમવાનું આમંત્રણ આપ્યું જમાઈએ સ્વીકાર્યું અને જમવા બેઠા. શેઠાણીએ ઘેબર પીરસ્યા. જમીને બીજુ કામ હોવાથી જમાઈ ચાલ્યા ગયા.

શેઠ સ્નાન કરી ઘરે આવીને જમવા બેઠા. શેઠાણીએ રોટલી-દાળ-ભાત પીરસ્યા. રોજની જેમ સાદુ ભોજન જોઈને શેઠ તાડૂક્યા. ''આળસુ ! હરામ હાડકાની ! મને ખબર જ હતી કે તું કરવાની જ નથી. મહિનામાં એક વાર બનાવવાનું હોય તો પણ તને જોર પડે છે.''

''મારી વાત તો સાંભળો. દુકાનેથી માલ લાવીને સીધી હું ઘેબર જ બનાવવા બેઠી. જ્યાં પૂરા કરીને ઉભી થઈ ત્યાં જમાઈ આવ્યા અને જમીને ચાલ્યા ગયા હવે બોલો ! મારો શું ગુનો ?'' શેઠાણી બોલ્યા.

શેઠ ઝડપટ જમીને બહાર નીકળી નગરની બહાર એક જગ્યાએ જઈ વિચારવા લાગ્યા, ''ધિક્કાર થાઓ

મને ! ધનની મૂર્ચ્છાથી પેલી ભોળી ભરવાડણને મેં લૂંટી. તેનું ફળ તો બીજાએ ભોગવ્યું. મારે માથે માત્ર પાપનું પોટલું ચઢ્યું. આખી જિંદગી મેં બીજા ભોળા માણસોને ઠગવાનું જ કામ કર્યું છે. દુર્ગતિની પરંપરા મેં જાતે જ કેટલી લાંબી ઉભી કરી. મારા જેવો હાથે કરીને ખાડામાં પડનારો મૂર્ખ બીજા કોણ મળે ?''

આ વિચારધારા ચાલતી હતી તે વખતે બાજુમાંથી એક મુનિભગંવત પસાર થયા.

''પ્રભુ ! મારા પર કૃપા કરો. એક ક્ષણ ઉભા રહો. આપને મારે થોડું પૂછવું છે....'' વિચારમાંથી બહાર આવી શેઠે કહ્યું.

''શેઠ ! હું હમણાં મારા અગત્યનાં કામે જઈ રહ્યો છું, એટલે સમય નથી.''

''ભગવંત  સૌ પોતાનાં જ કામમાં મસ્ત હોય છે. બીજાઓનું કોઈ કામ કરે છે ખરું ?'' શેઠે બીજો પ્રશ્ન પૂછ્યો.

''હા ! તારા જેવા મૂર્ખાઓ બીજાઓનું જ કામ કરતા હોય છે. આખી જિંદગી તેમાં જ પૂરી કરે છે. પોતાના કામની તેને ગતાગમ હોતી જ નથી.'' મુનિવર મર્મવેધક વાક્ય બોલીને ચાલ્યા ગયા.

શેઠ પાછળ પાછળ ઉદ્યાનમાં ગયા. વંદનાદિ કરી બેઠા, યોગ્ય જાણી મુનિવરે દેશના આપી.

''ભગવંત ! સંસારનું સ્વરૂપ જોઈ લીધું. પાપ સિવાય સાથે કંઈ આવવાનું નથી. મારું મન હવે સંસારથી ઉઠી

ગયું છે. જો આપ મને યોગ્ય જાણો તો સંયમ આપવાનો ઉપકાર કરો. હું સ્વજનોને પૂછીને આવું છું.'' ઘરે આવીને શેઠે સ્વજનોને બોલાવી કહ્યું, ''અહીં બરોબર વેપાર ચાલતો નથી. જોઈએ તેવી કમાણી પણ થતી નથી. તેથી પરદેશ કમાવવા જાઉં છું. અહીંથી બે સાર્થ જાય છે. તેમાં પહેલો સાર્થ એવો છે કે જે પોતાનાં પાંચરત્નો વેપાર માટે આપે છે. સામે જે નગરમાં જવું હોય ત્યાં પહોંચાડે છે, અને વેપારમાં જે કમાણી થઈ હોય તે માંગતા નથી.

''જ્યારે બીજો સાર્થ કંઈ આપતો નથી. સામે નગરમાં પહોંચાડતો પણ નથી અને તમારી પાસે જે કાંઈ હોય તે લઈ લે છે.''

''હવે તમે જ સલાહ આપો કે આ બેમાંથી કયા સાર્થ જોડે જવું હિતાવહ છે ?''

''શેઠ ! એમાં પૂછવાનું શું હોય. પ્રથમ નંબરના સાર્થ જોડે જ જવાય.'' સ્વજનો એક સાથે બોલ્યા.

પછી શેઠ તેઓને નગરની બહાર ઉદ્યાનમાં જ્યાં મુનિવર બિરાજમાન હતાં ત્યાં લઈ ગયા.

જુઓ ! આ પ્રથમ નંબરના સાર્થવાહ છે. પોતાની પાસે રહેલા પાંચ મહાવ્રતરૂપી રત્નો આપે છે. સામે મોક્ષનગરમાં પહોંચાડવાની જવાબદારી લે છે અને વેપારમાં જે કમાણી (પુન્યબંધ) થાય તે માંગતા નથી.'' શેઠે વાતનો ઘટસ્ફોટ કરતાં કહ્યું. પછી સ્વજનોની અનુજ્ઞાથી દીક્ષા લઈ કર્મોનો નાશ કરી મોક્ષ સુખને પ્રાપ્ત કર્યું. માટે ધર્મી આત્માએ બીજાને ઠગવા માટેનો મનથી પણ વિચાર ન કરવો.

**(iii) થતું નુકસાન બતાવવું :**

સામાન્યથી માનવી દરેકની જોડે મીઠો વ્યવહાર રાખવા ઈચ્છે છે. જ્યારે પોતાનો સ્વાર્થ ઘવાય ત્યારે કડવો થઈ જાય છે.

બીજાની સાથે વ્યવહાર રાખનારે એક વાત ખાસ ખ્યાલમાં રાખવી જરૂરી છે કે તમે જેની સાથે વ્યવહાર રાખો છો તેને ભૌતિક/ આધ્યાત્મિક/ સામાજિક નુકસાન થતું હોય/થવાનું હોય તો તેને સરળભાવથી બતાવી દેવું જોઈએ. જે વ્યક્તિ/વસ્તુ/પ્રવૃત્તિથી જેવા જેવા નુકશાન થવાના હોય તે બધું જ બતાવી દેવું જોઈએ. પરંતુ આવા નુકશાનો બતાવીશ તો તેને ખોટું લાગશે એવો વિચાર કરી મૈત્રી ટકાવવા માટે નુકશાનો ન બતાવવા તે મૈત્રી નથી, પણ દંભ છે. કલ્યાણમિત્રની ફરજ છે કે સ્નેહ કરતા, પણ સરળતાને મુખ્ય કરવી. તેથી જે નુકશાનો સંભવિત હોય તે બતાવી દેવા જોઈએ. આમ કરવાથી પોતે અને બીજા લોકો પણ નુકશાનથી બચી જાય છે.

**બીજાને થતા નુકશાનો બતાવવાથી**

(A) સ્નેહ, દીર્ઘદ્રષ્ટિની વૃદ્ધિ થાય છે.

(B) સામી વ્યક્તિનો વિશ્વાસ/સમર્પણભાવ આપણા પર વધે છે.

(C) ઋજુવ્યવહારમાં દૃઢતા આવે છે.

(D) નિર્ભયતા/નિખાલસતાની પ્રાપ્તિ થાય છે.

(E) સામી વ્યક્તિનું રક્ષણ થાય છે.

**આ દુનિયામાં આપણી સારી વાતો કરનારા બધા મળશે, પણ જે આપણા આત્મીય હશે તે જ આપણા માર્મિક દૂષણો બતાવશે અને દૂર કરશે.**

વ્યક્તિની માત્ર પ્રશંસા કરવા કરતા તેનામાં રહેલા માર્મિક દોષો પ્રેમથી બતાવી તેને દૂર કરાવે તે જ સાચો સ્નેહી છે. આપત્તિમાં રક્ષણ કરે / આપત્તિથી બચાવે અને આપત્તિ ન આવે તેવી બુદ્ધિ/ સલાહ આપે અને સહાય કરે તેને સાચો સ્નેહ જાણવો.

ભદ્દિલપુરમાં કેસરી નામે ન્યાયી રાજા રાજ્ય કરતો હતો. કર્ણની હરોળમાં મૂકી શકાય એવા ભદ્ર નામના શ્રેષ્ઠિ નગરનું ભૂષણ હતાં. ''દિવા પાછળ અંધારૂં'' એ ન્યાયે પુત્ર પિતા કરતા ઉંધા જ લક્ષણવાળો હતો. એક જ લેશ્યા - ક્યાંથી ધન મળે છે ? કેવી રીતે મળે છે ? તે માટે બીજાને ઠગવા પડે તો તે કરીને ધન મેળવવું જ.

એક વાર પિતા-પુત્ર ઉદ્યાનમાં ફરવા ગયા. ત્યાં અશોકવૃક્ષ નીચે શાંત તપોમૂર્તિ એક મહાત્માને બેઠેલા જોયા. ત્યાં જઈ વંદન કરી બેઠા. દેશના સાંભળી શ્રાવકધર્મને ગ્રહણ કર્યો. વર્ષો સુધી શ્રેષ્ઠિએ સુંદર રીતે તેનું પાલન કર્યું.

પોતાની છેલ્લી ઉંમર જાણીને શ્રેષ્ઠિ વેપાર-ધંધામાંથી મનને વાળીને વિશેષ રીતે ધર્મારાધનામાં લાગી ગયા. પરલોકનું ભાથુ બંધાય તેટલું બાંધવા માંડયા.

આ બાજુ પિતા દુકાન વગેરેમાં આવતા બંધ થવાથી પુત્રને મોકળું મેદાન મળી ગયું. કોઈ તેને રોકટોક કરનાર રહ્યું નહિ, તેથી અનીતિ વ્યવહાર વધવા લાગ્યા.

પિતાએ તેને ૨-૪ વાર સમજાવ્યો, પરંતુ તેની નજર તો ધનના ઢગલા ઉપર જ હોવાથી પથ્થર ઉપર પાણી જેવું થયું.

એવામાં એકવાર ધન દુકાને બેઠો છે. ત્યારે એક હાર અને બે કુંડલ લઈને એક ચોર આવ્યો. વેચવાની ભાવના જાણી ધને તેને થોડું ધન આપી રવાના કર્યો.

ધન તે હાર લઈને બેઠો તેવામાં વિમલ નામનો રાજાનો માણસ કોઈ કામે તેની દુકાને આવ્યો. ધન એકદમ ઉભો થયો અને ખોળામાંથી હાર પડયો.

વિમલે હાર જોયો અને બે કુંડલો માંગ્યા. ધન આપવા માટે ગલ્લાતલ્લા કરવા લાગ્યો એટલે વિમલે અવાજ કરી કોટવાલને બોલાવી બેડી નંખાવી રાજા પાસે લઈ ગયો અને બધી વાત જણાવી.

રાજાનો ગુસ્સો આસમાને પહોંચ્યો. તેની પાસે સાચું બોલાવવા માટે વિવિધ પ્રકારની શિક્ષાઓ કરી. અંતે હારીને ધને કુંડલો આપ્યા.

ભદ્રશેઠે આવીને રાજાને નજરાણું ધર્યું. સમજાવીને રાજાનો ગુસ્સો શાંત કર્યો અને પુત્રને છોડાવ્યો.

ઘરે આવી અનીતિનું આ લોકમાં જ ફળ જોઈ વૈરાગી થયેલ ભદ્રશ્રેષ્ઠિએ દીક્ષા ગ્રહણ કરી અને આત્મકલ્યાણ કર્યું.

ધન આટલું અનુભવવાં છતાં અનીતિ છોડવા તૈયાર ન થયો. આખી જીંદગી અનીતિ-કૂડ-કપટ કરીને ધન ભેગું કર્યું અંતે બધું મૂકીને પાપનું પોટલું લઈને સીધો નરકમાં પહોંચ્યો.

**સામાને થતા નુકશાનો ન બતાવવાથી**

(A) આપણને નુકશાન થવાનો સંભવ છે.
(B) લોકમાં-આપણી માનહાનિ/આબરૂહાનિ થાય છે.
(C) આપણને સંક્લેશ થાય.
(D) આપણા આશ્રિતોનેય નુકશાન થાય.
(E) હૃદય ધીટ્ઠું બને.
(F) અંતરાય કર્મ બંધાય.
(G) વ્યવહારમાં કુશળતાનો ગુણ ચાલ્યો જાય.
(H) સામી વ્યક્તિ નુકશાનમાં પડવાથી તેને પણ સંક્લેશ/ અસમાધિ થાય.
(I) તેનો પરિચિત વર્ગ પણ અસમાધિમાં પડે.
(J) દુ:ખ/અસમાધિને લીધે હાર્ટફેઈલ થાય, આપઘાતાદિ કરે.

**સદ્ભાવપૂર્વક મૈત્રીભાવ :**

સદ્ભાવ = સારો ભાવ. સારા ભાવપૂર્વક સદ્ભાવવાળા સાથે મૈત્રી રાખવી અથવા મૈત્રી રાખીને સામાને સદ્ભાવવાળો બનાવવો.

ક્રોધ-લોભ-માયા-સ્વાર્થ-મદ વગેરે અશુભભાવો સાથે કરેલી મૈત્રી અસદ્ભાવપૂર્વકની મૈત્રી કહેવાય. આવા ભાવથી કરેલી મૈત્રી સામાને આપણા પર સદ્ભાવ ન જગાડે.

મૈત્રી થવાના અનેક કારણો છે. અર્થ/કામ/ધર્મના નિમિત્તે મૈત્રી થાય, સમાન વય/સ્વભાવ/રુચિ/શક્તિના કારણે મૈત્રી થાય, હીન-અધિક વયવાળા સાથે પણ ક્યારેક મૈત્રી બંધાય, પરોપકારના કારણે મૈત્રી થાય,

મોહ-સ્વાર્થને લીધે પણ મૈત્રી થાય અને એકલ-વાયાપણાના કારણે પણ મૈત્રી થાય.

મુખ્યતયા મિત્રતા સમાન વયના કારણે થાય. સમાન વયમાં પણ વૃત્તિ/પ્રવૃત્તિ/રહેણી/ કરણી સમાન હોય તો મૈત્રી જામે. તેમાં જે બળવાન/દૃઢ મનોબળ-આગ્રહવાળો હોય તે નિર્બળને પોતાના તરફ ખેંચે, પોતાના જેવો બનાવે. પોતે સારો હોય તો બીજાને ય સારો બનાવે પોતે ખરાબ હોય તો બીજાને ય ખરાબ બનાવે.

જેની સાથે જે કારણે મૈત્રી હોય તે કારણમાં વાંધો પડે તો મૈત્રી તૂટે, તે કારણમાં નુકશાન થાય તો વેર બંધાય, કારણ બરાબર ન સધાય તો મૈત્રી મોળી પડે. કારણપ્રધાન નહિ પણ સ્નેહપ્રધાન મૈત્રી હોય તો તે સ્નેહ જ્યાં સુધી અકબંધ હોય ત્યાં સુધી મૈત્રી અકબંધ રહે.

**સ્નેહજન્ય મૈત્રી પણ નીચેના કારણે તૂટે -**

(A) જે વ્યક્તિ કે વસ્તુ પર આપણને સ્નેહ હોય તે વિપરીત વર્તન કરે યા અનુકૂળ ન વર્તે ત્યારે.

(B) આપણા સ્નેહી કરતા આપણો સ્વભાવ/આપણી પ્રવૃત્તિ વિપરીત હોય, વિરોધવાળી હોય અને એમાં એ અટકાવવા પ્રયત્ન કરતા હોય ત્યારે.

(C) આપણા સ્વભાવ કે પ્રવૃત્તિથી પ્રતિકૂળ એવી સામાની પ્રવૃત્તિ/વિચારણા હોય અને એમાં આપણે હસ્તક્ષેપ કરીને વિક્ષેપ કરતા હોઈએ ત્યારે.

(D) આપણા સ્નેહીની પ્રવૃત્તિથી આપણું કે આપણા આશ્રિતોનું માન ઘવાતુ હોય તેથી તેના વિરોધી થવુ અનિવાર્ય બને ત્યારે.

(E) આપણી ધર્મભાવના વધવાથી પણ સામામાં તેવી ભાવના ન હોવાથી, આપણા હિતથી વિપરીત હોવાથી સ્નેહ/મૈત્રી ઘટે-તૂટે.

## સદ્ભાવપૂર્વક મૈત્રી જમાવવાના કારણો.....

(A) સારી વાતોનું પાલન કરવું/કરાવવું/ તેની પ્રેરણા કરવી.

(B) ખોટી-નુકશાનકારી આલોક કે પરલોક સંબંધી વાતોનો ત્યાગ કરવો.

(C) તેવી વાતોથી થતા નુકશાનોને જોવા/વિચારવા.

(D) પોતાના આશ્રિત વર્ગને પોતાનું કહેવું માને, સાંભળે. તેઓને ખોટી વાતોથી થતા નુકશાનો બતાવવા, જેથી તેવો પ્રસંગ આવે ત્યારે તેનાથી અટકી જાય.

(E) કદાચ ન અટકે તો સામ/દામ/દંડ/ભેદ વગેરે દ્વારા આવડતથી અને ક્યારેક કડકાઈથી-ભયથી એમાં પ્રવર્તતા અટકાવે.

(F) પાપમિત્રો સાથે સંગત કરતા અટકાવવા.

(G) પોતાના બીજા કાર્યોને ગૌણ કરી એને તન/મન/ ધનથી અવસરે સહાય કરવી, રક્ષણ કરવું, ટેકો આપવો.

(H) પોતાના પુત્ર કરતા પણ વધુ વાત્સલ્યભાવ બતાવી તેની યોગ્યતા મુજબ તેને આગળ વધારવો, સદાચારમાં સ્થિર કરવો.

(I) પોતાની દુર્બુદ્ધિને લીધે જો પાપોથી તે પાછો ન ફરે તો પણ આપત્તિથી ઘેરાય ત્યારે તેને સદ્બુદ્ધિ

આપવી, તેનો બચાવ કરવો અને તેને ધર્મમાં સ્થાપવો.

(J) વિશેષ દોષવાળા, વિશેષ દુર્બુદ્ધિવાળા તેમજ જાણી જોઈને લોક-લોકોત્તર વિરુદ્ધ આચારોનું સેવન કરતા હોય તેમની સાથે મૈત્રી ન રાખવી, તેમજ વાત્સલ્ય પણ ન બતાવવું.

(K) પોતાના ભાવો સારા રાખવા તથા બીજાના ભાવોને સારા રાખવા પ્રેરણા કરવી, સહાય કરવી.

(L) વ્યવહારમાં પણ મદ/માન/મોહ/મમતા વગેરે અશુભભાવોને ઘટાડવા તથા બીજા કરતા હોય તો તેનું વારણ કરવું.

શ્રીપુર નગર...... સમુદ્ર શ્રેષ્ઠિ...... સુમિત્ર નામનો સરળ-નિષ્કપટી પુત્ર.

તે જ નગરમાં રહેતો નિર્ધર્મી-લોભી-બીજાના મર્મસ્થાનોને ઉઘાડનારો વસુમિત્ર નામનો તેને મિત્ર હતો.

એકવાર બન્ને જણા ઘણુ કરિયાણું લઈ પરદેશ ધન કમાવા ચાલી નીકળ્યા. મિત્રના ધનમાં લુબ્ધ થયેલા વસુમિત્રે સુમિત્રને માર્ગમાં પૂછ્યું કે "કોઈ પણ કાર્યમાં ધર્મથી જય મળે છે કે પાપથી ?"

"મિત્ર ! આમાં પૂછવાનું શું હોય ? ધર્મથી જ જય પ્રાપ્ત થાય છે. यतो धर्मस्ततो जयः । અમાપ ધન, નિર્મળ કુલ/અતુલ પરાક્રમ/ ઐશ્વર્ય/દેવલોકની ઋદ્ધિઓ કે મોક્ષસંપત્તિ બધું ધર્મથી મેળવી શકાય છે. જો પાપથી

સુખી થવાતુ હોત તો દુનિયામાં કોઈ ગરીબ રહ્યો ન હોત'' સુમિત્રે સ્પષ્ટ વાત કરી.

''ના રે ના ! બધું ઊંધુ ઊંધુ ક્યાંથી શીખી આવ્યો છે ? હરણીયાઓને મારવા છતાં પણ સિંહ મૃગપતિ કહેવાય છે, અને હરણનું રક્ષણ કરવા છતાં હરણનાં લાંછનથી ચંદ્ર કલંકીત કહેવાય છે. પાપીઓ જ સુધી દેખાય છે. લોકોમાં પણ કહેવાય છે. 'ધર્મીને ઘેર તો ધાડ' માણસે અતિસરળ ન થવું જોઈએ. જુઓ, જે ઝાડો સીધા હોય છે તેને લોકો વહેલા કાપી નાંખે છે, અને વાંકાચૂંકા તો આરામથી રહે છે. બળદ પણ ભારવહન કરવા વગેરે ગુણોવાળો થાય છે. એટલે તેને ગાડામાં જોડવામાં આવે છે, જ્યારે ગળીયો બળદ સુખેથી ફરે છે. મારી વાત ખોટી હોય તો મારી પાસે જે કાંઈ છે તે તેને આપી દેવા તૈયાર, અને જો તારી વાત ખોટી નીકળે તો તારે મને આપી દેવાનું.'' વસુમિત્રે શરત મૂકી.

શરત લગાડીને બન્ને બાજુનાં ગામમાં ગયા. ગામ હતું અધાર્મિક- બાપ જન્મારે ધર્મ જેવો શબ્દ જ સાંભળ્યો ન'તો ખાવું-પીવું-મોજ કરવી, આજ તેમનો જીવનમંત્ર હતો.

ગામનાં ચોરે બેઠેલા માણસો આગળ જઈને વસુમિત્રે પોતાની વાત સૌ પ્રથમ તેઓના મગજમાં ઠસાવી દીધી. એટલે સુમિત્રની વાત કોઈ માનવા જ તૈયાર ન થયું.

શરત પ્રમાણે સુમિત્રને બધું આપવું પડ્યું. વસુમિત્ર ધન લઈને ખુશ થતો આગળ વેપાર માટે ચાલ્યો ગયો. સુમિત્ર એકલો વનવગડાને રસ્તે આગળ વધ્યો.

વૃક્ષો પરથી ફળો ઉતારી ખાઈ લીધા અને નદીનાં પાણી પીને દિવસ પસાર કર્યો. હિંસક પશુઓનાં કારણે રાત્રે આગળ વધી શકાય તેમ ન હોવાથી એક મોટા વૃક્ષની બખોલમાં જઈને રહ્યો. આટલું કષ્ટ પડવા છતાં મિત્ર પર ગુસ્સો કરતો નથી. પોતાના જ દુષ્કર્મોનો દોષ કાઢે છે.

આ બાજુ તે વૃક્ષ ઉપર જુદા જુદા દ્વિપો પરથી ઘણા પક્ષીઓ આવ્યા. બધાને ભેગા કરીને વૃદ્ધાવસ્થાને કારણે ત્યાં સ્થિર રહેલા એક પક્ષીએ પૂછયું કે ''હે પક્ષીઓ ! તમે જુદી જુદી જગ્યાએથી ફરી ફરીને અહીં આવ્યા છો, તો તમે જે કાંઈ નવું-આશ્ચર્યકારક જોયું હોય તે મને જાણાવો.''

બધાએ પોતે જોયેલું-સાંભળેલું અવનવું કહી સંભળાવ્યું. છેલ્લે એક પક્ષીએ ગંભીરતાપૂર્વક પોતે જોયેલી વાત શરૂ કરી. ''તાત ! આજે હું સિંહલદ્વિપથી આવું છું. ત્યાં રાજાને કામદેવની પત્ની રતિનાં રૂપને પણ ટક્કર મારે તેવી મદનરેખા પુત્રી છે. ઘણા જ લાડકોડથી લાલન-પાલન કરાતી યૌવનનાં આંગણે આવીને ઊભી રહી. એવામાં એકવાર અચાનક પૂર્વના કર્મો ઉદયમાં આવ્યાં. બન્ને આંખોમાં તીવ્ર વેદના શરૂ થઈ.

''રાજપુત્રી હોવાથી સંપત્તિની-વૈદ્યોની કચાશ નહોતી. ઘણાં ઉપચારો-મંત્ર-તંત્રનાં પ્રયોગો કરાવ્યા પણ વેદનાએ તો દિવસે દિવસે જોર પકડવા માંડયું.

''ત્રણ ત્રણ મહિના પસાર થયા. પોતાનાથી શક્ય એટલા બધાં જ ઉપચારો કરી જોયા પણ કર્મની બલવત્તા આગળ હાથ ધોઈ નાંખવા પડયા. રાજાએ નગરમાં

ઘોષણા કરાવી કે જે મારી પુત્રીને સાજી કરશે તેને પુત્રીસહિત અર્ધું રાજ્ય આપવામાં આવશે.

''પરંતુ જ્યાં મોટા મોટા રાજવૈદ્યોએ હાથ ઊંચા કર્યા હોય ત્યાં કોણ હિંમત કરે ? આજે છ-છ દિવસ પસાર થઈ ગયા. કોઈ પટહને ઝીલતું નથી. તેની વેદનાં જોઈને મને પણ દયા આવી ગઈ. શું તેનું કોઈ ઔષધ જ નહીં હોય ?

''તાત ! આપ તો ઘણા અનુભવોમાંથી પસાર થયા છો. ઘણા વનોમાં ઘૂમી ચૂક્યા છો. આ રોગનું કોઈ ઔષધ હોય તો જલ્દી મને જણાવો.'' પોતાની વિસ્તૃત વાત કહીને પક્ષી થોભ્યું.

''વત્સ ! જાણતાં હોવા છતાં પણ જ્યાં-ત્યાં દિવસે પણ ન કહેવાય તો અત્યારે રાતે તો સુતરામ્ ન કહેવાય, કેમકે ભીંતને પણ કાન હોય છે.''

પરંતુ જ્યારે પક્ષીએ ઘણો આગ્રહ કર્યો ત્યારે વૃદ્ધ પક્ષીને નમતુ જોખવું પડ્યું.

''વત્સ ! ગ્રામાનુગ્રામ વિચરતાં જૈનમુનિઓ એકવાર રાત્રિના વિસામા માટે આ વૃક્ષ નીચે આવીને રહ્યા હતા. તેમાંથી વનસ્પતિનાં ગુણધર્મોને જાણનાર એક મુનિવરે બીજાને કહ્યું કે આ વૃક્ષ લક્ષણવંતુ છે. આનો મુખ્યગુણ આંખનાં કોઈપણ રોગને દૂર કરવાનો છે. તેથી જો વૃક્ષનાં પાંદડાનો રસ કાઢી કોઈ મદનરેખાની આંખમાં નાંખે તો જ તેની વેદના શાંત થાય.'' વૃદ્ધપક્ષીએ ધીમા અવાજે કહ્યું.

નીચે રહેલ સુમિત્ર વિચારે છે કે સર્વજીવોનું હિત ઈચ્છનારા જૈનમુનિઓ કદાપિ અસત્ય વચન બોલે નહિ. માટે આ વૃક્ષના પાંદડા લઈ તેનું દુઃખ દૂર કરું.

પછી વૃક્ષના પાંદડા લઈ તેણે સિંહલદ્વિપ જનારા પક્ષીના પગે પોતાના કેડપટ્ટાનો એક છેડો બાંધ્યો, બીજો છેડો પોતાની કમરે બાંધ્યો.

સવારે પક્ષી ઊડીને સિંહલદ્વિપ પહોંચ્યું. પગથી છેડો ખોલી નાંખ્યો. ધર્મશાળામાં જઈ સ્નાન કરી પડહને અટકાવ્યો. રાજાના માણસો તેને રાજભવનમાં લઈ ગયા.

''રાજન્ ! મારી પાસે એક ઔષધ છે તેનાથી આપની પુત્રીની વેદના હું જરૂરથી દૂર કરી દઈશ. આપ આજ્ઞા આપો. ''સુમિત્રે રાજાને નમસ્કાર કરી આવવાનું પ્રયોજન બતાવ્યું.

રાજા સુમિત્રને મદનરેખાનાં ખંડમાં લઈ ગયો. ત્યાં જઈ ઔપચારિક તપાસ કરી. પાંદડાનો રસ વાટી, તેનાં ટીપા આંખમાં નાંખ્યા. વેદના એકદમ અદશ્ય થઈ. રાજા અત્યંત હર્ષિત થઈ ગયો, અને સુમિત્રને ભેટી જ પડ્યો.

વચન પ્રમાણે ધામધૂમથી પોતાની કન્યાને સુમિત્રની સાથે પરણાવી અને રાજ્યનો અર્ધો ભાગ પણ સુપ્રત કર્યો. લોકોનાં મોઢે સુમિત્ર ગવાવા લાગ્યો.

એકવાર રાજા દરબાર ભરીને બેઠા છે બાજુમાં સુમિત્ર પણ છે. જાતજાતની ચર્ચાઓ ચાલી રહી છે. તે જ વખતે દેશો દેશ ક્રય-વિક્રય કરીને ફરતો ફરતો વસુમિત્ર સિંહલદ્વિપ આવ્યો. રાજાની અનુજ્ઞા માટે થાળમાં ભેટણું લઈ રાજદરબારમાં આવી પ્રણામ કરી

ભેટણું ધર્યું. જ્યાં સુમિત્ર પર નજર પડી ત્યાં જ ચોંક્યો. વિચારવા લાગ્યો, ''સુમિત્ર તો રાજા થઈ ગયો લાગે છે. જો મારી વાત કરી દેશો તો રાજા મારું સર્વસ્વ લૂંટી મને ભિખારી જ કરી નાંખશે. માટે કોઈ પણ ઉપાયથી આને મરાવી નંખાવું.''

પછી સુમિત્રના ભવનમાં જઈ મીઠી મીઠી વાતો કરી, અને હમણાં રાજાને પોતાના વિષે કંઈ પણ ઓળખાણ ન આપવાનું નક્કી કરી ચાલ્યો ગયો.

એક દિવસ રાજા પાસે આવીને વસુમિત્ર કહેવા લાગ્યો, ''રાજન્ ! દોષદ્રષ્ટિ એ મોટો દોષ છે. બીજાના દોષોનું ગ્રહણ સજ્જનોને શોભતું નથી. એ નીચ લોકોનું કામ છે. છતાં પ્રભુને પાછળથી કોઈ નુકસાન ન થાય તે જ આશયથી આપને એક વાત કહું છું કે આ આપના જમાઈ અમારા નગરનાં જ છે અને ચંડાલના પુત્ર છે.'' આ પ્રમાણે કહી રાજાના કાનમાં ઝેર નાંખીને ચાલ્યો ગયો.

રાજાને આ વાત સાચી લાગી. અંદર ઘણો સંતાપ કરવા લાગ્યા. પોતાને આનો કોઈ ઉપાય સૂઝયો નહિ એટલે મંત્રીને બોલાવ્યા. ''સુબુદ્ધિ મંત્રીશ્વર ! આંધળે બહેરું કુટાઈ ગયું છે. સુમિત્રના કુલ-જાતને જોયાં વિનાં જ મદનરેખાને પરણાવી દીધી તે મોટી ભૂલ થઈ છે. આ તો વસુમિત્રે આવીને કહ્યું ત્યારે ખબર પડી કે આ તો ચંડાલનો પુત્ર છે. વાત સાંભળ્યા પછી તો મારું મગજ કામ કરતું નથી. ક્યાં આપણું ઉચ્ચ-નિર્મળ રાજકુળ અને ક્યાં નિંદનીય-હલકી ચંડાલ જાતિ ? હાથે કરીને મેં મારી

દીકરીને ખાડામાં ઉતારી. હવે શું કરવું ? લોકોમાં વાત પ્રસરતા વાર નહિ લાગે લોકો મારા વિષે જાતજાતની વાતો કરવા લાગશે તે બધી હું સાંભળી નહિ શકું. માટે તમને કહું છું કે કોઈ પણ પ્રકારે તેને મરાવી નાંખો.'' રાજાએ પોતાના મનની મુરાદ પ્રગટ કરી.

મંત્રીના ગયા પછી રાજાએ મદનરેખાને બોલાવી. ''પુત્રી ! આટલા દિવસોમાં તારા પતિમાં તેં નીચ-નિંદનીય કુળને અનુરૂપ આચાર-વિચાર જોયાં ખરા ?''

''પિતાજી ! આ શું બોલ્યા ? હજુ દૂધમાંથી કોઈ પોરા કાઢી શકે, પણ મારા પતિ તો કેવળ ગુણોની ખાણ છે. સાક્ષાત્ ગુણમૂર્તિ છે. આવો વિચાર આપને આવ્યો જ કેમ ?'' મદનરેખાએ જવાબ આપ્યો.

આ બાજુ મંત્રીએ રાત્રિના સમયે નાટક જોવાના બહાને સુમિત્રને બોલાવવા પોતાનાં માણસો મોકલ્યા. તે જ સમયે પોતાને કોઈ અગત્યનું કામ આવી જવાથી પોતાના કપડા વસુમિત્રને આપી તેને નાટક જોવા મોકલ્યો. રસ્તામાં માણસોએ વસુમિત્રને મારી નાંખ્યો.

મંત્રીએ સુમિત્ર હણાયાનાં સમાચાર રાજાને મોકલ્યા. રાજા પોતાની પુત્રીનો વિચાર આવતાં જ કલ્પાંત કરવા લાગ્યો. તે જ સમયે મદનરેખા ત્યાં આવી ચઢી.

''પિતાજી ! શું થયું આપને ? શેનો કલ્પાંત કરો છો? ''કોઈ અશુભ સમાચાર છે ? જો જણાવવા યોગ્ય હોય તો મને જણાવો.''

''બેટી ! શું કહું તને ? આજે મેં તને વિધવા બનાવી છે. કરતાં તો કામ કરી નાંખ્યું પણ હવે તારો વિચાર કરતાં હૈયું ફાટી જાય છે. તું આ તારા પાપી પિતાને કદી માફ નહિ કરી શકે.'' ગદ્‌ગદ્‌ સ્વરે રાજા બોલ્યા.

''પિતાજી ! મગજમાં ન બેસે એવી આપ આ બધી શી વતો કરી રહ્યા છો ? મારા પતિદેવ તો મારા આવાસમાં સુખેથી બેઠેલા છે. હું હમણા સીધી ત્યાંથી જ ચાલી આવું છું. આપ સ્વસ્થ થાવ. શાંતચિત્તે મને બધી વાત કહો.''

જાને સુમિત્ર જીવતો હોવાનાં સમાચારે આનંદ આનંદ થયો. પછી મદનરેખાને મોકલી સુમિત્રને બોલાવ્યો. તેને વસુમિત્ર વિષે પૂછતાછ કરી. સુમિત્રે અથથી ઈતિ સુધીની વાત રાજાને કરી. સાચી હકીક્ત જાણી રાજાને પોતાના વિચાર-કાર્ય ઉપર ધિક્કાર છૂટયો, અને સુમિત્ર બચી ગયો એટલે ભગવાનનો પાડ માન્યો.

ત્યારબાદ સુમિત્રે પોતાના માત-પિતાજીને બોલાવી મોટા સામૈયાપૂર્વક નગરપ્રવેશ કરાવ્યો.

ધર્મની-શાસનની લાંબાં કાળ સુધી પ્રભાવના કરી, ચારિત્રનો સ્વીકાર કર્યો અને સદ્‌ગતિને પામ્યો.

વસુમિત્ર કુડ-કપટના વિચારમાં જ મર્યો અને નરકમાં ગયો. માટે મૈત્રીના વ્યવહારમાં સરળ બનવું. કૃતઘ્ની અને વિશ્વાસઘાતીના ભારથી પૃથ્વી પણ નમી પડે છે. તો મિત્રદ્રોહ કરનારાની તો શી ગતિ થાય. માટે હંમેશા સંબંધ સરળ રાખવો.

# ગુરુશુશ્રૂષા

શુશ્રુષા = સેવા. ગુરુની સેવા ચાર પ્રકારે કરવી.

(i) કાળે સેવા કરવી.

(iii) ઔષધાદિ લાવી આપવા.

(ii) વર્ણવાદ કરવા.

(iv) ગુરુ પ્રત્યે બહુમાન ભાવ રાખવો.

**(i) કાળે સેવા કરવી :**

આપણા વડિલો જેવા કે માતા/પિતા/કાકા વગેરે તેમજ ધર્મગુરુઓ આદિ પૂજનીય વ્યક્તિઓની સેવા કરવી. સેવાના બે પ્રકાર છે. (અ) ફરજીયાત (બ) મરજીયાત. ફરજીયાત સેવામાં પોતે થોડુંક ખેંચીને પણ કામ કરવું અને પોતાના આશ્રિતવર્ગ પાસે પણ સામ/દામ/દંડ/ભેદ વગેરે દ્વારા શક્તિ અનુસાર વડિલોની સેવા કરાવવી.

મરજીયાતમાં પણ જેનામાં સેવાની શક્તિ હોય, લબ્ધિ હોય, બીજા મહત્ત્વના કાર્યોમાં ન રોકાયેલ હોય તેવાએ મરજીયાત સેવામાં પણ ઉત્સાહપૂર્વક (મનમાં ફરજીયાત સમજીને) સેવા કરવાનું વલણ રાખવું.

વડિલોનું કાર્ય પોતાની માનસિક/ વાચિક અને કાયિક શક્તિ તથા વિવેક જાળવીને કરવું. એમને જે મનપસંદ હોય, ઇચ્છિત હોય તે રીતે કાર્ય કરવુ. તે માટે આજુબાજુમાંથી તેમની રુચિને જાણી લેવી. એમને જે કાળે જે ઇચ્છિત હોય તે કાળે તે જ કરવું. આપણા કાર્યો બાજુએ રાખીને પણ એમના કાર્યો સમયસર કરવા. તેમના યોગો/

સાધના અને બીજા સાથેના વ્યવહારને અનુકૂળ રહીને તેમના કાર્યો કરવા.

તે પૂજ્યોને વસ્ત્ર/પાત્ર/અન્ન/પાણી વગેરે સંભાળીને આપવા. વધેલા કે પ્રતિકૂળ લઈ લેવા. ઉચિત કાળે આપવા. તેમનો બાહ્ય વિનય કરવો. તેમની તમામ ફરજોમાં મદદગાર બનવું, એમને નિશ્ચિંત કરવા. બીજાઓને તેમની સેવામાં જોડવા. વિનય મર્યાદા શીખવવી.

આપણા પૂજ્યોની વિરોધી વ્યક્તિઓથી નિંદા કરનારથી દૂર રહેવું. તેની સામે યોગ્ય પગલા લઈ તેમને પૂજ્યોના અનુકૂળ બનાવવા. નિંદા/વિરોધને રોકવા.

**મગધ દેશ..... વૈશાલી નગરી...... પરમ શ્રાવક જિનદત્તશ્રેષ્ઠિ.....**

સંપત્તિની રેલમછેલ...... પાંચમાં પૂછાય તેવી પ્રતિષ્ઠા.....

પરંતુ જેમ દુઃખ કાયમ નથી હોતું તેમ સુખ પણ કાયમ રહેતું નથી. ગાડાના પૈડાની જેમ ક્રમસર બન્નેનું આવાગમન ચાલે જ છે. જિનદત્ત શ્રેષ્ઠિનું પણ ભાગ્ય પલટાયુ. પુન્યે દગો દીધો. લક્ષ્મીએ પોતાનું વિશેષણ સાર્થક કર્યું. જિનદત્ત શ્રેષ્ઠિમાંથી સામાન્ય માણસની હરોળમાં આવી ગયા. લોકોએ તેમનું જીર્ણશ્રેષ્ઠિ નામ પાડ્યું.

એકદા વર્ષાઋતુની શરૂઆતમાં વીરપ્રભુ વિચરતા વિચરતા વૈશાલીની બહાર શૂન્ય દેવકુલમાં આવીને પ્રતિમામાં રહ્યા. બહાર ગયેલ જીર્ણશ્રેષ્ઠિએ પ્રભુને જોયા, તેમનો મનમયૂર નાચી ઉઠયો.

પ્રભુ સ્તવના કરી. જમીન સાફ કરવી. પાણી છાંટવું વગેરે સેવા કરી. પારણા માટે પધારવા વિનંતી કરી.

પ્રભુ તો કાયોત્સર્ગમાં હોવાથી જવાબ ન મળ્યો પરંતુ શ્રેષ્ઠિને તો આ નિત્યકાર્ય થઈ ગયું. ચાર-ચાર માસ પસાર થવા છતાં પ્રભુ પધાર્યા નહિ.

ચાતુર્માસ પૂર્ણ થયે જીરણશેઠ વિચારે છે કે આજે તો કરુણાસાગર મારે ત્યાં પધારશે. હું તેમને લેવા જઈશ....ભાવભક્તિથી તેડી લાવીશ.... શુદ્ધ અન્નપાનાદિ વહોરાવીશ... પછી મૂકવા જઈશ. અને પછી જ ભોજન કરીશ આજ તો મારો જન્મારો સફળ થઈ જશે....

આમ શુભભાવનામાં શ્રેષ્ઠ આગળ વધતાં જ રહ્યાં, પરંતુ પુન્ય ઓછું પડ્યું, કાને દુદુંભિનો નાદ અથડાયો, અને ધારા તૂટી. પ્રભુનું પારણું થયેલ જાણી પોતાના ભાગ્યની નિંદા કરવા લાગ્યા.

આ પ્રસંગ પર દિવસોનાં પટ પથરાઈ ગયા. એવામાં એક કેવળી ભગવંત પધાર્યા જાણી રાજાસહિત લોકો વંદન કરવા-દેશના સાંભળવા ગામની બહાર ઉમટયા.

''પ્રભુ ! આ નગરીમાં પુન્યશાળી કોણ છે ?'' દેશનાના અંતે રાજાએ નમ્રભાવે પ્રશ્ન પૂછયો.

''રાજન્ ! પુન્યશાળી તો એક જિનદત્ત જ છે''

''પ્રભુ ! વીરસ્વામીનું પારણું કરાવનાર પેલા અભિનવશ્રેષ્ઠિ પુન્યશાળી નહિ અને જિનદત્ત જ કેમ ?''

''રાજન્ ! ચાર ચાર મહિનાથી પ્રભુને પારણું કરાવવાની એક જ ભાવનામાં રમતાં જીરણશ્રેષ્ઠિના

મનોરથે તો માઝા મૂકી. એ ભાવનામાં તેણે બારમાં દેવલોકનું આયુષ્ય બાંધી દીધું. એટલું જ નહિં, કદાચ તેણે દુદુંભિનો અવાજ ન સાંભળ્યો હોત તો ક્ષપકક્ષેણિ પર ચઢીને ચારે ઘાતિકર્મોનાં ભૂક્કા બોલાવી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હોત. પોતાના સારને ઉખેડી નાંખત. એટલે ભાવથી તો તેણે પારણું કરાવ્યું જ છે. જ્યારે અભિનવ- શ્રેષ્ઠિએ ઘરે પ્રભુજી સાક્ષાત્ પધારવા છતાં ઉભા થવાનો, સામે જવાનો, પધારવાની વિનંતી કરવાનો કોઈ વિનય ન કર્યો. દાસીને નિર્દેશ કરી દીધો કે ઘરે આવેલા ભિક્ષુકને તેને યોગ્ય આપી દે. દાસીએ પ્રભુજીને પારણું કરાવતાં પંચદિવ્ય પ્રગટ થયા ત્યારે ''મેં પારણું કરાવ્યું.'' એમ લોકમાં પોતાની બડાઈ ફેલાવી. આમ અભિનવશ્રેષ્ઠિએ માત્ર દ્રવ્યથી પારણું કરાવ્યું. તેના ફળરૂપે સુવર્ણાદિની વૃષ્ટિ જ તેને પ્રાપ્ત થઈ બીજું કોઈ પારલૌકિક ફળ તેને ન મળ્યું માટે સદ્ભાવથી રહિત જીવને આલોકનું ફળ મળે છે. જ્યારે ભાવથી કરનારને સ્વર્ગ-અપવર્ગ બન્ને પ્રાપ્ત થાય છે.

**(ii) વર્ણવાદ કરવા :**

વર્ણ = પ્રશંસા. વડિલોના/ ગુરુજનોના ગુણોની/ પુન્યની/હોંશિયારીની તેઓની આગળ તથા બાજા આગળ પ્રશંસા કરવી. આમ કરવાથી -

(A) એમના ગુણો પ્રત્યે આદરભાવ જાગે.

(B) આપણા અશુભ કર્મો, અપયશ વગેરે નાશ પામે.

(C) ગુણની યોગ્યતા અને પુન્યની યોગ્યતા પ્રગટે.

(D) આપણી વાતો સાંભળીને બીજાઓને પણ એમના પ્રત્યે આદર/પ્રેમ/ભક્તિભાવ થાય.

(E) એમના પરિચયમાં આવવાથી એમની સાથે નમ્રતાથી/વિનયથી વર્તે.

(F) આપણે પણ ક્યારેક વડિલોનો અવર્ણવાદ કરનારા ન બનીએ.

(G) બીજા પણ આપણી પાસે એમનો અવર્ણવાદ ન કરે.

(H) વડિલોનો વર્ણવાદ કરવાથી ગૌરવ વધે, જે અનેકને અનેક રીતે લાભ કરનાર થાય.

(I) વર્ણવાદ દ્વારા બીજાને સહેલાઈથી વડિલોના વિનયમાં પ્રવર્તાવી શકાય છે.

આમાં પણ સેવાની જેમ ફરજીયાત અને મરજીયાત એમ બે ભેદ સમજી લેવા.

વડિલોનો/પૂજ્યોનો વર્ણવાદ ન કરે તો સમજવું કે પ્રાયઃ તેને વડિલો ઉપર અરુચિ છે. એમની પ્રવૃત્તિઓને અયોગ્ય માને છે, એમના વિરોધમાં મૌનપણે કે વ્યક્ત રીતે ભળેલો છે.-વડિલોનો વર્ણવાદ ન કરનારો -

(A) કાળાન્તરે જાતે વિરોધી/અવર્ણવાદ કરનાર બને.

(B) બીજાને પણ વિરોધી/અવર્ણવાદ કરાવનાર બને.

(C) મહાઘોર પાપકર્મ બાંધે.

(D) ગુણોના/પુન્યસ્થાનના/આરાધનાના ઘોર અંતરાય બાંધે.

(E) આ ભવમાં પણ ભૌતિક/ આધ્યાત્મિક-શક્તિહીન બને, તેમજ સંકલિષ્ટ દુર્ધ્યાનમય બને.

(F) મહા અવિવેકી અને શિષ્ટજનનિંદ્ય બને.

(G) અનેકને ઉદ્ધત/ અવિવેકી/ માયાવી/ મોહાકૂલ પ્રપંચી/ગુરુજનના દ્વેષી બનાવી અનેકનો અનંત સંસાર વધારે.

માટે વડિલ/ગુરુજન વગેરેનો જે નિંદક હોય તેની ક્યારેય ઉપેક્ષા ન કરતા તેને દબાવવો. નિંદા બંધ કરાવવી. એના સારા કે સાચા કાર્યને પણ ઉત્તેજન ન આપવું. એની નિંદા અને વિરોધનો શક્તિ હોય તો કળથી, ભેદથી અટકાવ કરવો. આવો નિંદક શાન્ત સ્વભાવનો લાગતો હોય તો પણ તેને આગળ વધારવો નહિં.

**ભરતક્ષેત્રના** ભૂષણસમાન પૃથ્વીપુરનું વિક્રમી-ન્યાયી પદ્મશેખર રાજા સંચાલન કરતા હતા. પ્રજાને પોતાના સંતાનની જેમ સંભાળતા હતા, તો પ્રજા પણ પિતાની જેમ તેમની આમન્યા જાળવતી હતી.

પદ્મશેખર રાજા બાલ્યકાળથી જ જૈનધર્મનાં અઠંગ અભ્યાસી હતાં. જૈનધર્મ તેમને અસ્થિ-મજ્જારૂપે પરિણમ્યો હતો. તેથી જ રાજા થયા બાદ જ્યારે જ્યારે દરબાર ભરાતો ત્યારે જિનધર્મ વિષે જ ચર્ચા-વિચારણાઓ ચલાવતા. દેવ-ગુરુ-ધર્મ-ક્રિયા વગેરેની સારી સમજણ-ઓળખાણ આપતાં તેનાં આલોક પરલોકનાં ફળો બતાવતા. સામેવાળાઓના મનમાં જિનધર્મ માટે અખંડ શ્રદ્ધા ઊભી કરતાં. આમ તેમણે ઘણાને જૈનધર્મી બનાવ્યા.

પરંતુ તે નગરમાં રહેતો વિજય નામનો શ્રેષ્ઠિપુત્ર મહા નાસ્તિક હતો. આત્મા-પરલોક જેવી કોઈ ચીજ જ નથી.

મનને અંકુશમાં રાખવું શક્ય જ નથી. પવનમાં ધજા કોઈ દિવસ સ્થિર રહી શકે ખરી ? તેમ ઇન્દ્રિયોને પણ સંયમમાં રાખવાની વાત વ્યર્થ છે.

દુઃખી જીવોનો મારી નાંખીએ તો અહીંના દુઃખોથી તેઓ જલ્દી છૂટે અને પોતાનાં કર્મો ખપવાથી સદ્‌ગતિમાં જાય.

આવી અનેક પ્રકારની મિથ્યાપ્રરુપણા કરીને ધર્મને અભિમુખ થયેલા લોકોની શ્રદ્ધાને નષ્ટ કરે છે. ધર્મ કરતાં અટકાવે છે.

રાજાએ જ્યારે આ વાત જાણી એટલે તેને ઠેકાણે લાવવા યક્ષ નામના પોતાના અંગત માણસને બોલાવી એક ગુપ્ત યોજના સમજાવી.

રાજાના કથન પ્રમાણે યક્ષે મૈત્રી બાંધી તેને વિશ્વાસમાં લઈ રાજાનું એક અલંકાર ધીમે રહીને તેના દાબડામાં સરકાવી દીધું.

રાજાએ નગરમાં ઘોષણા કરાવી કે, ''એક આભૂષણ ખોવાય છે. જેની પાસે આવ્યું હોય તેણે આપી જવું, જો પાછળથી તેના ઘરમાંથી નીકળશે તો મૃત્યુદંડ થશે.''

વિજયે પણ ઘોષણા સાંભળી, પરંતુ પોતાના ઘરમાં ન જ હોવાનો નિશ્ચય હોવાથી તેણે ઘરમાં કોઈ તપાસ કરી નહીં.

બે-ત્રણ દિવસ પછી રાજાનાં માણસોએ દરેકના ઘરની જડતી લેવા માંડી.... વિજયના ઘરમાં તપાસ કરતાં આભૂષણ મળ્યું. ચોર તરીકે તેને રાજા સમક્ષ હાજર કરવામાં આવ્યો. રાજાએ તેને ફાંસીની સજા ફટકારી. અત્યારે આ સજામાંથી છોડાવવા સમર્થ તેને એક યક્ષ દેખાયો.

''મિત્ર ! રાજાને કોઈપણ રીતે સમજાવી આ ફાંસીની સજા માફ કરાવ. બીજો જે દંડ આપશે તે ભોગવવા હું

તૈયાર છું. મિત્રના સંબંધે તારે આટલું કામ કરવું પડશે.'' કાકલૂદીભરી ભાષામાં વિજય બોલ્યો.

''રાજન્ ! મારી એક વિનંતી સ્વીકારો. ગમે તેમ તોય વિજય મારો મિત્ર છે. તેની આ આકરી સજા માફ કરો. બીજો કોઈ દંડ આપીને છૂટો કરો.'' યક્ષે રાજાને કહ્યું.

''યક્ષ ! અહીંથી મરીને તારો મિત્ર સદ્ગતિમાં જલ્દી જાય તે તને ઇષ્ટ નથી? શું કામ તેને અહીં વધારે જીવાડીને દુઃખી કરવાની વાત કરે છે.''

''રાજન્ ! સદ્ગતિથી સર્યું. જીવતો માણસ કલ્યાણને મેળવે છે. મરીને તો ક્યાં જવાનું તે તો પ્રભુ જાણે.''

''યક્ષ ! તો સાંભળ. મારા રાજમહેલમાંથી હાથમાં છલોછલ ભરેલો તેલનો કટોરો લઈ એક ટીપું પણ જમીન પર પાડ્યા વગર આખા નગરમાં ફરીને પાછો અહીં આવે તો તેની સજા માફ..... બોલ છે કબૂલ ?

'ડૂબતો માણસ તરણું ઝાલે'. એ ન્યાયે વિજય તે વાત સ્વીકારી.

આ બાજુ રાજાએ નગરમાં સ્થાને-સ્થાને ગીત-નૃત્ય-નાટક-વિવિધ પ્રકારનાં મનોરંજક સાધનો ગોઠવી દીધા.

વિજય તેલનો ભરેલો કટોરો લઈને નીકળ્યો. બાજુમાં જ નૃત્ય-નાટક ચાલી રહ્યું છે. પરંતુ મૃત્યુ સામે જ દેખાતું હોવાથી મન-ઈન્દ્રિયોને એકદમ અંકુશમાં રાખીને ચાલે છે. તેની દ્રષ્ટ માત્ર તેલના કટોરા ઉપર જ છે.

અત્યંત સાવધગિરિપૂર્વક આખા નગરમાં પરિભ્રમણ કરી રાજા સમક્ષ આવી ઉભો.

"વિજય ! એક પણ ટીપું નથી ઢળ્યું ? સાચું બોલે છે ?"

"રાજન્ ! હું કહું તેના કરતાં મારી સાથે જ ચાલતા આપના માણસોને જ પૂછી લો."

"વિજય ! તું કહે છે પણ માનવામાં જ નથી આવતું. આટલા નૃત્ય-નાટકો ચાલી રહ્યા હોય અને ત્યાં તારું ધ્યાન ન જાય, એ કેવી રીતે બની શકે ?"

"રાજન્ ! રસ્તામાં તો ઘણું જોવા-સાંભળવાનું હતું પરંતુ જો તે જોવા-સાંભળવામાં મન લઈ જાઉ અને એક ટીપુ જમીન પર પડે તો મૃત્યુ મને કોળિયો કરવા તૈયાર જ હતું. નજર સમક્ષ રહેલ મોતે જ મને સંયમમાં રાખ્યો."

"વિજય ! તો હવે સાંભળ. તું તો કહેતો હતો ને મન-ઈન્દ્રિયોને સંયમમાં રાખવી અશક્ય જ છે. આજે એ કેવી રીતે અંકુશમાં રહી ? એક ભવના મરણથી જો તું મન-ઈન્દ્રિયોને સંયમમાં રાખી શકતો હોય તો મુનિઓને તો અનંતા ભવોનાં મરણોનો ભય છે. તો તેઓ અપ્રમત્ત કેમ ન બની શકે ?"

રાજાની યુક્તપૂર્વકની વાત તેનાં ગળે ઉતરી ગઈ. પછી રાજા પાસે જૈનધર્મનું સ્વરૂપ સમજીને શ્રાવક થયો. સુંદર આરાધના કરવા લાગ્યો.

પદ્મશેખર રાજાએ પણ આ પ્રમાણે પોતાનાં રાજ્યકાળ દરમ્યાન ઘણા લોકોને પ્રતિબોધ પમાડી જૈનધર્મી બનાવ્યા-તેમાં સ્થિર કર્યાં. અંતે સમાધિમરણ પ્રાપ્ત કરીને સદ્ગતિ પ્રાપ્ત કરી.

આમ બીજાને ધર્મમાં સ્થિર કરવાથી પોતાના ધર્મમાં સ્થિર બનાય છે, અને ભવાંતરમાં ધર્મની પ્રાપ્તિ નિશ્ચિત બને છે.

**(iii) ઔષધાદિ લાવી આપવા -**

ગુરુશુશ્રષામાં સેવા કરવી એ પહેલા પ્રકાર કરતા આને અલગ બતાવવાનું કારણ, કાળે સેવા કરવી તેમા રોજીંદી સેવાને પ્રાધાન્ય આપ્યું છે, જ્યારે આમાં માંદગી વગેરે વિશિષ્ટ પ્રસંગોમાં કરવાની વિશિષ્ટ સેવાને પ્રાધાન્ય આપ્યું છે.

વડિલોની માંદગી વખતે તેમના માટે ઔષધો લાવી આપવા, મંગાવી આપવા, પોતાની લબ્ધિ/લાગવગ વગેરેનો આ વખતે ઉપયોગ કરવો. પોતે તેમની સંભાળ લે, દેખરેખ રાખે, બીજા પાસે પણ રખાવે.

ઔષધ દુર્લભ હોય યા બીજું પણ કોઈ મહત્વનું કાર્ય કરવાનું હોય ત્યારે પોતાનો થાક, ધંધો વગેરે ગૌણ કરીને/જતું કરીને/ થોડુંક નુકશાન-માનહાનિ વેઠીને પણ આ કાર્ય કરવું. બીજાને પણ એ માટે તૈયાર કરવા. જેથી એ પણ આ રીતે કાર્ય કરવામાં કુશળ બને.

ગ્લાનાદિની ઔષધાદિ દ્વારા સેવા કરવાનો લાભ અત્યંત વિશિષ્ટ કોટિનો છે. આવા કાર્યો કરવાથી/આવા કાર્યો માટે તત્પર રહેવાથી જીવનમાં ગુંચ/ મુંઝવણ વગેરે આવતા નથી. સેવા કરવાની વિશિષ્ટ શક્તિની પ્રાપ્તિ થાય છે. તેમજ સર્વક્ષેત્રે શક્તિ અત્યંત વિકસિત રહેવાથી ઇચ્છાસિદ્ધિની લબ્ધિ પ્રાપ્ત થાય છે. જે પૂજ્યોની વડિલોની ઇચ્છાસિદ્ધિમાં સદા તત્પર રહે છે તેને ઇચ્છાસિદ્ધિની લબ્ધિ પ્રાપ્ત થાય છે. તેને જે ઇચ્છા થાય તેની કુદરતે પૂર્તિ

કરવી જ પડે. અમાસની રાતે ૧૨ વાગે પણ સૂર્યને જોવાનું મન થાય તો બનાવટી સૂર્યને ઉગવું જ પડે.)

આ કાર્ય શ્રેષ્ઠ પુન્યનું કાર્ય છે. માટે આનો જુદો ભેદ પાડ્યો. ઔષધ/અનુપાન આદિની સાથે દુષ્કાળમાં આહાર/ પાણી/ વસ્ત્રાદિ મેળવી આપવા. માર્ગ અવિચ્છિન્ન રાખે તેવા યોગ્ય શિષ્યની સંપ્રાપ્તિ કરાવવી. વિરોધીઓનો નિગ્રહ કરવો. ધર્મપ્રભાવનામાં જોઈતી સહાય પુરી પાડવી. જ્ઞાનાદિનું સંપાદન કરાવી આપવું. દ્રવ્ય/ક્ષેત્ર/કાળ/ભાવની વિષમ અવસ્થાઓમાં જેની જેની જરૂરીયાત હોય તે બધું મેળવી આપવું.

પૂર્વ મહાવિદેહની વત્સાવતી વિજયમાં અનેક જિનમંદિરોથી શોભતી પ્રભંકરા નગરી.

નગરમાં પ્રસિદ્ધ ચિકિત્સાશાસ્ત્રવિશારદ સુવિધિ વૈદ્ય.

''બાપ કરતાં બેટો સવાયો'' આ કહેવતને સાચી કરતો જીવાનંદ પુત્ર.

સમાનવયવાળા રાજપુત્ર-મંત્રીપુત્ર-સાર્થવાહપુત્ર તથા નગરશેઠનાં પુત્ર સાથે મૈત્રી.

એકવાર બધા જીવાનંદનાં ઘરે વાતો કરતાં બેઠા છે. એવામાં સાધુભગવંત ભિક્ષા માટે પધાર્યા.

રાજપુત્રની નજર મુનિનાં શરીર ઉપર ગઈ. શરીર આખું કોઢથી વ્યાપ્ત થયેલ જોઈ જીવાનંદને ઠપકો આપતા બોલ્યો. ''વેશ્યાની જેમ વૈદ્યો પણ પૈસા સામે જ જુએ છે. દયા જેવી ચીજ તો તેઓમાં હોતી જ નથી. તારા જેવો વૈદ્ય બેઠો હોય અને સાધુ આટલા પીડાય તે તને શોભે છે?''

''મિત્ર ! દવા કરવા તો હું તૈયાર છું. પરંતુ તેમાં જે સામગ્રી જોઈએ તેમાંથી લક્ષપાક તેલ મારી પાસે છે. રત્નકંબલ અને ગોશીર્ષ ચંદનની ગેરહાજરીમાં કામ અટકે છે. બે લાખ સોનામહોર તેની કિંમત થાય.''

''જીવાનંદ ! તેની તું ફિકર ન કર. હમણા બન્ને વસ્તુ તને લાવીને આપી દઈએ છીએ. કોઈપણ હિસાબે મુનિ સાજા થવા જોઈએ.''

ચારે મિત્રો બે લાખ સોનામહોર લઈને દેવતા અધિષ્ઠિત દુકાનમાં ગયા.

''શેઠજી ! ગોશીર્ષચંદન તથા રત્નકંબલ આપો અને જે કિંમત થતી હોય તે લઈ લો.''

''વત્સો ! આ બે વસ્તુઓનું તમારે શું કામ પડયું?''

''શેઠજી ! કોઢથી પીડાતા સાધુની અમારે ચિકિત્સા કરવી છે. લક્ષપાકતેલ અમારી પાસે છે.''

''ક્યાં મોજશોખ કરવાની ઉંમરમાં આ છોકરાઓની વિવેકબુદ્ધિ ? અને માથે ધોળા આવવા છતાં ઘર-ધંધામાં રચ્યા-પચ્યા રહેતા મારી અજ્ઞાનતા-ગૃદ્ધતા ?'' છોકરાઓની વાત સાંભળી શેઠ વિચારમાં ગરકાવ થઈ ગયા. પોતાની જાત ઉપર અત્યંત ફિટકાર છૂટયો.

સંસાર ઉપરથી મન ઉઠયું.....

વિવેકદીપ ઝળહળ્યો.....

બન્ને વસ્તુઓ મફતમાં જ આપીને છોકરાઓને રવાના કર્યા.

પોતે સંયમ ગ્રહણ કરી મોક્ષમાં પહોંચ્યાં.

પાંચે મિત્રો સાધુ ભગવંતના આવાસે પહોંચ્યા. મુનિની અનુજ્ઞા મેળવી.

સૌ પ્રથમ લક્ષપાકતેલ આખા શરીરે ઘસ્યું, અને ઉપર રત્નકંબલ વીંટાળી દીધી. તેલની ગરમીથી અકળાયેલ કૃમિઓ રત્નકંબલમાં ચોંટી ગયા. (મુનિનાં શરીરે ચંદન લગાડ્યું એટલે મુનિ ભાનમાં આવી ગયા.)

આ પ્રમાણે બીજીવાર કર્યું એટલે માંસમાં રહેલા કૃમિઓ નીકળ્યા, અને ત્રીજીવાર તેલ લગાડી, રત્નકંબલ ઓઢાડી એટલે હાડકામાં રહેલાં કૃમિઓ પણ નીકળી ગયા.

તે નીકળેલાં કૃમિઓને મરેલ ગાયના કલેવરમાં પધરાવ્યા, જેનાથી તેઓને ખોરાક મળી રહે અને મરે નહિ.

મુનિ ભગ્વંત સ્વસ્થ થયે, નમસ્કાર કરી, કરેલ પીડાની ક્ષમાપના માંગી.

નગરમાં જઈ રત્નકંબલને અડધી કિંમતે વેંચી અને આવેલ રકમમાંથી એક સુંદર જિનાલય બંધાવ્યું. અને મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરાવી.

સદ્ગુરુના યોગે શ્રાવકધર્મને સ્વીકારી, ઘણા વર્ષો સુધી તેનું પાલન કર્યું. અંતે સંયમ ગ્રહણ કરી આયુષ્ય પૂર્ણ થયે પાંચે મિત્રો બારમાં દેવલોકમાં સામાનિક દેવો થયા.

બાવીશ સાગરોપમનું લાંબુ આયુષ્ય પૂર્ણ કરી મહાવિદેહમાં શ્રાવક કૂળમાં પાંચ ભાઈ તરીકે જન્મ્યા. ત્યાં પણ ધર્મની સુંદર આરાધના કરી. ચારિત્ર લઈને સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા. ૩૩ સાગરોપમ સુધી

દેવલોકમાં સુખો નિર્મમભાવે - અનાસક્તભાવે ભોગવી ત્યાંથી ચ્યવીને જીવાનંદનો જીવ નાભિકુલકરના ઘરે મરૂદેવાની કુક્ષિમાં પ્રથમ તીર્થંકર તરીકે અવતર્યો. બીજા ચારે ભરત-બાહુબલી-બ્રાહ્મી અને સુંદરી તરીકે જન્મ્યા.

**"જો ગિલાણં પડિચરઇ સો મમં પડિચરઇ"**

''જે ગ્લાનની સેવા કરે છે તે મારી સેવા કરે છે.'' આવા પરમાત્માના વચનને સતત નજર સામે રાખી ઔષધાદિ આપવા વડે ગુરુના આરોગ્યની કાળજી કરવાથી આપણને દ્રવ્ય અને ભાવ બન્ને આરોગ્ય પ્રાપ્ત થાય છે અને અંતે પરમપદની પ્રાપ્તિ થાય છે.

**(iv) ગુરુપ્રત્યે બહુમાનભાવ રાખવો :**

ગુરુજનો પ્રત્યે માત્ર માનનો ભાવ ન રાખતા બહુમાનનો ભાવ રાખવો. અપમાનનો ભાવ તો ક્યારેય ન લાવવો.

ગુરુ/ગુરુના કાર્ય/ગુરુના માનીતા - પ્રીતિપાત્ર/ ગુરુની ઈચ્છા. આ બધા ઉપર હૃદયનો આદરભાવ રાખવો. આ બધા આપણા લાભકારી/ગુણકારી છે તેવો ભાવ રાખવો અને તે મુજબ એમની સાથે નમ્રતાથી અનુકૂળ બનીને સહાયકભાવે વર્તવું તે માન કહેવાય.

આ બધા ઉપર હૃદયનો અત્યંત અહોભાવ, અત્યંત વિશિષ્ટપણાનો ભાવ, પોતાને અને બીજાને આ બધા અત્યંત લાભકારી/ગુણકારી બનશે તેવો ભાવ રાખવો તેને બહુમાન કહેવાય. સંસારમાંથી તારવા માટેનું અસાધારણ કારણ ધર્મગુરુ છે. એવા ભાવથી તેમની સાથે અત્યંત સમર્પણભાવથી/ નમ્રતાથી/ સર્વ પ્રકારે તેઓને અનુકૂળ

થઈને/સેવકભાવે સહાયકવૃત્તિથી એમની સાથે - એમની પાસે વર્તવું.

આ બધા ઉપર હૃદયનો ઉપેક્ષાભાવ, ઉદાસીનભાવ, તેઓને પોતાના જેવા માનવા યા નિર્ગુણ, દોષિત, હાનિકારક માનવા તથા તે મુજબ તેમની સાથે અક્કડતા, તુચ્છતાથી વર્તવું અને તેમના વિરોધી તરીકે દેખાવું તેને અપમાન કહેવાય.

**વડિલો અને પૂજ્યો પ્રત્યે બહુમાનભાવ રાખવાથી**

(A) નમ્રતા/વિનય/સમર્પણભાવ આવે.

(B) બીજા પણ બહુમાનભાવથી વિનયી/નમ્ર/સમર્પિત બને.

(C) નમ્રતાદિ ગુણોને લીધે આરાધનામાં વેગ આવે. આરાધના વિઘ્નરહિતની બને.

(D) વડિલોને શાંતિ પ્રાપ્ત થાય.

(E) તેમની કાર્યશક્તિ વધે માટે વડિલો પ્રત્યે બહુમાનભાવ રાખવો/રખાવવો, બીજાઓમાં બહુમાનભાવ ઉત્પન્ન થાય તેવું કરવું. પોતાનામાં બહુમાનભાવ ઓછો હોય ન હોય તો ઉત્પન્ન કરવો - વધારવો.

જીવિતસ્વામીની પ્રતિમાથી પ્રસિદ્ધિને વરેલી ઉજ્જૈની નગરી.

ત્રાણ ખંડમાં પોતાની આણ વર્તાવતા સંપ્રતિ મહારાજા તેનું સુંદર પાલન કરતા હતા.

એકદા જીવિતસ્વામીના દર્શન-વંદનના મનોરથ સેવતા આચાર્યશ્રી સુહસ્તિસૂરિ પરિવાર સહિત ઉજ્જૈની નગરીની બહાર પધાર્યા.

જૈન શ્રેષ્ઠિઓને સમાચાર મળ્યા. શાસનપ્રભાવક ગુરુદેવનું જોરદાર સામૈયું કરવાનું નક્કી કર્યું.

દરેક રસ્તાઓ પર સુગંધી જળનો છંટકાવ કર્યો.

આકાશમાં સુંદર ધજા-પતાકાઓ લહેરાવી.

રસ્તાની બન્ને બાજુએ ગીતો-નૃત્યો ગોઠવ્યા. દરેક ઘરને-દરેક દુકાનને અવનવી રીતે શણગારવામાં આવ્યા.

આખા નગરને દેવલોક જેવું શણગાર્યું.

જીવિતસ્વામીના રથને આગળ કરી આખો માનવ મહેરામણ રથયાત્રામાં જોડાયો.

દરેક ઘરે-દરેક દુકાને અતિભક્તિથી કરાતી પૂજાને સ્વીકારતો સ્વીકારતો રથ રાજભવનનાં દ્વારે આવીને ઊભો.

ઝરૂખામાં બેઠેલ સંપ્રતિરાજાએ રથયાત્રાનું ઝીણી નજરે અવલોકન કર્યું.

આચાર્યશ્રી સુહસ્તિસૂરિ પર નજર ચોંટી જ ગઈ. અંદરથી પ્રેમનાં ફુવારા ઉડવા લાગ્યા.

''આ મુનીશ્વરને તો મેં ક્યાંક જોયા છે. જેને જોઈને મારો મનસમુદ્ર હીલોળા મારી રહ્યો છે. ક્યાં જોયા હશે? ક્યાં જોયા હશે ?'' વિચારતા વિચારતા જાતિસ્મરણ

ઉત્પન્ન થયું. પોતાનો સંપૂર્ણ પૂર્વભવ જોયો. સડસડાટ કરતો નીચે ઉતરી આચાર્યભગવંતના ચરણોમાં પડ્યો.

"પ્રભુ ! જિનધર્મનું ફળ શું ? તેની કરેલ આરાધના શું શું આપી શકે ?"

"રાજન્ ! જિનધર્મનું આરાધન વિઘ્નોનો નાશ કરે, કર્મોના ભુક્કા બોલાવી દે.' આલોકની સુખ-સાહ્યબી આપે અને પરભવમાં સદ્ગતિની પરંપરા ખડી કરી દે - યાવત્ અનંતા સુખના ધામમાં પણ મોકલી દે." આચાર્ય ભગવંતે મીઠી-મધુરવાણીમાં જવાબ વાળ્યો.

"પ્રભુ ! અવ્યક્ત સામાયિકનું આરાધન શું ફળ આપે ?"

"રાજન્ ! વિપુલ-વિશાળ એવા રાજ્યાદિની સંપત્તિ આપી શકે."

આનંદિત થયેલ સંપ્રતિએ પોતાની ઓળખાણ વિષે જ્યારે પૂછ્યું, ત્યારે શ્રુતજ્ઞાનનો ઉપયોગ મૂકી તેનો સંપૂર્ણ પૂર્વભવ જાણીને બોલ્યા, "તું તો મારો શિષ્ય હતો."

બીજા લોકોના ઉપકાર માટે ગુરુ ભગવંતે પૂર્વભવ કહેવાનું શરૂ કર્યું.

"સંપ્રતિ ! અમારા કલ્પનાં વિહારથી વિચરતાં વિચરતાં અમે એકવાર દુષ્કાળમાં કૌશાંબીનગરીમાં આવ્યા. વસતિ નાની અને પરિવાર ઘણો હોવાથી આર્યમહાગિરિ અને હું અલગ અલગ વસતિમાં (મકાનમાં) ઉતર્યા.

''ભિક્ષાના સમયે અમારા બે સાધુ ગોચરી માટે કોઈ શ્રેષ્ઠિના ઘરે ગયા. પોતાને ધન્ય માનતાં શ્રેષ્ઠિએ ઊભા થઈને ભક્તિપૂર્વક સુંદર વિશિષ્ટ દ્રવ્યો વહોરાવ્યા.

''સાધુ જેવા બહાર નીકળ્યા એટલે તેણે પોતાને કંઈક આપવા વિનંતી કરી.

''ભદ્ર ! આ અમારી માલિકીનું નથી. અમારા અને આ ભક્ત-પાનનાં માલિક તો અમારા ગુરુદેવ છે. તેમને તું કહેજે.

''ભોજન મળવાની આશાથી મુનિઓની પાછળ પાછળ ચાલ્યો. મકાનમાં આવી મારી પાસે માંગણી કરી. સાધુઓએ મને માર્ગમાં થયેલ વાતચીત જણાવી.

''શ્રુતજ્ઞાનના બળથી શાસનની ઉન્નતિ-પ્રભાવના કરનાર જાણીને મેં તેને સામાયિક સૂત્ર (કરેમિ ભંતે સૂત્ર) શીખવાડીને દીક્ષા આપી, અને લાવેલ ગોચરી વાપરવા બેસાડયો.

''ઘણા દિવસોથી ભૂખ્યો હોવાથી આકંઠ વાપર્યું, પરંતુ અજીર્ણ થવાથી ઝાડા થયા. પેટમાં ભયંકર દુ:ખાવો ઉપડ્યો. તે વખતે જે શ્રેષ્ઠિઓ પહેલા ધિક્કારતાં હતાં-કડવા વેણ સંભળાવતા હતાં, તેઓ આજે પોતાને માટે વૈદ્યો બોલાવી લાવે છે, સેવા કરે છે, શાતા પૂછે છે, તે જોઈને પોતાની પીડા ભૂલીને મનમાં એક જ શુભભાવ છે.

''કેવા ગુરુદેવ !

''કેવુ જિનશાસન !

"આજ ભાવનામાં નમસ્કાર મહામંત્ર સાંભળતા સાંભળતા મૃત્યુ પામીને તું સંપ્રતિ તરીકે જન્મ્યો. પૂર્વભવના સ્નેહનાં કારણે મને જોઈને તને આનંદ થાય છે."

ગુરુભગવંત પાસે દેશના સાંભળી શ્રાવકધર્મ અંગીકાર કર્યો.

પોતાનાં રાજ્યોમાં રથયાત્રાનું પ્રવર્તન કરાવ્યું.

પૂર્વભવનાં ભિખારીપણાનાં દુઃખને ધ્યાનમાં લઈ ઠેર-ઠેર દાનશાળાઓ ખોલી.

અનાર્યદેશોમાં પોતાનાં માણસો મોકલી દેવ- ગુરુ- ધર્મની સમજણ આપી લોકોનો ધર્મી બનાવ્યા.

પૃથ્વીને [illegible]નમંદિરોથી મઢી દીધી.

આ પ્રમાણે લાંબા કાળ સુધી શાસનની પ્રભાવના કરીને આ[illegible] પૂર્ણ કરી વૈમાનિક દેવલોકમાં જન્મ લીધો.

આમ આરાધના નાની પણ ભાવ મોટો તો ફળ પણ મોટું, જ્યારે આરાધના મોટી પણ ભાવ નાનો તો ફળ પણ નાનું. માટે દરેક પ્રવૃત્તિ પ્રણિ[illegible]ાનયુક્ત - બહુમાનભાવયુક્ત કરવી.

## પ્રવચનકુશળ

કુશળ = નિપુણ, હોંશિયાર, પ્રવીણ

**ભાવશ્રાવક છ વાતમાં કુશળ હોય.**

(i) સૂત્ર કુશળ
(ii) અર્થ કુશળ
(iii) ઉત્સર્ગકુશળ
(iv) અપવાદ કુશળ
(v) ભાવકુશળ અને
(vi) વ્યવહાર કુશળ.

(i) **સૂત્રકુશળ**

શ્રાવકની ભૂમિકાને યોગ્ય છ આવશ્યક, દેવવંદનના સૂત્રો, પચ્ચક્ખાણ તથા પ્રકરણો વગેરેનો જાણકાર હોય. સૂત્રોનો ઉચ્ચાર કરતી વખતે અક્ષર/શબ્દ/બિંદુ/માત્રા/પદ સંપદાની શુદ્ધિને જાળવે. સભાને અનુરૂપ અવાજ કાઢે. જે સૂત્રો જાણતો હોય તેના અર્થો પણ સામાન્યથી જાણી લે. બીજાને પણ આ સૂત્રો ભણાવે અને શુદ્ધ કરાવે.

(ii) **અર્થકુશળ**

જે સૂત્રો ભણ્યો હોય તેના અર્થોને વિશેષથી-ઊંડાણથી જાણે, પૂર્વાપરસંગતિ કરે, ઐદંપર્યાર્થ જાણે, અન્ય ગ્રંથો સાથે તેનો સમન્વય કરે, તર્ક અને વ્યવહારથી સંગત કરે, વિશેષ ચિંતન-ઊહાપોહ કરે, શંકા-સંદેહને દૂર કરે, સારા તત્વજાણકાર પાસે પોતાના જ્ઞાનને સ્થિર કરે.

**યમુના નદીથી** વીંટળાયેલી મથુરાનગરી.....
સૂત્ર અધ્યનનાં દોરડાથી મનને અંકુશમાં રાખનાર પરમ શ્રાવક જિનદાસશ્રેષ્ઠિ......

ધર્મપત્નીના વિશેષણને સાચું કરતી સાધુદાસી પત્ની....

કોઈપણ પશુ-પક્ષીને ન પોષવાનો નિયમ......
બાજુના ગોકુળમાંથી એક ગોવાળ આવીને રોજ ઘી-દુધ-દહીં આપી જતો. શ્રેષ્ઠિ પણ તેના બદલામાં ધાન્ય-તેલ વગેરે જરૂરી ચીજો આપતા.

ગોવાળના ઘરે એકવાર વિવાહનો પ્રસંગ ઉપસ્થિત થયો. શ્રેષ્ઠિને આવવા માટે ઘણો આગ્રહ કર્યો, પરંતુ

કોઈ કારણસર જઈ શક્યા નહિ. તેથી વિવાહને યોગ્ય સારા વસ્ત્રો, કિંમતી આભૂષણો તેને આપ્યા.

શ્રેષ્ઠિને આપેલા વસ્ત્રો-આભૂષણોથી વિવાહ પ્રસંગ પૂર્ણ થયો. ખુશ થયેલ ગોવાળિયાઓ કંબલ-શંબલ નામના બે બળદો શ્રેષ્ઠિને આપવા લાગ્યાં. શ્રેષ્ઠિ ના-ના કરતાં રહ્યા અને ગોવાળિયાઓ બળદોને ત્યાં જ મૂકીને ચાલતા થયા.

જો આમને રખડતાં મૂકી દઈશ તો લોકો તેને ગાડા વગેરેમાં જોડી દુઃખી કરશે, પીડા ઉપજાવશે, માર મારશે. તેના કરતાં ભલે મારે ત્યાં જ સુખેથી ખાઈ-પીને રહે.

આમ વિચારી શ્રેષ્ઠિએ પોતાના ઘરની પાછળ વંડીમાં તેમને રાખ્યા.

શ્રેષ્ઠિ અષ્ટમી-ચતુર્દશીના પૌષધગ્રહણ કરીને ઉપવાસ કરી આખો દિવસ સૂત્ર અધ્યયનમાં મગ્ન થાય છે. તે સૂત્રને સાંભળતા સાંભળતા બન્ને બળદો પણ ભદ્રક-શાંત થયા.

જે દિવસે જિનદાસ ઉપવાસ કરે, તે દિવસે બળદો પણ આહાર પાણીનો ત્યાગ કરતાં. રાત્રે પણ ચારો ચરતા નહિ.

બળદોને ધર્મી થયેલ જોઈ જિનદાસ તેમને સાધર્મિક તરીકે સંભાળે છે.

નગરમાં એકદા ભંડીરવણ યક્ષનો મહોત્સવ શરૂ થયો. બળદોની સ્પર્ધા એ તેની એક વિશેષતા હતી.

જિનદાસ કોઈક કામે બહાર ગયેલ હોઈ તેનો શ્રાવકમિત્ર આવીને બળદોને લઈ ગયો, અને આ

લક્ષણવાળા બળદો છે એમ જાણી બીજા અનેક બળદોની સાથે તેમને પણ સ્પર્ધામાં દોડાવ્યા.

ખૂબ દોડીને સ્પર્ધામાં જીત્યા પણ સુકુમાલ હોવાથી સાંધા તૂટી ગયા. ચાલી પણ શક્યા નહિ, ત્યારે પાછા જિનદાસના ઘરે લાવીને મૂકી દીધા.

અત્યંત પીડા થતી હોવાથી ખાવા-પીવાનું પણ મન થતું નથી. આખો દિવસ એક જ જગ્યાએ પડયા રહે છે. ઘરે આવેલ જિનદાસ શ્રેષ્ઠિ પોતાના સાધર્મિકની આ હાલત જોઈ રડી પડ્યા. ખૂબ જ દુઃખ થયું.

તેમને અનશન કરાવ્યું અને નમસ્કાર મંત્ર તેમજ બીજા પણ સુંદર સૂત્રો રોજ સંભળાવે છે. તેમનું મન સમાધિમાં લાગે તેવા બધા ઉપાયો કર્યા.

બળદો પણ શુભભાવમાં મૃત્યુ પામ્યા અને નાગકુમારનિકાયમાં મહર્દ્ધિક દેવો થયા.

શ્રેષ્ઠિ પણ શ્રાવકધર્મનું સુંદર આરાધન કરી સદ્‌ગતિને પામ્યા.

આમ સૂત્રને સાંભળવા માત્રથી જો બળદ જેવા પણ સદ્‌ગતિને પામતા હોય તો મનુષ્ય તો તેને મોઢે કરી શકે છે. પાઠ કરી શકે છે. તેનાથી નવો નવો વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. આધિ-વ્યાધિ-ઉપાધિમાં મન અસમાધિવાળું થતું નથી, ને પ્રશમરસમાં નિત્ય-ઝીલતો રહી શકે છે. તેથી તેમાં યથાશક્તિ ઉદ્યમ કરવો જોઈએ.

(iii) ઉત્સર્ગકુશળ

સાધુના, શ્રાવકના, સમકિતીના, માર્ગાનુસારીના આચારોને ઉત્સર્ગમાર્ગે જાણે. જ્યાં જ્યાં તે આચરી શકાય ત્યાં પોતાની ભૂમિકા અનુસાર ઉત્સર્ગને આચરે.

(iv) **અપવાદકુશળ :**

(A) અપવાદને

(B) એમાં રાખવાની જયણાને

(C) એના અવસર/અનવસરને

(D) એને આચરનારની યોગ્યતા/અયોગ્યતાને જાણવી.

બને ત્યાં સુધી પોતે અપવાદ ન આચરે. બીજાને પણ સામાન્ય સંયોગોમાં અપવાદનું આલંબન ન આપે, અપવાદ ન આચરાવે. કોઈ વિના કારણે અપવાદ આચરતો હોય તો તેનું વારણ કરે. વારણ ન થાય તો તેનું પોષણ ન કરે, પણ ઉદાસીન રહીને ઉપેક્ષા કરે. અવસરે અપવાદ આચરનારની કોઈ નિંદા કરે તો તેને સમજાવીને વારણ કરે. જિનશાસનની, તેના અંગોની લોકમાં થતી નિંદાને સર્વ પ્રયત્નથી રોકે, તે માટે ક્યારેક અપવાદનું પણ આલંબન કરે.

**ભરતક્ષેત્ર....**

અચલપુર....
અનેક જિનચૈત્યોથી શોભતું.....
પ્રવચનમાં નિપુણ શ્રાવકોથી ભરપુર.....

તે જ નગરીની બહાર કન્યા અને બેન્ના નામની નદીની વચ્ચે ઘણાં તાપસો વસતા હતાં. તેમાંથી એક તપાસ પાદલેપનો જાણકાર હોવાથી રોજ પગના તળિયે લગાડી લોકોને આશ્ચર્ય પમાડતો નદીના પૂરમાં સડસડાટ ચાલતો.

જેમ જેમ લોકોમાં આ વાત પ્રસરી તેમ તેમ લોકોનાં ટોળેટોળા જોવા માટે ઉમટતા. તેનો આટલો પ્રભાવ જોઈ સૌ તેનાં ભક્ત થવા લાગ્યા. તેઓની માન્યતામાં ખેંચાવા લાગ્યા.

દિવસે દિવસે તેના દર્શનનો પ્રભાવ વધવા માંડયો. લોકો શ્રાવકો પાસે આવી 'જૈનધર્મમાં કાંઈ નથી, ફોગટ તમે તેને પકડીને ફરો છો. જુઓ ! તાપસોનો ધર્મ કેવો શુદ્ધ છે કે જેનાથી મોટી મોટી સિદ્ધિઓ તેમને પ્રાપ્ત થાય છે, તમારા જૈનોમાં તો આવું કાંઈ દેખાતું જ નથી,' વગેરે નિંદા કરવા લાગ્યા.

શ્રાવકો પણ અવસરની રાહ જોઈ મૌન રહ્યા. આખું નગર તેમની પાછળ ગાંડુ બન્યું છે, પરંતુ શ્રાવકો તો પોતાનાં સમ્યકત્વને કલંક ન લાગે - અશુદ્ધ ન થાય માટે તેને જોતા પણ નથી.

એવામાં વજ્રસ્વામીના સંસારીપક્ષે મામા એવા આચાર્ય સમિત્‌સૂરીશ્વરજી ત્યાં પધાર્યા. બધા શ્રાવકોએ ભેગા થઈને ઉપાશ્રયે જઈ વંદન કર્યા.

''પ્રભો ! શાસનની થતી હીલના અમારાથી જોવાતી નથી. સાંભળી શકાતી નથી. આપ તો મહાજ્ઞાની છો. કોઈ ઉપાય બતાવો.'' રડતી આંખે શ્રાવકોએ બધી વાત કરી.

''શ્રાવકો ! આ કોઈ તેના તપની સિદ્ધિ નથી કે કોઈ અતિશય નથી. તે કપટી તાપસ પગે લેપ લગાડી પાણી ઉપર ચાલે છે. અને લોકોને ઠગે છે.''

''પ્રભુ ! સમજી ગયા. હવે બધું અમે સંભાળી લઈશું.'' કહીને શ્રાવકો ઉપાશ્રયની બહાર નીકળી ગયા.

એકાંતમાં જઈ કંઈક વિચારણા કરી પોતપોતાના ઘરે ગયા.....

"હે તપસ્વી ! આપ તો ગજબની સિદ્ધિને ધારણ કરો છો. આપને તપ ફળી ગયો. આપના જેવા મોટા પુરુષને ભોજનનું આમંત્રણ આપવા આવ્યા છીએ. તો કૃપા કરી અમારી વિનંતી સ્વીકારો." અપવાદમાર્ગનો આશ્રય લેનાર શ્રાવકો બીજે દિવસે જઈને મિથ્યાત્વી એવા પણ તાપસને આમંત્રણ આપે છે. ક્યારેય સામું પણ નહિ જોનારા શ્રાવકો તરફથી આમંત્રણ મળતાં હખાયેલા તાપસે તરત આમંત્રણ સ્વીકારી લીધું.

બીજે દિવસે નદીને પાર કરી ઘણા લોકોથી વીંટળાયેલ તાપસ એક શ્રાવકને ઘરે ભોજન માટે આવ્યો.

તેને પલંગ પર બેસાડી તેની ઈચ્છા ન હોવા છતાં ગરમ પાણીથી ઘસી-ઘસીને તેના પગ ધોયા. પછી ભક્તિપૂર્વક સારા-સુંદર દ્રવ્યો પીરસી ભોજન કરાવ્યું અને લોકોની સાથે વળાવવા ચાલ્યો.

નદીના કિનારે આવી પહેલાની જેમ પાણીમાં ચાલવાનો પ્રયત્ન કર્યો. પરંતુ લેપ તો ક્યારનો'ય નીકળી ગયો હોવાથી ડૂબવા લાગ્યો.

લોકો આ જોઈ હસવા લાગ્યા. તેની બેફામ નિંદા કરવા લાગ્યા. એવામાં શ્રાવકોથી પરિવરેલા આચાર્ય-ભગવંત ત્યાં પધાર્યા અને જિનશાસની પ્રભાવના કરવાનો અને લોકોને ધર્મમાં સ્થિર કરવાનો આ સુંદર અવસર જાણી મંત્રિતચૂર્ણ પાણીમાં નાંખી નદીને ઉદ્દેશીને બોલ્યા, "બેન્ના ! અમારે સામે કિનારે જવું છે તો તું રસ્તો કરી

આપ.'' અને તરત જ પાણી બે બાજુ વહેંચાઈ ગયું. વચ્ચે સુંદર મજાનો રસ્તો થઈ ગયો.

લોકો સહિત આચાર્યભગવંત સામે કિનારે પધાર્યા.

તાપસોના આશ્રમમાં જઈ ધર્મદેશના આપી તાપસોને પ્રતિબોધ પમાડયા.

લઘુકર્મી એવા બધા તાપસોએ તાપસવ્રતને તિલાંજલિ આપી સંયમ ગ્રહણ કરી આચાર્યભગવંતના ચરણોમાં જીવન સમર્પિત કર્યું.

તાપસની સામું પણ નહિ જોનારા શ્રાવકોએ અપવાદ માર્ગે તેને આમંત્રણ આપ્યું, તેની પ્રશંસા કરી અને ભોજન પણ કરાવ્યું.

તેથી જેમ એકલો અપવાદમાર્ગ અનર્થકારી છે, તેમ એકલો ઉત્સર્ગ માર્ગ પકડી રાખવો તે પણ ખોટું છે. તેથી શ્રાવકોએ ઉત્સર્ગ-અપવાદ ક્યારે આચરાય, ક્યારે કોને ગૌણ કરાય વગેરે બાબતોમાં કુશળ થવું જોઈએ.

(v) ભાવકુશળ :

આચાર મુજબ જીવોમાં ભાવ પ્રવર્તે છે તે જાણીને આચારના પાલનમાં કટિબદ્ધ બને. બીજાના શુભ ભાવનો પ્રેરક સહાયક રક્ષક બને. જાતે પોતાના શુભ ભાવની વૃદ્ધિ કરનાર બને.

સાનુબંધ શુભભાવ, ઉપલક શુભભાવ, અશુભભાવ અને એના કારણભૂત અવિવેકભાવ આ બધા ભાવને ઝીણવટથી ઓળખે. ઓળખીને બીજા, ત્રીજા અને ચોથા નંબરના ભાવોનો ત્યાગ કરે.

જિનાજ્ઞાપ્રધાનભાવ, જીવદયાપ્રધાનભાવ, પાપ-ભીરુતાનો ભાવ, વડીલની આમન્યાનો ભાવ, શક્તિ મુજબ ધર્મને વિશેષથી આચરવાનો ભાવ; આ બધા ભાવોને ઉત્પન્ન કરે, તદનુસાર તેના કારણોમાં પ્રવર્તે, જેથી તે ભાવો વધે-જન્મે-ટકે.

પવિત્ર ગંગા નદીથી વીંટળાયેલી-પાર્શ્વપ્રભુના ચાર-ચાર કલ્યાણકોથી ધન્ય બનેલી વારાણસી નગરી.....

લોકોમાં ખ્યાતિને પામેલ બ્રહ્મસેન વણિક......
પ્રેમાળ યશોમતી પત્ની.....

એકવાર શ્રેષ્ઠિ કોઈ કાર્યાર્થે ગામબહાર ગયા હતા. ત્યાં ઉદ્યાનમાં ભવ્યજીવોને ઉપદેશ આપતાં મુનિવરને જોઈને વંદન કરીને તે પણ દેશના સાંભળવા બેઠા.

''ભવ્યો ! જ્યાં સુધી સંસારભ્રમણ ચાલુ છે. ત્યાં સુધી આહાર લેવો પડે છે. અને આહાર લે છે ત્યાં સુધી કર્મો બંધાય છે અને તે કર્મોથી ભયંકર દુઃખોને સહન કરવા પડે છે. માટે જો સુખની ઇચ્છા હોય તો બુદ્ધિશાળીએ આહારની આસક્તિ છોડવી જોઈએ.''

''પ્રભુ ! આપનો મોટો ઉપકાર કે આવો સુંદર ઉપદેશ આપો છો, પરંતુ એનું પાલન અશક્ય લાગે છે.'' શેઠે કહ્યું.

''શ્રેષ્ઠિ ! આના માટે ગૃહસ્થોને સુંદર પૌષધવ્રત બતાવ્યું છે. જેનાથી આહાર, અંગભૂષા, અબ્રહ્મ તથા ધંધા વગેરેનો ત્યાગ થાય છે. જેટલા કાળ સુધી શ્રાવક આ વ્રતને ધારણ કરે છે તેટલો કાળ તે યતિસમાન ગણાય છે.

સંપૂર્ણ દિવસ ધર્મક્રિયા અને ધર્મધ્યાનમાં પસાર થાય છે.''

''પ્રભો ! પૌષધથી મારે કંઈ કામ નથી. બીજો કોઈ ઉપાય હોય તો બતાવો, નહિ તો કાંઈ નહિ.'' પૌષધનું નામ સાંભળતા જ ગુસ્સે થયેલ ક્ષેમંકર શ્રાવક તાડૂક્યો.

''પ્રભુ ! જૈનકુળમાં ઉત્પન્ન થવા છતાં-સુંદર આરાધના કરતો હોવા છતાં પૌષધ માટે આને દ્વેષ-અરુચિ કેમ થાય છે ?'' બ્રહ્મસેન શ્રેષ્ઠિએ મુનિવરને પૂછ્યું.

''ભાગ્યવાન્ ! પૂર્વના ત્રીજા ભવમાં કૌશાંબી નગરીમાં આ ક્ષેમંકર ક્ષેમદેવ નામનો શ્રેષ્ઠિ હતો. તે જ નગરીમાં પરમ શ્રાવક જિનદેવ અને ધનદેવ બે ભાઈઓ રહેતાં હતા. સદ્ગુરુના સંયોગે વૈરાગ્યવાસિત થયેલાં ઉત્તરોત્તર પોતાની આરાધના વધારતા હતા.

એકવાર રાતના ઉંઘ ચાલી જવાથી જિનદેવ ધર્મજાગરિકા કરવા બેઠો.

''આટલા વર્ષો સુધી કુટુંબ-કબીલા માટે ઘણું કર્યું. હવે મારા આત્મા માટે કરવાનો અવસર આવ્યો છે. નાનોભાઈ કુટુંબ-ધંધો વગેરે સંભાળવા તૈયાર થઈ ગયો છે તો હવે બધું તેને સોંપીને હું મારો બધો સમય વિશેષ ધર્મઆરાધનામાં લગાડી દઉં.''

બીજે દિવસે નાનાભાઈને બોલાવી ધંધા વગેરે માટે સલાહ-સૂચન કરી પોતે નિવૃત્ત થઈ રોજ પૌષધવ્રતને સ્વીકારે છે.

એક દિવસ શુભધ્યાનમાં વધતા વધતા તેને અવધિજ્ઞાન થયું. પોતાના નાનાભાઈનું આયુષ્ય અલ્પ જાણી તેને બોલાવ્યો.

"ધનદેવ ! મારા અવધિજ્ઞાનમાં મને તારું આયુષ્ય દસ દિવસનું દેખાય છે. પછી તારી જીવનલીલા સંકેલાઈ જશે. કુટુંબ-ધન-વૈભવ બધું અહીં પડ્યું રહેશે. કરેલી ધર્મની આરાધના સાથે આવશે. માટે સંસારમાંથી મન ઉઠાવી બને તેટલું પરભવનું ભાથું બાંધી લે."

ધનદેવે પણ ફોગટના સંકલ્પ-વિકલ્પ, હાય-વોય ન કરતાં જિનમંદિરોમાં અષ્ટાહ્નિકા મહોત્સવ કરાવ્યો. દીન અનાથોને છૂટે હાથે દાન આપ્યું. વેપાર-ધંધો પુત્રને સોંપી દીધો.

છેલ્લે દિવસે સંઘને-સંબંધીઓને ખમાવ્યા. ચાર શરણાનો સ્વીકાર કર્યો. કરેલાં દુષ્કૃતોની નિંદા-પશ્ચાતાપ, સુકૃતોની અનુમોદના કરી.

એજ સમયે ક્ષેમદેવ ત્યાં આવ્યો અને તેને કહેવા લાગ્યો કે "હે મિત્ર ! અકાળે મરવા શું કામ બેઠો છે. ? આરંભસમારંભમાં બેઠેલા ગૃહસ્થોને વળી અવધિજ્ઞાન કેવું ? બધી બોગસ વાતો છે. ફોગટ તે બધું છોડી દીધું છે, અને જો આ વાત સાચી નીકળે તો હું પણ તારા ભાઈની જેમ પૌષધવ્રતને સ્વીકારીશ."

તેજ દિવસે ધનદેવ નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતા કરતા સમાધિમરણને વર્યો, અને બારમા દેવલોકમાં સામાનિક દેવ તરીકે ઉત્પન્ન થયો.

આ બાજુ તેના દેહ પર તુષ્ટ થયેલા આજુબાજુના દેવોએ સુગંધી જલ-સુંદર પુષ્પોની વૃષ્ટિ કરી. તે જોઈને

પૌષધ ઉપર કંઈક શ્રદ્ધા કરતો ક્ષેમદેવ જ્યારે સમય મળે ત્યારે પૌષધગ્રહણ કરવા લાગ્યો.

એકવાર અષાઢ ચાતુર્માસમાં પૌષધવ્રતને ગ્રહણ કરીને રહ્યો હતો, તે વખતે રાત્રિમાં તૃષા લાગી. તેને સહન ન કરી શક્યો. આર્તધ્યાન કરવા લાગ્યો. આ પ્રમાણે અતિચાર લગાડીને મર્યો અને વ્યંતર યોનિમાં ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવીને અહીં ક્ષેમંકર તરીકે જન્મ્યો. પૂર્વે પૌષધમાં મૃત્યુ પામ્યો હોવાથી અહીં પૌષધનું નામ સાંભળતાં જ તેને દ્વેષ ઉભો થાય છે.

પૌષધવ્રતની આરાધના-વિરાધનાનું ફળ સાંભળીને પ્રતિબોધ પામેલા બ્રહ્મસેન શ્રેષ્ઠિ પૌષધવ્રતનો નિયમ લઈને ઘરે પાછા ફર્યા. મુનિ પણ નદીનાં પાણીની જેમ બીજે ચાલ્યા ગયા.

એકવાર રાજાનું અચાનક મૃત્યું થયું. તેને પુત્ર ન હોવાથી રાજા સ્થપાય તે પહેલાં જ સીમાડાના દુશ્મન રાજાએ તેના ઉપર ચઢાઈ કરી નગરને ખેદાન-મેદાન કર્યું.

શ્રેષ્ઠિ સપરિવાર ત્યાંથી નીકળી મગધદેશમાં જઈ આજીવિકા માટે કોઈ નાના ગામડામાં આવીને રહ્યા. એવામાં ચાતુર્માસ આવ્યું. ધર્માનુષ્ઠાનમાં રક્ત શ્રેષ્ઠિને પૌષધવ્રત યાદ આવ્યું. અને વિચારવા લાગ્યો કે, ''હું કેવો નિર્ભાગી છું. કેવું માયકાંગલું પુન્ય લઈને આવ્યો છું, કે ઇચ્છા હોવા છતાં પણ આરાધના કરી શકતો નથી. જિનમંદિર-સાધુ-સાધર્મિકથી રહિત અનાયતન જેવા સ્થાનમાં આવીને રહેવું પડ્યું છે. હે જીવ ! છેવટે પૌષધનો ધર્મ તો આચરી લે.''

પછી શ્રેષ્ઠિ પૌષધ ગ્રહણ કરીને ઘરનાં એક ખૂણામાં સ્વાધ્યાય-ધ્યાનમાં મગ્ન થાય. રાત્રે સંથારાપોરસી ભણાવી સૂઈ ગયા. એવામાં ચાર ચોરોએ આવી ખાતર પાડી ઘરને લૂંટવાનું શરૂ કર્યું. ઘણી સાવધાની રાખવા છતાં અવાજ થયો અને શ્રેષ્ઠિ જાગી ગયા. બધી હકીકત ખ્યાલમાં આવતા બૂમાબૂમ કે પ્રતિકાર ન કરતાં ઉઠીને પોતાનાં ધર્મધ્યાનમાં લાગી ગયા.

''હે જીવ ! જે લૂંટાઈ રહ્યું છે તે બધુ બહારનું છે - અનિત્ય છે. આમાંથી તારું કાંઈ નથી. કોઈ સાથે આવનાર નથી. તેથી તેનાં પર મમતા ન કરતો. તારા જ્ઞાન-દર્શન-ચારિત્ર રત્નને સંભાળજે, તે જ તારા છે. તે જ તને પરલોકમાં કામ લાગશે.''

ખાતર પાડવાનો અવાજ સાંભળીને ચલિત ન થઈ જવાય તે માટે મોટે - મોટેથી આ પ્રમાણે શ્રેષ્ઠિનાં મોંઢેથી બોલાતી વાણી સાંભળીને ચારે ચોરો વિચારમાં ચઢી ગયા.

''આ શ્રેષ્ઠિને ધન્ય છે ! આંખ સામે પોતાનું સર્વસ્વ લૂંટાવા છતાં નિસ્પૃહ થઈને ધર્મારાધના કરે છે. જરા પણ મમત્વભાવ રાખ્યો નથી. આનો જન્મારો સાર્થક છે. અધમ એવા અમે તો પૂર્વભવમાં પાપો કર્યા એટલે આ ભવમાં કશુ પામ્યા નથી અને પાછા આ ભવમાં પણ પાપી ધંધો કરીને પાપ જ બાંધીએ છીએ. આગળ અમારું શું થશે ? પાપી અધમ એવા અમારી શી ગતિ થશે ?''

આ પ્રમાણે ભાવનામાં ચઢતા જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું. પોતાનો પૂર્વભવ જોઈ લીધો. વૈરાગ્યવાસિત થયા એટલે દેવોએ તેમને સાધુવેષ આપ્યો. વેષ પહેરી સર્વ સાવદ્ય યોગની વિરતિરૂપ ચારિત્ર ગ્રહણ કર્યું.

એ જ સમયે સૂર્યોદય થયો. ચારેજણને સાધુવેષમાં જોઈ શ્રેષ્ઠિ આશ્ચર્યમાં પડી ગયા.

''પ્રભુ ! આ હું સ્વપ્ન જોઈ રહ્યો છું કે સત્ય ? ચોરી અને સાધુપણું બન્ને વિરુદ્ધવર્તન છે. મને કાંઈ સમજ પડતી નથી.''

''શ્રેષ્ઠિ ! સત્ય જ છે. અમારું વિરુદ્ધવર્તન જોઈ સૌ કોઈને આશ્ચર્ય થઈ શકે છે. તે માટે અમારો પૂર્વભવ સાંભળો.''

''તરૂમિણી નગરીમાં ક્રિયાકાંડમાં રક્ત કેશરી નામે બ્રાહ્મણ રહેતો હતો. તેને ચાર પુત્રો હતા. યમરાજનું તેડું આવ્યું એટલે પિતા ચાલી ગયા. પિતાના શોકથી અત્યંત વિહ્વલ થયેલ ચારે છોકરાઓ મનની શાંતિ માટે તીર્થોની યાત્રા કરવા નીકળ્યા. અનેક તીર્થોની યાત્રા કરતા આગળ વધી રહ્યા છે, તેવામાં ભૂખ-તરસના કારણે મૂર્ચ્છિત થયેલા એક મુનિને જોયાં. દયાથી પાણીનો છંટકાવ વગેરે કરી ભાનમાં લાવ્યા. યોગ્ય જાણી મુનિએ ધર્મનો ઉપદેશ આપ્યો. લઘુકર્મી એવા ચારે જણાએ મુનિનાં ચરણે જીવન સમપ્રર્યું. જ્ઞાન-ધ્યાન-તપ- ત્યાગની ધૂણી ધખાવી. પરંતુ વચ્ચે વચ્ચે પોતાની બ્રાહ્મણ જાતિ ઉંચી-પવિત્ર છે, એમ જાતિમદ કર્યો. અંતે તેની આલોચના કર્યા વિના કાળ કરી પ્રથમ દેવલોકમાં ઉત્પન્ન થયા. દેવતાઈ ભોગો ભોગવી, આયુષ્ય પૂર્ણ થયે કરેલ જાતિમદનાં કારણે ચોરકુલમાં જન્મ્યા. અત્યાર સુધીમાં ઘણાના ઘરો લૂંટયા અને પાપના પોટલા બાંધ્યા. પરંતુ આજે તમે અમારી આંખ ઉઘાડી દીધી. 'જાગ્યા ત્યારથી સવાર' એમ માની ભવજલતારિણી આ પ્રવજ્યા અમે સ્વીકારી.....''

ધર્મલાભ આપીને મુનિઓ ચાલી નીકળ્યા. બ્રહ્મસેને પણ લાંબા કાળ સુધી વ્રતનું પાલન કરી, યોગ્ય સમયે ચારિત્ર લઈ, કર્મો ખપાવી, અક્ષયપદને પ્રાપ્ત કર્યું.

આમ સતત આરાધનાના મનોરથો કરવા અને મનોરથ મુજબ આરાધના કરવી. અશક્યઅનુષ્ઠાનનો ડંખ રાખી, શક્યમાં વધુને વધુ પ્રવર્તન કરવું, એજ સાચી આરાધના છે, જે સ્વ-પર ઉભયને ઉપકારક બને છે. પોતાની વિધિચુસ્ત આરાધના અનેકને વિધિચુસ્ત બનાવે છે. અને વિધિમાર્ગના રક્ષણનો લાભ મળે છે. માટે દરેકે વિધિચુસ્ત આરાધના કરવી જોઈએ.

**(vi) વ્યવહારકુશળ :**

આપણું જીવન અનેકોની વચ્ચે છે. અનેકને એ સારા/નરસા આલંબનોનું કારણ બને છે. સારો વ્યવહાર બીજા જીવોને શુભભાવમાં કારણ બને છે, તેમજ શુભભાવોનો રક્ષક અને વર્ધક બને છે. જ્યારે ખરાબ વ્યવહાર સન્માર્ગે ચઢતા જીવને અવરોધરૂપ બને છે. શુભભાવોનો નાશ કરનાર બને છે. માટે બીજાની સાથે ક્યારે કેવો વ્યવહાર કરવો તે બાબતમાં કુશળ બનવું.

માર્ગાનુસારી/સમકિતી/શ્રાવક જોડે કેવો વ્યવહાર કરવો, કુટુંબના સંબંધી/ સ્નેહી તથા વડીલો/ આશ્રિતો/ વેપારી/ મિત્રવર્ગ સાથે કેવો વ્યવહાર કરવો અને કૃપણ/ ઉડાઉ/ ઉદાર/ નમ્ર/ ઉદ્ધત/ સરળ/ માયાવી/ ધનવાન/ નિર્ધન/ કહ્યું માનનાર/ કહ્યું ન માનનાર વગેરે ભિન્ન ભિન્ન સ્વભાવવાળા સાથે કેવો વ્યવહાર કરવો તે બાબતમાં કુશળતા ઘણા અનુભવથી આવે છે. માટે અનુભવ વડે વ્યવહારમાં કુશળ બનવું.

પ્રભુ વીરનાં ૧૪-૧૪ ચાતુર્માસથી જેની રજેરજ પવિત્ર-ધન્ય બની તે રાજગૃહી નગરી....

ક્ષાયિક સમ્યકત્વના ધણી-પરમ શ્રાવક શ્રેણિક મહારાજા.....

બુદ્ધિનિધાન-પાંચસો મંત્રીઓમાં મુખ્ય અભય કુમાર ......

એકદા મહિમંડલને પાવન કરતાં કરતાં પંચમગણધર સુધર્માસ્વામી રાજગૃહી નગરીમાં પધાર્યા.
રાજાસહિત માનવ મહેરામણ વંદન કરવા ચાલ્યો.
અવસર જાણી ગણધરભગવંતે મધુર-ગંભીર સ્વરે વાણી વહેવડાવી. ઘણા લોકોએ તેમાં સ્નાન કર્યું; યથાશક્તિ વ્રત-નિયમાદિ લઈને સૌ પાછા ફર્યા. પરંતુ એક કઠિયારો ત્યાં જ ઊભો રહ્યો.

''ભાગ્યવાન્ ! કંઈ કામ છે ? કંઈ પૂછવું હોય તો વિના સંકોચે પૂછ.....''

''પ્રભો ! કંઈ પૂછવું નથી. બીજુ કોઈ કામ નથી. આંપનાં ચરણોમાં જીવન સમર્પણ કરવાની એક માત્ર ઈચ્છા છે. આપની દેશનાએ મારા આત્માને જગાડ્યો છે. મન સંસારથી વિરક્ત થઈ ગયું છે. જો યોગ્ય જાણતા હો તો ભવોદધિતારિણીદીક્ષા પ્રદાન કરો.''

ગણધરભગંવતે યોગ્ય જાણી સંયમ આપ્યુ, અને વિધિ-આચારો શીખવવા માટે સાધુઓને સોંપ્યા.

એકવાર એક ગીતાર્થ સાધુ જોડે તે નૂતન મુનિ ગોચરી લેવા ગયા.

''અહા ! જુઓ તો ખરા ! કેટલા મહાન ત્યાગી આપણે ત્યાં પધાર્યા છે. શું એમણે ત્યાગ કર્યો છે !!

આપણા જેવાનું કામ નહિ હો ! પ્રચંડ પુરુષાર્થ કર્યો, લાખ-લાખ વંદન કરીએ તેમને.....'' આવા મશ્કરીયુક્ત વચનો લોકો બોલાવવા લાગ્યા.

નવા દીક્ષિત હોવાથી મર્મવેધક વાક્યો સહન ન થયા એટલે જ્યારે ગણધર ભગવંતે સંયમયાત્રા વિષે પૂછ્યું ત્યારે તેમણે કહ્યું કે, ''પ્રભુ ! જો બીજે વિહાર થાય તો સંયમયાત્રા બરોબર ચાલે. લોકોના ટોણા સહન નથી થતા. આર્તધ્યાન સતત ચાલ્યા કરે છે. માટે આટલો ઉપકાર થાય તો સારું.''

''વત્સ ! તમારા મનની સમાધિ થશે. આવતી કાલે જ આપણે વિહાર કરશું.''

એ જ સમયે વંદન માટે આવેલા અભયને ગણધરભગવંતે આવતી કાલના વિહારની વાત કરી.

''પ્રભુ ! એકાએક વિહાર કરવાનું શું કારણ ઉભું થયું ?'' વસતિ અયોગ્ય છે ? આહાર-પાણીની અગવડ છે ? લોકો તરફથી નિંદા થાય છે ? મારાથી શક્ય હશે તો પ્રભુ ! તે કારણ હું દૂર કરી દઈશ. આપ માત્ર મને જણાવો.''

ગણધરભગવંતે લોકોથી થતાં ઉપહાસની વાત કહી. પ્રભુ ! એક દિવસ રોકાઈ જાવ. હું બનતા પ્રયત્ને તેને અટકાવી દઈશ. જો ન અટકે તો પછી આપની ઇચ્છા મુજબ કરશો.

ગણધરદેવે એક દિવસ રોકાવા સંમતિ આપતાં રાજમહેલમાં આવી અભયકુમારે ખજાનામાંથી રત્નો કાઢી નગરનાં મધ્ય ચોકમાં તે રત્નોનાં ત્રણ ઢગલાં કરાવડાવ્યા.

''સાંભળો પ્રજાજનો ! ખુશ થયેલા શ્રેણિકમહારાજા આ ત્રણ ઢગલાં આપવા માટે તૈયાર છે આવી આવીને લઈ જાવ.'' આ પ્રમાણે નગરમાં ઘોષણા કરાવી.

મફતનો માલ કોણ છોડે ? આખું નગર ત્યાં ભેગું થયું. તે સમયે અભયે વાતનો ઘટસ્ફોટ કરતાં કહ્યું કે ''આ જેને જોઈએ તે ખુશીથી લઈ જાય; પરંતુ ઘેર ગયા પછી તેણે જીંદગીભર પાણી-અગ્નિ અને સ્ત્રીનો સ્પર્શ કરવાનો નહિ. જેને તે વાત મંજૂર હોય તે લઇ જાય.''

શરત સાંભળીને લોકો સ્તબ્ધ થઈ ગયા. સૌ એક-બીજાના મોઢા જુએ છે. કોઈ લેવા તૈયાર થતું નથી.

ઘણા સમય સુધી એમને એમ પડી રહ્યા, એટલે ગુસ્સે થઈને અભયકુમાર બોલ્યા, ''કેમ કોઈ તૈયાર થતું નથી ? હવે ખબર પડી કે આ ત્રણ ચીજ પણ છોડવી કેટલ કઠીન છે. તો પેલા મહાત્માએ (કઠિયારાએ) તો આખા સંસારનો ત્યાગ કર્યો છે, તેમની મશ્કરી કરતાં શરમ નથી આવતી ? ક્યા મોઢે તેમની નિંદા કરો છો ?'' લોઢું તપેલું જોઈ ઘા માર્યો.

અભયકુમાર સાથે બધા લોકો ઉપાશ્રયમાં ગયા. મુનિને વંદન કરી પોતે કરેલ મશ્કરી-નિંદાની ક્ષમા માંગી, અને સૌ પોતપોતાના ઘરે પાછા વળ્યા.

આ પ્રમાણે શક્તિ-બુદ્ધિ સંપન્ન શ્રાવકોએ શાસનની થતી હીલના-અપભ્રાજના અટકાવવી જોઈએ.

આ છ લક્ષણોથી આત્મા ભાવશ્રાવક બને છે. માટે ભાવશ્રાવક બનવા ઉપરોક્ત છ લક્ષણોથી યુક્ત બનવા પ્રયત્ન કરવો જોઈએ.

✪ ✪ ✪

## પૂજ્યપાદશ્રીનો સાત્વિક-તાત્ત્વિક સાહિત્ય ખજાનો

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત |
|---|---|---|
| (૧) | ભાવનાનું ઉદ્યાન | ૧૩.૦૦ |
| (૨) | ચલો શાંતિ કે ઉપવન મેં | ૧૦.૦૦ |
| (૩) | ચિત્ત સૌંદર્ય | ૮.૦૦ |
| (૪) | દર્શન સુધા | ૨૮.૦૦ |
| (૫) | પંચસૂત્ર સ્વાધ્યાય | ૧૦.૦૦ |
| (૬) | કર્મકલંક કો દૂર નિવારો | ૧૧.૦૦ |
| (૭) | ચિંતન - ચંદરવો | ૧૨.૦૦ |
| (૮) | વહે મીઠી વાણી | ૧૨.૦૦ |
| (૯) | હીરો એક પાસા અનેક | ૩૦.૦૦ |
| (૧૦) | ગુરુવંદન - પચ્ચકખાણ ભાષ્યના રહસ્યો | ૧૦.૦૦ |
| (૧૧) | એક ઉડ્ડયન મુક્તિ ભણી | ૧૪.૦૦ |
| (૧૨) | શ્રાવકજન તો તેને કહીએ | ૧૨.૦૦ |